કુમાર

અંક ૪૦

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ



વર્ષ ૪ : અંક ૪ ચૈત્ર : ૧૯૮૩



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે. **લવાજમ** વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



જુઓ પાનું ૧૭૧મું

'કુમાર'ના ચૈત્ર ૧૯૮૩ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૪ :: ચૈત્ર ૧૯૮૩

શિક્ષણ

કેવળ ભાષા અને આંકડાઓનું રગશિયું ભણતર એનું નામ શિક્ષણ નહિ. કામકાજ વિનાનું બેઠાડુપણું એ પણ શિક્ષણ ન કહેવાય. લાગણી વિનાની લુખ્ખી હકીકતોના થોકડા એટલે પણ શિક્ષણ નહિ.

ત્યારે શિક્ષણ એટલે શું ?

શિક્ષણ તો માના ધાવણ જેવું હોય: કુદરતી, સંસ્કારેલ, ઊર્મિભર્યું, અને દેહ તથા આત્માનું પોષક;—જે માણસના શરીરને ઘડી સુબદ્ધ કરે, ચિત્તને કેળવી સ્વસ્થ બનાવે, હૃદયને વિકસાવી સંસ્કાર આપે અને આત્માને ઉન્નત કરે.

સાચું શિક્ષણ માણસમાં સંયમ અને શ્રદ્ધા પ્રગટાવે, તેમાં સ્વાશ્રય અને આત્મબળ રોપે અને જ્વલંત ચારિત્ર્યનાં ઓજસ પુરે.

સંસારના ઝંઝાવાતો સામે દૃઢ રહી ટક્કર ઝીલવાનું જે બળ આપે, જીવનને ઉન્નત બનાવવાની જે પ્રેરણા પાય, જે આદર્શનો અખંડ દીપ અંતરમાં જળતો રાખે, અને અંધકારનાં આવરણ તથા પરવશપણાનાં બંધનો તોડી નાખી મુક્ત અને સ્વતંત્ર જીવન જીવવાનું જોમ પ્રગટાવે તે જ ખરૂં શિક્ષણ. એ રીતે. શિક્ષણ તો પ્રેરણાશક્તિ, ભાવનાબળ અને સ્વાતંત્ર્ય-સિદ્ધિનું કેન્દ્ર હોય.

બધું સમેટી લઇને કહીએ તો, માણસને પૂર્ણ મનુષ્ય તરીકે જીવવાની જે કળા શીખવે તે જ ખરૂં ને અણીશુદ્ધ શિક્ષણ. અને આવું શિક્ષણ જે દહાડે મળતું થશે તે દહાડે તો હિંદ-સ્વરાજની નોબત દિશાઓ ભરીભરીને ગડગડતી હશે.

દેશળજી પરમાર



ગયા અંકમાં વાંચનારાઓને મિજલસમાં પધારવા ખુબ આગ્રહપૂર્વક લખ્યું ત્યારે ત્રણેક ભાઇઓના પત્રો આવ્યા છે.

નવસારી પાસેના ધામણ ગામથી એક ભાઇ લખે છે કે 'મિજલસમાં નાસ્તાપાણીની લાલચ હોત તો કુમારો ખુબ ભાગ લેત. તેમને કવિતા અને રસ માણવાં છે પણ તે ઉત્પન્ન કરવા યોગ્ય જીવન ઘડવાનું આકરૂં લાગે છે. તેમને બીછાનામાં પડયાંપડયાં કલાપિનો 'વૃદ્ધ ટેલિયો' કે વીરરસનાં કાવ્યો વાંચી આનંદ મેળવવો છે, પણ કમર કસી જીવનનાં યુદ્ધમાં ઉતરવું નથી, અથવા ગરીબોનાં ખરાં દુઃખ તપાસવા નીકળવું નથી.' આવી મતલબવાળું તેમનું લાંબું લખાણ અહીં ટુંકામાં રજુ કર્યું છે. ગુજરાતમાં આવો એક વર્ગ હશે એ હું કબુલ કરૂં છું પણ બારડોલી તરફ રાનીપરજની સેવામાં ફુતરેલા ફુટતી જુવાનીવાળા કુમારોનાં કામ એમને છાયામાં નાખી દેશે. બાલ સેવામંડળના ઉગ્ર સેવકો મુંબઇ, સુરત કે અમદાવાદનાં ખાનદાન ઘરનાં નબીરા છે.

આ સિવાય એક ત્રીજા વર્ગનો જુવાન છે જેને વિલાસ કરવાનું સ્વપ્નું યે નથી, તેમ સેવા કરવાની તાકાત કે તક નથી. તેની ખરી હકીકત રજુ કરતો પત્ર આ રહ્યો:

'હું——ગામનો રહેવાસી છું. મારા પિતાશ્રી કાઠિયાવાડમાં એક ગામમાં મુખ્ય શિક્ષક છે. અમે કુટુંબમાં બહોળાં છીએ. પંતુજી ખાતાના વિસ્તારી કુટુંબવાળા નોકરોની સ્થિતિનું બ્યાન આપ જાણતા જ હશો.

હું અહીં એક ભાડુતી ઓરડી રાખી હાથે રસોઇ કરી ભણું છું. તાજેતર પરીક્ષામાં પાસ થઈ મૃત્યુક્લેશ (મૅટ્રિક્યુલેશન) ના વર્ગમાં આવ્યો છું.

મારા શરીરનો બાંધો ઘણો જ ખરાબ છે. મારાથી નાની ઉમરના છોકરાઓમાં મારાથી વિશેષ બળ જોઇને મને અત્યંત ખેદ થાય છે–મારૂં જીવન ધુળ સમજું છું. કોઇકોઇ વખતે અબળખાથી હું પથારીમાં પડ્યોપડ્યો છાતીફાટ રડું છું. યુજેન સેન્ડોનો લેખ મેં 'કુમાર'માં વાંચ્યો ત્યારે મારી મનોદશા પલટાઇ ગઈ. મેં ઔર દિશામાં આશાઓ દોડાવી; પરંતુ હું એવા વાતાવરણમાં ઘેરાએલો છું કે એ પ્રવૃત્તિનો લાભ મનગમતા સમય સુધી લઈ શકતો નથી. હાથે રાંધવું, ભારરૂપ પાશ્ચાત્ય કેળવણી સાથે શિક્ષકોની રૂઆબભરી સતામણી અને આર્થિક દબાણ વગેરે એ આનંદના મેદાન તરફ જતાં વાટમાં જ રસ્તો રોકી રહ્યાં છે, જે મને અટકાવે છે. હું લાચારીથી પાછો વળું છું અને પોષ '૮૪ના 'કુમાર'માં આવેલા કાર્ટૂનનો ચિતાર મારી આંખ સમક્ષ ખડો થાય છે. ...મને લાંબીલાંબી આશાઓ છે; પણ એ ફળશે કે કેમ તે વિષે શંકા છે.... હિંદની સ્થિતિ ઘણી જ કફોડી છે, હિંદમાં કોઇ ગરીબ વિદ્યાર્થી બહાર પડવા ઈચ્છતો હોય તો તે તેમ નથી કરી શકતો. બીજા દેશોમાં જોઇએ છીએ કે ત્યાંના લોકો ચીંથરેવીંટયાં રત્નોની શોધ ચાલુ રાખે છે અને તેને દરેક રીતે મદદ કરી બહાર લાવે છે.

લિ. આપનો——'

આ ભાઇનો પત્ર વાંચી તેને માટે મને ખુબ લાગણી થાય છે; પણ જ્યારે એ ભાઈ, સમાજમાંથી કોઇ આવીને ચીંથરેવીંટયા રત્નની પેઠે તેમને શોધી કાઢે તેની રાહ જોતા દેખાય છે ત્યારે તેમની મનોદશા માટે શોક થાય છે. બહાર પડવાનો અર્થ મોટો હોદ્દો મેળવવો કે મહાન લેખક યા કવિ થવું એટલો જ હોય તો તેમાં થોડો ભ્રમ થાય છે. બહાર આવેલાં માણસોએ જીવનમાં કદિ ધાર્યું નથી હોતું કે તેઓ અમુક વખતે અમુક રીતે લોકોમાં જાણીતા થશે. કીર્તિ એમના સતત્ ઉદ્યોગનું અને સત્કાર્યનું કુદરતી પરિણામ છે. કીર્તિ મળે કે ન મળે તો પણ તેઓ તો તેમના જીવન-ધ્યેય તરફ હમેશાં મથતા જ રહેવાના. માણસ વાંચ્છના તો કરે છે; પણ તે સિદ્ધ કરવા તે જે ક્રિયાઓ આદરે છે તેમાં જ તેના પુરુષાર્થનું ખરૂં દર્શન થાય છે અને એ જ તેના પરિણામની આગાહી આપે છે.

દરેક ઉગતા માનવે ચોક્કસ માની લેવું કે તેના જીવનનો વિધાયક તે પોતે જ છે. કોઈ બીજું મનુષ્ય કે દૈવી શક્તિ તેને ઉચકી મનગમતે સ્થાને મુકી દેવાની નથી. તેણે પોતે જ મરીને, કપાઇને પોતાનો ગરાસ મેળવવાનો છે. જીવનની ગમે તે દશા તમે ભોગવતા હો, પણ એક વાર આટલું નક્કી કરીને જાતે જ બને એટલા પ્રયત્નો કરવા માંડશો તો નિરાશાનાં વાદળાં વિખરાતાં જોશો. તમારા જીવનની નિરાશાની બાજુ પર વારંવાર જોયા ન કરતા. નીરાંતે એકાંતે બેસી તમારા જીવનની આશાદાયક બાબતો તપાસો અને તેના જ વિચારો વધારો. થોડા જ વખતમાં તમને જણાશે કે કોઇ જાદુઇ રીતે તમે તમારી આશાઓનાં કિરણો ફુટતાં જોઈ રહ્યા છો, નહિ ધારેલા રસ્તા તમને જડવા લાગ્યા છે, અનુકુળ માણસો મળવા લાગ્યાં છે. માત્ર વિચારની દિશા સાચવો અને તે અનુસાર ક્રિયાઓ આદરો.

પોષના અંકમાં પ્રગટ થએલી ભૂમિતિની આકૃતિઓ ગોઠવવાની હરીફાઈમાં પચીસ-પચીસ ઈનામો રાખ્યાં છતાં પાંચ કે છ જણે તકલિફ લઇ એ હરીફાઇનું વંધ્યત્વ ટાળ્યું! હજારો વાંચનારાઓમાંથી આટલા જ જણા આવી રસમય રમતમાં ભાગ લે એ શું સૂચવે છે? કે આપણે ફુરસદના વખતમાં પણ ક્રિયાત્મક ઉદ્યમ કરવા નથી ઇચ્છતા. કાતર લઇ, કાગળો કાપી, ભૂમિતિના આકારોનો પરિચય કરવા કરતાં વેઠના દાખલા કરવાનું વિદ્યાર્થીઓને ગમે છે; પણ તેઓને ખ્યાલ નથી કે ગણિત, ઍલ્જિબ્રા કે ભૂમિતિ, માણસોની ક્રિયાત્મક રમતોમાંથી જ ઉત્પન્ન થયાં છે અને એ રમતો કરવાથી ગણિત, ઍલ્જિબ્રા કે ભૂમિતિ સરળ રીતે સમજવાની દૃષ્ટિ મળે છે.

જાન જાય પણ ઈમાન ન જાય, ગરીબાઈ ભલે આવે, પણ નૂર ન ગુમાવાય, મહેનત ભલે કરવી પડે પણ અન્યાયનો રોટલો ન જ ખવાય, એવો સ્વભાવ તે મરદાની સ્વભાવ.

- કાલેલકર

નામોશી*

જરા વિચિત્ર લાગશે, પણ કોઇ પણ માણસનું ચારિત્ર્ય સંપૂર્ણ તો ત્યારે જ થએલું કહેવાય, કે જ્યારે તેની થોડી યા ઘણી નામોશી થઇ હોય. કેમકે, બીજાઓ પોતાની બદગોઇ કરે તથા નામોશી લગાડનારૂં બોલી ધિક્કાર બતાવે એવે સમયે તે કેવું વર્તન રાખે છે તે ઉપરથી જ તેની ખાનદાની કે ચારિત્ર્યનું ઘડતર જણાઇ આવે છે.

કોઈ આપણી નાલેશી કરે છે એમ જાણવું એ છે તો કડવું; પણ કડવા ઓસડ જેવું છે, જે પાછળથી તો ગુણ જ કરે છે.

કહેવાય છે કે જીંદગીની અનેક નાનીમોટી હારથી, નાસીપાસીથી કે પોતાને શરમ ઉપજાવે એવી વસ્તુઓના બનવાથી માણસનો આત્મા કચડાઇ જાય છે. પણ એ તો નાના માણસનો આત્મા. ખરી રીતે તો એવા બનાવો જ માણસને મહાન બનાવે છે.

ચાળીસ વરસની વયે પહોંચેલો એવો એકાદ તો ચારિત્ર્યશાળી માણસ શોધી કાઢજો, જેને જીંદગીમાં કોઈ ને કોઈ પ્રકારે સખત ફટકા ન ખાવા પડ્યા હોય. એવા સખત ફટકા જ માણસના ચારિત્ર્યનું ઘડતર ઘડે છે. હથોડાના ઘા ખાધા વિના ધાતુના સુંદર આકારો ઘડાતા નથી; ટીપણીના ઘા પડ્યા વિના વાસણો પાકાં થતાં નથી. માણસના ચારિત્ર્યને ઘડવાને અને પાકું કરવાને માટે જીવનના ફટકા જરૂરના છે. એજ તેને મહાન બનાવે છે.

જુના વખતના સાધુ પુરુષો, લોકોના ધિક્કારને નમ્રતાપૂર્વક સ્વીકારી લઇને તેને સંત બનવાના એક સાધન તરીકે માની લેતા હતા તે જાણીને પહેલાં મને નવાઈ લાગતી હતી; પણ દુનિયાનો અનુભવ લીધા પછી હવે મારી ખાતરી થઈ છે કે તેઓ ખરા હતા; કેમકે પોતાની નામોશી થતાં માણસ ફરજિયાત પોતાના દોષો જાણી શકે છે. અને પોતે નક્કી કરેલો માર્ગ બરોબર છે કે નહિ, તથા પોતાની માન્યતાઓ પ્રામાણિક છે કે નહિ તે જાણવાની તેને તક મળે છે.

આપણો ખરો દોસ્ત તો આપણો તે દુશ્મન જ છે, જે આપણને અણગમતી વાત આપણા મોં પર ઝાડે છે અને આપણા દુર્ગુણને વીણીવીણીને બતાવે છે. ત્યારે જ આપણે જેવા હોઇએ છીએ તેવા આપણી જાતને સ્પષ્ટ દેખાઇએ છીએ.

બહુ લોકો તમારૂં વાંકું બોલે, તમને ઠપકો આપે, તમારી નામોશી કરે અને તમારી વિરુદ્ધ જાતજાતનાં જુઠાણાં ફેલાવી તમને હેરાનહેરાન કરી મુકે ત્યારે તમે અવશ્ય ખુશ થજો; ખુબ ખુશ થજો. કેમકે ખરૂં અપણાપણું જાણવાની એ જ તક છે. જગતની શરૂઆત થઇ ત્યારથી દરેક પ્રામાણિક અને બહાદુર આત્માની સાથે દુનિયા આ જ જાતનો વર્તાવ કરતી આવી છે; અને આવી જ તકોમાંથી એમણે પોતાનાં દોષોનું દર્શન કરી ચારિત્ર્ય ઘડ્યું છે.

નામોશી આપણા દોષો બતાવે છે; દોષ જોવાથી આપણે નમ્ર બની જઇએ છીએ, અને નમ્રતા જ માણસનું ચારિત્ર્ય મજબુત બનાવે છે.


જેટલી આપણામાં મગરૂરી, તેટલી આપણી નબળાઇ. નામોશી માણસની મગરૂરીને તોડી પાડે છે. એટલે આપણી નામોશી કરનારા આપણા અદેખા 'દુશ્મનો'ની સંખ્યા જેટલી મોટી તેટલું આપણા લાભમાં જ સમજવું.

દુનિયા આખી પોતાની સામે ડોળા ઘુરકતી ખાઉંકરડું કરતી બની ગઈ હોય અને પોતે તે સમયે એક માત્ર પરમેશ્વર પર શ્રદ્ધા રાખી બેઠો હોય એ ઘડી માણસના જીવનની ઉમદામાં ઉમદા ઘડી છે.

બહેરામ ન. ખંભાતા

* અમેરિકાના જાણીતા લેખક ડૉ. ફ્રૅંક ક્રેઈન ત્યાંના એક પત્રમાં Daily Tonic Talks ના મથાળા હેઠળ સામાન્ય રીતે ઉપયોગી થઇ પડે તેવા મનન કરવા જોગ ફકરા લખે છે. આ તરફના વાંચકોને પણ તે રસભર્યા થઈ પડશે એમ સમજી ઉપર એક આપ્યો છે.

સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય



'જુવાન' ડોસો

'જુવાન' ડોસો! આ તે વળી ક્યાંની વાત! છતાં આજે આપણે એવી એક વ્યક્તિની ઓળખાણ કરવી છે.

પાકટ અવસ્થામાં પણ વીસ વર્ષના જુવાનને શરમાવે એવું શરીરબળ: 'આસ્તે કદમ' નહિ, પણ વીજળીની પેઠે ચમકારા મારતી ઝડપથી વહેતી શક્તિ અને સ્ફૂર્તિ; નિવૃત્તિમા માખણ જેવાં સ્નિગ્ધ, પણ પ્રવૃત્તિમાં પોલાદી તારના દોરડાં જેવાં દૃઢ અને અભેદ્ય સ્નાયુ: છલંગ મારવા ગુંચળુ વળી તૈયાર થએલા નાગ કે ચાવી આપેલી ઘડિયાળની કમાન પેઠે એકત્રિત શક્તિને લીધે ઉછાળા મારતી પણ દબાતી ચાલ:—આ બધું જેનામાં હોય તેનું નામ 'જુવાન' ડોસો.

આ સાથેના ચિત્રમાં શ્રી ભગવાનદાસ ધનજી વીરજીઆણી આવી જુવાની ભોગવતા 'જુવાન' ડોસા છે. ભાટિયા જ્ઞાતિના આ બુઢ્ઢા કાકાનું વય ૬૩ વર્ષનું, ઉંચાઇ ૫ ફુ. ૪ ઈં. તથા વજન ૧૪૦ રતલ છે. નાનપણથી સાધારણ શરીર-સંપત્તિમાંથી પણ દંડ, બેઠક, ડંબેલ્સ, રબર સ્ટ્રૅન્ડઝ, વગેરે ભિન્નભિન્ન પદ્ધતિઓના વ્યાયામથી એમણે પ્રાપ્ત કરેલી શક્તિનું ફળ. આટલી ઉમરે પણ છપ્પન રતલનાં પિત્તળનાં ડંબેલ્સ વિવિધ પદ્ધતિથી ફેરવવાની સશક્ત અવસ્થા રૂપે આવ્યું છે. તેઓ જીંદગી આખી અપરિણિત જ રહ્યા છે. વૃદ્ધાવસ્થા અને રોગાદિ ઉપર બ્રહ્મચર્ય અને વ્યાયામથી મેળવી શકાતા સ્વામિત્વની એ મૂર્તિમતી કલ્પના છે. શ્વેત કેશધારી એમના શરીરની સુરેખ અવસ્થા જુવાનને પણ ઇર્ષ્યા કરાવે છે. ચરબી અને નિર્બળતાથી લટકી પડતી ચામડી અને માંસના લોચાની જગ્યાએ સરળ તથા ઘાટવાળા ખભા, પેટ અને પગ, એમના શરીરમાં રહેલી સંચિત શક્તિનાં ભારે સૂચક છે. લોહસ્તંભ જેવી ગરદન દૃઢતા અને વિચાર-બળની સાક્ષી પુરે છે. ટુંકમાં, આટલી ઉમરે પણ એમના શરીરમાંથી નિર્બળતાની દુર્ગંધ વહેતી નથી. આવા 'જુવાન' ડોસાને જોઈ, આપણા 'ઘરડા' જુવાનો કંઇ શીખશે કે?

આર્ય હનુમાન

હનુમાન!—હનુમાનનું પ્રથમ સ્મરણ થતાં તેના અપરિમિત બાહુબળનું—પરાક્રમનું સ્મરણ થાય છે. ફળ માની સૂર્યને પકડવા દોડતા બાળક મારુતિની મૂર્તિ; સો યોજનના વિશાળ સમુદ્ર પર ઉડતી મહાકાય હનુમાનની મૂર્તિ; લંકાના ઘેરામાં શરીરની દરકાર કર્યા વિના ચોદશ ધુમતી અને દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ભીષણ તાંડવ કરતા તથા ભંગાણ પાડતા રુદ્રના જેવી રાવણના રણયજ્ઞમાં ઉછળી ઉછળીને ગાજતા વજ્રકાય હનુમાનની મૂર્તિ; દ્રોણ પર્વતને ઉપાડી આકાશમાર્ગે વાયુવેગે ધસી આવતી મહાપરાક્રમી મૂર્તિ;—એમ અનેક મૂર્તિઓ એક પછી એક દૃષ્ટિ સમક્ષ ઉભી થાય છે.

હિન્દુસ્તાનમાં લોકો શક્તિના ભુખ્યા થયા અને શક્તિપૂજાનું પ્રાબલ્ય થયું તેની સાથે હનુમાનના અંગબળ પર ભાર દેવાયો, મારુતિ હનુમાન તે બજરંગ બલી—બલભીમ બન્યો અને ભૈરવ ચામુંડાની સાથે હનુમાનની પણ શક્તિમાર્ગના દેવતામંડળમાં સ્થાપના થઇ. વજ્રકાય બાળબ્રહ્મચારી હનુમાન પાસેથી જારણ, મારણ, ઉચ્ચાટન અને વશીકરણ જેવી અભદ્ર સિદ્ધિઓની યાચના થવા લાગી. પણ રામદૂત હનુમાન આ સ્થિતિમાં ઝાઝા દિવસ સુધી રહે એમ ન હતું. થોડાજ દિવસમાં મારુતિઉપાસના વિશુદ્ધ થઇ અને બ્રહ્મચારી વીરોમાં અને પહેલવાનોમાં જ તે પ્રિય થઇ પડી. હનુમાન એટલે માત્ર અંગબળ નહોતું. એકલું અંગબળ કદિ સાર્વત્રિક પૂજાને પાત્ર ગણાયું નથી. એકલા શરીરસામર્થ્યે કોઇ દિવસ સમસ્ત રાષ્ટ્રના હૃદયમાં ચેતન સ્ફુરાવ્યું નથી. હનુમાનનું જેણે માત્ર બાહુબળ જ જોયું છે તેણે હનુમાનના પ્રતિભાશાળી વ્યક્તિત્વનો એક અલ્પ અંશ માત્ર નિહાળ્યો છે.

ઋષ્યમૂક પર્વતની

મનોજવં મારુતતુલ્યવેગં
જીતેન્દ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠમ્
વાતાત્મજં વાનરયૂથમુખ્યં
શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે

રામાયણ એ ભારતવર્ષના વ્યક્તિગત અને સામાજિક આદર્શોનું સંગ્રહસ્થાન છે; ભારતવર્ષનું પ્રાણસર્વસ્વ એમાં રેડાએલું છે અને ભારતવર્ષે પુરુષાર્થની પોતાની કલ્પના એની અંદર પુરેપુરી ગુંથી દીધી છે. તેથી, આજે મુળ રામાયણને રચાયાને શતાબ્દિઓ વહી ગયા છતાં રામાયણની કથા જીવન્ત છે, રામાયણની પ્રતિભા અક્ષય્ય છે અને એમાંથી ભારતવર્ષનાં સ્ત્રીપુરુષ આબાલવૃદ્ધ સૌને નિરંતર પ્રેરણા મળ્યાં જ જાય છે. આદર્શ પુત્ર, આદર્શ ભાઇ, આદર્શ સ્ત્રી, આદર્શ શત્રુ, સર્વનાં ચરિત્રની કથા આજ પણ ભારતવાસીઓના કર્ણમાં ગુંજી રહે છે અને તેમનાં હૃદય પુનિત કરે છે. રામનાં સત્યનિષ્ઠા અને પ્રજારંજન, લક્ષ્મણનાં બ્રહ્મચર્ય અને સેવાભાવ, ભરતની ત્યાગવૃત્તિ અને નમ્રતા, સીતાની પતિભક્તિ અને તેજસ્વિતા, ઊર્મિલાનાં તિતિક્ષા અને આત્મવિલોપન, કૌશલ્યાનો પુત્રપ્રેમ, વિભીષણની ન્યાયનિષ્ઠા, ગુહની મિત્રભક્તિ—એ સૌનું સ્મરણ દરેક ભારતવાસીના હૃદયને ઉન્નત કરી તેમાં ઉદાત્ત ભાવના પ્રેરે છે અને રામાયણનો યશ ચિરસ્થાયી કરે છે.

પુત્ર, ભ્રાતા, સ્ત્રી, માતા, એ સૌથી વધારે નહિ તો તેટલું જ મહત્ત્વનું સ્થાન ગૃહસંસારમાં સેવકનું—સચિવનું છે. રામાયણનો—હિન્દુ સંસારનો આદર્શ સેવક—આદર્શ સચિવ મારુતિ હનુમાન છે. રામાયણાકાશનાં તેજસ્વી નક્ષત્રોમાં હનુમાનનું તેજ અનેરૂં છે; એની દીપ્તિ જ્વલંત છતાં સૌમ્ય છે; આંખને ભરી નાખતી નથી.

નજીકીમાં રામ લક્ષ્મણની સાથે હનુમાનનો પ્રથમ મેળાપ થયો ત્યારે જ તેની વિશુદ્ધ, કલ્યાણી, હૃદયહર્ષિણી વાણીથી, બુદ્ધિચાતુર્યથી અને આર્જવથી પ્રસન્ન થઇને આખા સંવાદને અન્તે રામે લક્ષ્મણને કહ્યું હતું, "આણે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ–ત્રણેનું અધ્યયન અને વ્યાકરણનો અભ્યાસ કર્યો જણાય છે. બહુ વ્યાહરતાનેન ન કિંચિદપશબ્દિતમ્."

અશોકવનમાં સીતાની સાથે વાત કરવાનો પ્રસંગ આવ્યો ત્યાં તેને સંસ્કૃતમાં બોલવાનું મન થઇ આવ્યું હતું, પણ સીતા એને રાવણ માનીને ડરી જાય અને બુમ પાડી ઉઠે એ ભયથી એ લાલચ તેને દબાવી દેવી પડી હતી. સમુદ્રકિનારે જાંબુવાને પણ એનાં વિદ્વત્તા અને ચાતુર્યની પ્રશંસા કરી હતી.

પણ આદર્શ સેવકના ગુણોની પર્યાપ્તિ એકલા શરીરબળથી કે બુદ્ધિચાતુર્યથી થતી નથી. સેવકમાં જે અઢળ સ્વામિભક્તિની જરૂર છે તે હનુમાનમાં પુરેપુરી હતી. વાલિના ભયનો માર્યો બળ્યોજળ્યો સુગ્રીવ વનેવન રવડતો હતો; આખી પૃથ્વી ઢુંઢી વળ્યો છતાં વાલિના ભયથી સુરક્ષિત એવું સ્થાન તેને ન જડયું. હનુમાનથી મિત્રનું આ દુઃખ ન જોવાયું. કિષ્કિન્ધાનાં સુખ છોડીને તે સુગ્રીવને જઇ મળ્યો, તેને વાલિથી સુરક્ષિત એવી મતંગ ઋષિના આશ્રમની જગ્યા બતાવી અને સુગ્રીવની સાથે રહેવા લાગ્યો. આ નિઃસ્વાર્થ સેવકની વફાદારી જીંદગીભર કાયમ રહી. હનુમાનની સરદારી નીચે સીતાની ખોળમાં દક્ષિણ દિશાએ નીકળેલી ટુકડી રસ્તામાં ભુલી પડી અને એક માસની મુદત વહી ગઈ, ત્યારે ઉગ્રશાસન સુગ્રીવના દંડના ભયથી વાનરોમાં પાછા ફરવાની હીંમત રહી નહિ. અંગદને રાજા બનાવી અરણ્યમાં રાજ્ય સ્થાપવાનું કાવતરૂં રચાયું અને અંગદ તેમાં ભળ્યો. પણ સ્વામિભક્ત હનુમાનથી આ સહન ન થયું. તેણે ભેદનીતિનો પ્રયોગ કરી કાવતરૂં ફોડયું અને વાનરોને ઉત્સાહયુક્ત કર્યા.

વફાદાર છતાં હનુમાન હાજીહા કરનાર નહોતો. સુગ્રીવને પ્રસંગ પડયે કડવી સલાહ આપતાં પણ તે અચકાતો નહિ. સુગ્રીવના રાજ્યાભિષેક પછી આખું કિષ્કિન્ધા વિલાસની ગાઢ નિદ્રામાં પડયું ત્યારે હનુમાન એકલો જાગ્રત હતો. એની ચકોર આંખો પરિસ્થિતિનું અવલોકન કરતી હતી. લક્ષ્મણ સુગ્રીવને ચેતવણી આપવા આવ્યો, ત્યાર પહેલાં ઘણા વખત પર હનુમાને સુગ્રીવને તેના વચનની યાદ દેવડાવી કાર્યમાં પ્રવૃત્ત કરવા પ્રયત્ન કર્યો હતો. લક્ષ્મણ ક્રોધાવિષ્ટ થઇને આવ્યો ત્યાં સુધી સુગ્રીવની ઉંઘ ઉડી નહોતી. હનુમાને તેને ઢંઢોળીને ઉઠાડયો અને એક મોટી આફતમાંથી તેને ઉગારી લીધો.

રામના પ્રથમ દર્શને જ હનુમાનની વીરપૂજાની વૃત્તિએ તેના હૃદયમાં રામભક્તિની પ્રબળ ભાવના ઉત્પન્ન કરી. સુગ્રીવનો દૂત તે રામનો દૂત બન્યો. હૃદયમન્દિરમાં સુગ્રીવની જગ્યાએ રામની મૂર્તિની સ્થાપના થઇ. સીતાની શોધ કરીને હનુમાને દૂતત્વની પોતાની લાયકાત સિદ્ધ કરી અને રામનો માનીતો બન્યો. છતાં હનુમાનની વિવેકબુદ્ધિ ગર્વથી અસ્પૃષ્ટ હતી.

જ્યાં સર્વની ગતિ કુંઠિત થઇ જાય ત્યાં હનુમાનની બુદ્ધિ ઝડપથી ધસી જતી અને ગમે તેવાં સંકટમાં પણ રસ્તો કાઢતી. છતાં પરાક્રમના ઉત્સાહના વેગથી એણે બુદ્ધિને કલુષિત થવા દીધી નથી. અશોકવનમાં ઝાડ પર બેઠાંબેઠાં એને રાવણ જોડે યુદ્ધ મચાવવાનો, રાક્ષસકુળનું નિકંદન કરવાનો ને અશોકવનને રંજાડવાનો ઉત્સાહ ઉછળી આવ્યો હતો. એના જેવા પરાક્રમશાળીને માટે શૂરાતન દાખવાનો પ્રસંગ જતો કરવો એ મુશ્કેલ હતું; છતાં એની નિત્યજાગ્રત કર્તવ્યબુદ્ધિએ ઉત્સાહના વેગને રોકયો અને રામનું કાર્ય વણસી જશે એનું ભાન કરાવ્યું. હનુમાને કહ્યું, "આ શૂરાતન કે ડહાપણ બતાવવાનો પ્રસંગ નથી, કારણ ઘાતયન્તિ હિ કાર્યાણિ દૂતાઃ પણ્ડિતમાનિનઃ"

છતાં સીતાને રામનો સંદેશ અને મુદ્રિકા આપ્યા પછી રાવણને કંઇક ચમત્કાર બતાવ્યા વિના જવું તો શૂરા હનુમાનને ન રુચ્યું. તેણે અશોકવન રંજાડયું અને રાવણ પાસે જવાનો માર્ગ મેળવ્યો. પરાક્રમી હનુમાન રાવણના બાહુબળ અને પરાક્રમની કદર કરી શકયો, છતાં રાવણના પ્રતાપથી અંજાયો નહિ. રાવણને તેણે જે ઉપદેશનાં વચન કહ્યાં તેમાં તેને ધર્મબુદ્ધિ, તેજસ્વિતા અને આત્મવિશ્વાસનું દર્શન કરાવી દીધું અને રામના મહિમાની પ્રતીતિ કરાવી.

રાવણે હનુમાનનો વધ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે હનુમાને યુક્તિ રચીને લંકાને પ્રજાળી અને ત્રાસ

વર્ણવ્યો. છતાં, શૂરાતનમાં ક્રૂરતા નથી હોતી; સાચો વીર કરુણાપૂર્ણ હોય છે; દુઃખીનું દુઃખ જોતાં તેનું હૈયું ભીંજાઇ જાય છે. લંકાને બાળી હનુમાન સમુદ્રકિનારે આવ્યો ત્યાં અનેક નિર્દોષ જીવોને પીડા કર્યાના સન્તાપ અને પશ્ચાત્તાપથી એનું હૃદય સમસમી ઉઠ્યું. આખી લંકા ઢૂંઢી વળ્યા છતાં જ્યારે સીતાની ભાળ નહોતી લાગી ત્યારે હનુમાને ચિતા ખડકીને અથવા પ્રાયોપવેશન કરીને મરવાનો નિર્ધાર કર્યો હતો, પણ એની કર્તવ્યબુદ્ધિએ એને તેમ કરતાં વાર્યો હતો. આ વેળા કરુણાથી સંતપ્ત થઇ તેણે ફરી પ્રવ્રજ્યા લઇ તપસ્યા આદરવાનો કે પ્રાણસંન્યાસ કરવાનો નિશ્ચય કર્યો.

ધર્મચ્યુતિ થાય ત્યારે પ્રાણસંન્યાસ કરવો એ આર્યોનો આદર્શ છે. બ્રાહ્મણ તપથી ચળે, ક્ષત્રિય રણમાંથી પલાયન કરે અને વૈશ્ય કોલકરાર તોડે ત્યારે તેમને પ્રાણસંન્યાસ એ જ પ્રાયશ્ચિત્ત છે. હનુમાનની આર્યવૃત્તિએ તેને આર્યોનો એ જ રાજમાર્ગ સુઝાડ્યો; અને રામ પ્રતિની વફાદારી અને સમુદ્રને સામે કિનારે એકપગે ઉભા રહેલા વાનરયૂથની દયા આડે ન આવ્યાં હોત તો હનુમાને લંકાને પાદરે, સાગરને કિનારે પ્રવ્રજ્યા કે પ્રાણસંન્યાસ કર્યાં પણ હોત.

હનુમાનની સરળતા અનુપમ હતી; કપટ એના હૃદયને સ્પર્શ કરવા અસમર્થ હતું. અને નિષ્કપટી માણસને નિરન્તર શંકાશીલ બનીને ફરવાપણું નથી હોતું. જગતની ભલાઇ વિષે તેને પુરેપુરો વિશ્વાસ હોય છે. હનુમાનને પણ એવો વિશ્વાસ હતો. રાવણનો ત્યાગ કરીને રામ પાસે આવતા વિભીષણ તરફ સૌ શંકાની નજરે જોતું હતું, સુગ્રીવ, અંગદ વગેરે સૌ સેનાનીઓએ પોતાની શંકા વ્યક્ત કરી હતી, તે વખતે હનુમાને વિભીષણનો સ્વીકાર કરવા રામને વિનવી વીરોચિત ઉદારતા પ્રગટ કરી હતી.

બ્રહ્મચર્યનો મહિમા તો ભારતવર્ષમાં સર્વ કાળે ગવાયો છે. રામાયણ એ ભારતવર્ષના ગૃહસંસારનું મહાકાવ્ય છે તેથી એમાં બ્રહ્મચર્યનો આદર્શ ઉજ્જ્વળ રંગે ચીતરવામાં આવ્યો છે. બાર વરસ સુધી ગુડાકેશ બનીને તપસ્યાની અવધિ વાળનાર અને સીતાના ચરણથી પણ ઉંચી દૃષ્ટિ ન નાખવા * જેટલો કઠોર સંયમ પાળનાર લક્ષ્મણ અને આજીવન બ્રહ્મચારી રહેનાર

કેસરિયાં



: અંજની :

રાષ્ટ્રદેવનો બોલ પડયો છે,
પ્રાણપ્રાણ ઉદ્રેક ચડયો છે,
રણ ભારતસંતાન ચડયો છે,
કરવા કેસરિયાં.

ધસવું તો ડગવું શું [illegible]ડાલા?
લડવું તો હઠવું શું પાછા ?
મરવું તો પડવું ના આઘા,
કરજો કેસરિયાં.

જે ઉદરે આ પિંડ બનેલો,
જે ખોળો ખુંદી ઉછરેલો,
તે ચરણે તે પુનઃ પળે, હો
કરવા કેસરિયાં.

જયવંતો નિજ હિંદ ઉભરશે,
સિદ્ધલોકના વીર લુભશે,
સ્વરાજનો સોહાગ ભભકશે,
કરજો કેસરિયાં.

દેશળજી પરમાર

* નાહં જાનામિ કેયૂરે નાહં જાનામિ કુણ્ડલે
નૂપુરેત્વભિજાનામિ નિત્યં પાદાભિવન્દનાત્

પરમ તેજસ્વી હનુમાન, એ બે રામાયણના આદર્શ બ્રહ્મચારીઓ છે. સુગ્રીવના મહેલમાં જતાં નૂપુરનો રણકાટ અને કાંચી (કંદોરા)નો ખણખણાટ સાંભળીને ધર્મભીરુ લક્ષ્મણ લજ્જિત થઈ ગયો હતો. મદ્યપાનથી મદવિહ્વળ શિથિલાંગી તારા અન્તઃપુરમાંથી નીકળી સમીપ આવીને ઉભી રહી ત્યારે પણ સ્ત્રીદાક્ષિણ્યવાન લક્ષ્મણ ઉદાસીન થઇ નીચું મોં કરીને ઉભો રહ્યો હતો. માનસિક બ્રહ્મચર્યનો રજભર પણ ભંગ ન થઈ જાય એટલા માટે પાપભીરુ લક્ષ્મણે વર્તનની એટલી કડકાઇ રાખી હતી.

એવો જ પ્રસંગ હનુમાનને લંકામાં આવ્યો. રાવણના અન્તઃપુરના પાનગૃહમાં ભુંજેલા માંસના ઢગલેઢગલા પડ્યા હતા, મદ્યનાં અસંખ્ય પાત્ર વેરણ-છેરણ પડ્યાં હતાં અને એ સર્વની વચ્ચે અનેક રાક્ષસ લલનાઓ પાનવ્યાયામથી શ્રમિત થઇ વિસ્ખલિત વસ્ત્રવાળી થઇ લાજનું ભાન ભુલીને જેમતેમ પડી-પડી ઊંઘતી હતી. એ જોતાંની સાથે હનુમાન ચમકી ઉઠ્યો અને ધર્મભયની શંકાથી લજ્જિત થઇને વિમાસવા લાગ્યો, "અરે, આ પરદારાઓને સુતેલી જોઇ છે એથી નક્કી મારા ધર્મનો લોપ થશે. મેં, જેણે આજ સુધી પરસ્ત્રીનું મુખ પણ નિહાળ્યું નથી તે હું આજ આ પારકાના અન્તઃપુરમાં ક્યાં આવી પડ્યો ?" આવી શંકા જ કોઇ વાર ધર્મલોપનું કારણ થઇ પડે છે એ હનુમાનની નિશ્ચયાત્મિકા બુદ્ધિએ ક્ષણવારમાં જોઇ લીધું. અડગ ઉભા રહીને તેણે શંકાને ખંખેરી નાખી: "ભલેને મારાથી રાવણની બધી સ્ત્રીઓનું દર્શન થયું હોય; પણ મારા મનમાં કશી વિકૃતિ ઉત્પન્ન થઇ નથી. મન દૃઢ છે ત્યાં સુધી ઇન્દ્રિયો સુરક્ષિત છે. અને મારૂં મન તો શુભાશુભ ગમે તેવી અવસ્થામાં સ્થિરતા ખોવાનું નથી." જેણે હનુમાન જેવું કડક માનસિક બ્રહ્મચર્ય પાળ્યું હોય તે જ આટલો આત્મવિશ્વાસ રાખી શકે.

જે કાળે દશરથ જેવા ધર્મનિષ્ઠ ગણાતા આર્ય રાજાઓ અનેક રાણીઓ પરણે, જે કાળે આર્યઅનાર્યની અન્તરાળના વાનર લોકના રાજા માતા સમી જ્યેષ્ઠ બન્ધુની પત્નીની સાથે બબ્બે વખત ઘરઘરણું કરવા જેવું સ્મૃતિભિન્ન કર્મ કરતાં આંચકો ન ખાય, જે કાળે અનાર્ય રાક્ષસો પરદારાગમન અને પરસ્ત્રીહરણને સ્વધર્મ માને તે કાળે જ રામના એકપત્નીવ્રતનો આટલો મહિમા ગવાયો છે. હનુમાનનાં એકાન્તિક બ્રહ્મચર્ય અને તપસ્યાનો મહિમા એથી યે મહાન છે—સર્વ યુગને માટે મહાન છે.

આ સર્વ આર્યત્વના ગુણની હનુમાન એ ખાણ છે. જન્મે કિષ્કિન્ધાનો અનાર્ય વાનર છતાં હનુમાન ગુણે અને કર્મે આર્ય છે. તેનામાં બ્રાહ્મણનાં ત્યાગ અને તિતિક્ષા છે, ક્ષત્રિયનાં તેજસ્વિતા અને શૌર્ય છે, વૈશ્યનાં કર્તવ્યનિષ્ઠા અને દીર્ઘદૃષ્ટિ છે અને શૂદ્રનાં પરિચર્યા અને અનસૂયા છે. વાનરવૃત્તિનો સુગ્રીવ એનો સ્વામી છે છતાં એના હૃદયનો વીર તો આર્યવૃત્તિનો રામ છે. હનુમાનના આ આર્યત્વને આર્યશિરોમણિ રામ અને ભરતે સ્વીકાર્યું છે, અને કવિકુલભૂષણ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં લક્ષ્મણને મુખેથી 'આર્ય હનુમાન' એ માનપ્રદ ઉદ્‌ગાર કઢાવી એમાં પૂર્તિ કરી છે.

હનુમાન આર્ય છે એટલું જ નહિ પણ આદર્શ આર્ય છે. છતાં રામાયણમાં તેણે પોતાની જાતને આગળ પડીને દેખાવા દીધી નથી. રામને પડખે રહીને રામની દેદીપ્યમાન વિભૂતિમાં તેણે પોતાની જ્યોતિ મીલાવી દીધી છે. અને એમાં જ શિષ્યત્વનો ઉત્કર્ષ છે. ગુરુના વ્યક્તિત્વમાં પોતાના વ્યક્તિત્વને લીન કરી નાખવું અને ગુરુનો મહિમા વધારવો એ ભારતવર્ષની સનાતન પરંપરા છે. હનુમાન એ પરંપરાનો એક મહાન સ્તંભ છે.

હનુમાને સુગ્રીવને માટે પણ ત્યાગ ઓછો કર્યો નથી. હનુમાને ધાર્યું હોત તો એનામાં રાજ્ય ચલાવવાની શક્તિ અને યોગ્યતા હતાં. વાનરોનો એ યૂથપતિ તો હતો જ. છતાં જે ધાર્મિક અને ધર્મપ્રાપ્ત વસ્તુ નથી એ મેળવવાની લાલસા સુદ્ધાં કરવા જેટલી હીનતા હનુમાનમાં સંભવતી નહોતી. હનુમાને તો હમેશાં સુગ્રીવની પાંઠે રહી દુઃખમાં ને સુખમાં એકાગ્ર ચિત્તથી તેની સેવા કરી છે. તેનું રાજ્ય ચિરકાળ ટકે એને માટે રાતદિન જહેમત ઉઠાવી છે, અને છતાં આરંભથી અન્ત સુધી રાજ્યલોભ, સત્તાલોભ કે કીર્તિલોભથી નિર્લેપ રહ્યો છે. રાજાની—રાષ્ટ્રની સેવામાં આમરણાન્ત તત્પર રહેવું અને વખત આવ્યે જાન પણ દેવો એ હિંદુસ્તાનની પરંપરાનો ઉજ્જવળ

આદર્શ હનુમાને પુરો પાડ્યો છે. એક જ હનુમાનમાં હિન્દુ સંસારને આદર્શ વીરપૂજક અને આદર્શ સેવક મળ્યા છે.

લંકાનું યુદ્ધ પુરૂં થઈ ગયું છે. સીતાદેવી અશોકવનમાંથી આવી અગ્નિશુદ્ધ થઇ રામની સાથે અયોધ્યા આવ્યાં છે. સાથે વિભીષણ છે, સુગ્રીવ છે, અંગદ છે, હનુમાન છે, વાનરસેના પણ છે. રામનો અભિષેક થાય છે. અભિષેકવિધિ થઇ ગયો છે. રામ સૌને સૌની યોગ્યતા પ્રમાણે દાન ઉપહાર આપે છે. સીતાને કંઠે રામે પહેરાવેલો હાર સીતાએ ઉતારી નાખ્યો અને ચારે તરફ નજર ફેરવવા લાગી. રામે કહ્યું "તારી ઇચ્છા હોય તેને એ હાર પહેરાવી દે." સીતા કોને હાર પહેરાવે? તેજ, ધૃતિ, યશ, દાક્ષ્ય, સામર્થ્ય, વિનય, નય, પૌરુષ, વિક્રમ, બુદ્ધિના સાગર રૂપ હનુમાન–સીતાને પુત્ર સમાન વહાલો હનુમાન ઉભો હતો તેના ગળામાં સીતાએ હાર પહેરાવી દીધો. આખી જીંદગીની સેવાની કદર સીતાના એક હારે કરી દીધી.

અભિષેકની સમાપ્તિ થઈ અને સૌ રામચન્દ્રનો આશીર્વાદ લઇને પોતપોતાને સ્થળે જવા વેરાવા લાગ્યું. વિભીષણ લંકા તરફ વળ્યો, સુગ્રીવ ગયો, અંગદ ગયો, વાનરસેના કિષ્કિન્ધા જવા નીકળી. એક હનુમાન રહ્યા. હનુમાન ક્યાં જાય? તેણે તો જીવનસર્વસ્વ રામને સમર્પણ કર્યું હતું. રામ વિના એને જગતમાં બીજો કશું પ્રયોજન ન હતું. ચિત્ત એનું રામમાં લય પામ્યું હતું. તેણે રામને પગે પડીને ભૂતળ ઉપર રામકથા કાયમ રહે ત્યાં સુધીના આયુષ્યની માગણી કરી.

યાવદ્રામકથા વીર ચરિષ્યતિ મહીતલે
તાવચ્છરીરે વત્સ્યન્તુ પ્રાણા મમ ન સંશય:

રામ સિંહાસન ઉપરથી ઉતરી હનુમાનને પ્રેમથી ભેટ્યા અને કહ્યું, "હનુમાન, મારી કથા જ્યાં સુધી જગતમાં રહેશે ત્યાં સુધી તારી કીર્તિ અને તારૂં આયુષ્ય બંને અવિચળ રહેશે. જ્યાં સુધી દુનિયા ચાલશે અને મારી કથાનું સ્હેજ પણ સંભારણું રહેશે ત્યાં સુધી તું પૃથ્વી પર વિચરતો રહીશ. હનુમાન, તારા અનેક ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ?"

ધન્ય છે આદર્શ સેવક અને આદર્શ સ્વામી! આજે યુગ વહી ગયે પણ એ સેવકસ્વામીયુગલનું સ્મરણ કરતાં હૃદય કૃતકૃત્ય થઇ ઉભરાઇ જાય છે!

રામાવતારની સમાપ્તિ થઈ. સીતાએ ભૂમિપ્રવેશ કર્યો, રામ મહાપ્રસ્થાન કરી સ્વર્ગલોકમાં ગયા અને હનુમાન રામકથાનું શ્રવણ કરવા ભૂલોકમાં રહ્યા. જ્યાંજ્યાં રામકથાનું પારાયણ થાય છે, રામસીતાના નામનું રટણ થાય છે ત્યાં વૃદ્ધ ધવલશીર્ષ હનુમાન આવીને બેસે છે અને રામસીતાના એ ગત યુગનું સ્મરણ કરીકરી 'તે હિ નો દિવસા ગતાઃ' કહીને ઉંડો નિસાસો નાખે છે.

રામાયણ એ ભારતવર્ષનો સનાતન વારસો છે. યુગેયુગે એમાં નવો પ્રાણ રેડાયો છે. યુગેયુગે પોતપોતાનું રામાયણ રચ્યું છે. આ યુગમાં રહેલા આપણે જો એ રામાયણ પ્રત્યક્ષ કરવું હોય તો હનુમાનનાં અથાગ વીર્ય, અપ્રતિહત પ્રજ્ઞા, અનન્ય સેવાભાવ, કઠોર સંયમ, અનુપમ તિતિક્ષા, અદ્‌ભુત ત્યાગ, અડગ કાર્યનિષ્ઠા અને પ્રાણવાન તેજસ્વિતા આપણાં જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવવાં પડશે. ભારતવર્ષમાં જે દિવસે હનુમાન પાકશે તે દિવસે રામાયણ એ ભૂતકાળની કથા મટી વર્તમાનકાળની પ્રત્યક્ષ કથા થશે.

(સાબરમતી) **ચન્દ્રશંકર પ્રાણશંકર શુકલ**

અથાણું

મનુ—હું મારી જીંદગીમાં કદિ સાચું બોલ્યો નથી ને બોલવાનો પણ નથી.

કનુ—જો, આ એટલું તો બોલ્યો ને?

ૐ

શિક્ષક—કૈસરે અંગ્રેજ અમલદારોને ફોડવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે કેમ ન ફુટ્યા?

ચંદુ—સાહેબ, અંગ્રેજો હવાઈ ગયા હશે.

ૐ

એક લેખકે રૂપિયાની કાંઇ પણ માગણી કર્યા સિવાય પ્રકાશકને પોતાનું નાટક છાપવા માટે મોકલી દીધું. બીજે દિવસે ટપાલમાં એ નાટક પાછું આવ્યું તે સાથે પ્રકાશક તરફથી એક ચીઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું:

તમારૂં નાટક મને મફત છાપવા આપવા માટે અત્યંત આભાર. ખરેખર, તમારા નાટકની કીમત તમે બરાબર જાણો છો!

મનોદશાઓ ચીતરનાર
વિક્ટર દ કુબીની





ભય

પ્રેમ

યુદ્ધ

થોડા વખત અગાઉ વૉશિંગ્ટનના રાષ્ટ્ર-ચિત્રાલયમાં કોઇ નવી જ તરેહનાં ચિત્રો ચોડાયાં હતાં. એ બત્રીસે ચિત્રો માણસની મનો-વૃત્તિનાં જુદાંજુદાં સ્વરૂપ આલેખતાં હતાં. જે કોઇ તે જોતું તે તેનો ભાવ ઓળખી કાઢતું. તીખા લીલા રંગના સાપનું ગુંચળું જોઇ એક ગામડિયો પણ બોલી ઉઠયો કે ' નર્યું ઝેર ' છે. એ ચિત્ર ' તિરસ્કાર '-નું હતું.


એકાદ ચિત્રનું નામ મળે કે પછી લોકો એક પછી એક ચિત્રોનાં નામ અનુમાનથી ગોઠવતા જાય. ક્રોધ, ભક્તિ, શ્રદ્ધા, પ્રેરણા, પ્રેમ, ગુન્હો વગેરે શોધવા પોતાની કલ્પનાને કસોટીએ ચડાવે. એવામાં એક માનસશાસ્ત્રી જોવા આવી ચડયો. તેણે નાકે ચશ્મા ચડાવી દરેકેદરેક ચિત્ર ધારીધારીને જોયું અને ચિત્રકારને કહ્યું કે આ ચિત્રો માનસશાસ્ત્રના કઇક ભેદ પ્રત્યક્ષ બતાવે છે. ચિત્રાલયનો રક્ષક સીદી પણ જણાવે છે કે લોકો આ રંગબેરંગી વિચિત્ર ચિત્રો જોવા ફરીફરી આવતા. ચિત્રો ઉપર કશાં નામ લખ્યાં ન હતાં. માત્ર એ બધાંનું આટલું જ એકસામટું જાહેરનામું હતું કે 'હંગેરીઅન અમેરિકન વિક્ટર દ કુબીનીએ કરેલા જીવનના રંગ-સંકેત અથવા રંગ અને રૂપમાં ઉતારેલી મનોવૃત્તિઓ.'

માનવ મનોવૃત્તિઓનું હૂબહૂ આલેખન કરતાં એ ચિત્રોમાં કોઇ અજબ આકર્ષણ ભર્યું છે. નવાઇ જેવી વાત તો એ છે કે તેનો ચીતરનારો એક ધંધાર્થી લેખક છે અને બાપગોતરમાં કદિ ચિત્રનું શિક્ષણ પામ્યો નથી, તેમ પહેલાં પણ કદિ ચિત્રકામ કરેલું નથી; ફક્ત હમણાં થોડા માસથી આ ચિત્રો કરવા માંડયાં એટલું જ. આ વાતથી લોકોને બહુ નવાઈ લાગે છે, અને માનસશાસ્ત્રીઓને તો એ જાણીને રસ પડયો છે કે જે ક્રિયાનું જ્ઞાન ન હોય એવા વિષયમાં પણ માણસ જીંદગીમાં ગમે તે પળે ઉત્તમ કૃતિ નિપજાવી શકે છે. મિ. કુબીનીને ચિત્રકળાનું કશું જ્ઞાન નથી. તેના મનમાં જે ઉપજે છે તે જ પોતે ચીતરે છે. એનાં ચિત્રો જોઇને કુશળ ચિત્રકારો પણ કહે છે કે તેની ચિત્રક્રિયા કંઈ જ દોષવાળી લાગતી નથી; તે બહુ ચોક્કસ અને સાફ લાગે છે. તેની ચિત્રશૈલીની ખુબી એ છે કે તેના રંગો બહુ જ સાદા અને હદ પ્રમાણે જ પુરેલા હોય છે;—જાણે એમ જ લાગે કે રંગીન કાગળો કાપીને ચોડયા છે.



લોભ

જ્યાંત્યાંથી ખેંચાય તેટલું ખેંચીને એકઠું કરતો જીવ



ધીરજ


ખીણો અને ટેકરીઓ ઉપર થઈને ઉંચા લક્ષ્ય પર પહોંચતો લાંબો ધીમો માર્ગ

આ ચિત્રો બાળકોની શાળાઓમાં પણ બનાવવામાં આવે છે, જેથી તેઓ લાગણીઓનો સંયમ કરતાં શીખે. ઍલેકઝાન્ડર કરીને એક વિખ્યાત સંગીતશાસ્ત્રી પર તો આ ચિત્રોની એટલી બધી છાપ પડી છે કે તેણે દરેક પર જુદાજુદા રાહ ઉપજાવ્યા છે, અને આ ચિત્રો મૅજિક લૅન્ટર્નથી પડદા ઉપર બતાવાય છે ત્યારે દરેક ચિત્રને લગતો રાહ વગાડવામાં આવે છે.

આવાં ચમત્કારિક ચિત્રો કરવાનું તેને કેમ સુઝ્યું તે વિષે તે કહે છે કે એક વાર હું બહુ મુંઝવણમાં બેઠો હતો. ગજવામાં રાતી પાઇ પણ નહોતી. તે વખતે મેં બધી જાતનાં દુઃખી માણસોનો વિચાર કરવા માંડ્યો, તો કોઈ મહા બીમારીમાં પડેલો, કોઇનાં અતિ વહાલાં સગાં મરી ગએલાં, કોઇને ક્રૂર અપમાન મળેલાં, જ્યારે હું તો માત્ર ગરીબ જ થઇ ગએલો. આ હિસાબે મને મારી દશા વાદળાંથી ઘેરાએલા કોઇ એકલવાયા વૃક્ષ જેવી લાગી. એ ધુનમાં ને ધુનમાં મેં એક ઝાડ અને આસપાસ વાદળાં એવું ચિત્ર દોરી કાઢ્યું. પછી આવી સ્થિતિમાંથી મુક્ત કોણ કરે એનો મને વિચાર આવ્યો, અને મનમાંથી જ જવાબ આવ્યો કે 'પરમાત્મા'. તરત મેં પ્રકાશનું એક કિરણ દોર્યું. થોડા દિવસ પછી મેં કોઇને તે ચિત્ર બનાવીને પુછ્યું, 'આ શું છે? સમજો છો?' જોનારે કહ્યું, 'જરૂર વળી. પણ તમે એ રંગમાં ચીતરો.'

એક દિવસ રસ્તે જતાં ચિત્રસામગ્રીની એક દુકાન આગળ તે અમસ્તો જ અટક્યો, અંદર ગયો અને જોઇતો રંગનો સામાન પોતાની વૉશિંગ્ટનની ઓરડીએ મોકલી આપવા ઑર્ડર આપ્યો. પોતે તો પાછો એ તદ્દન ભુલી જ ગયો, પણ સામાનનું બંડલ આવ્યું ત્યારે સાભર્યું અને રંગની પેટી ઉઘાડી પહેલું જ ચિત્ર પેલું 'પરમાત્મા'નું કર્યું: લીલું ઝાડ તથા વાદળાં, અને કાળી જમીન પર સોનેરી રંગે પ્રકાશનું મોટું કિરણ ચીતર્યાં. નિરાશાને અને સંકટને ટાળનાર માત્ર પરમાત્મા છે એવો તેનો અર્થ ધાર્યો. આ પછી તો એમ ને એમ પોતાના ખ્યાલ પ્રમાણે જુદીજુદી મનોદશાનાં ચિત્રો તેણે દોરવા માંડ્યાં. કેટલાંક ચિત્રોનાં નામો તો જોનારાએ આપ્યાં ત્યાર પછી જ નક્કી થયાં!

ઘણાં ચિત્રોનાં નામ નક્કી થઇ ગયાં ત્યારે તેને કોઇએ સૂચના કરી કે વિચાર કરવા અશક્ત હોય તેવાં માણસો માટે તેણે જાતે દરેક ચિત્ર સાથે કેટલોક ખુલાસો આપવો. એ વિચાર તેના મનમાં ઉતરી



શ્રદ્ધા

અચલ સ્થંભને વીંટાતી ચડતી
અદમનીય અગ્નિજ્વાલાઓ

ગયો અને ઘુંટાતાંઘુંટાતાં એક રાત્રે ઉંઘ ઉડી જતાં ઉઠીને ટાઇપરાઇટર પર બેસી દરેક ચિત્ર પર એક-એક નાની કવિતાની કડી જ લખી નાખી. 'પરમાત્મા' વિષે તેણે આ મુજબ લખ્યું છે :

આશમાંથી યત્નપંથે
પરમ અક્ષરધામમાં,
સૌમ્યતર દોરી રહ્યો
તું એક કરુણાળુ, પ્રભો !

મિ. કુબીનીનાં આ ચિત્રો અગાઉથી વિચારી મુકેલી કોઇ ખાસ યોજનામાંથી જન્મ પામતાં નથી. કોઇ જુદા જ અનુભવથી તે રંગ અને પીંછી હાથમાં લેતાંની સાથે અચાનક જ દેખા દે છે અને તે વિચાર-માન્ય થઇ શકે એવાં જ હોય છે. એ બધાં ચિત્રો લાગણી, ગુણ વગેરે મનોદશાઓના અમૂર્ત ખ્યાલો પર જ દોરાયાં હોવા છતાં તે સમજતાં કે ઓળખતાં જરા યે વાર લાગતી નથી.

'શ્રદ્ધા'ના ચિત્રમાં આરસનો એક ઉંચો સ્થંભ છે, તેને કોઇ અદમનીય અગ્નિની જ્વાળાઓ વીંટાતી ચડે છે અને ઘેરા આકાશમાં સૂર્ય પૂર્ણ કળાએ પ્રકાશે છે.

એક ચિત્રમાં ભુખરી જમીન પર કરોળિયો ચીતર્યો છે અને એ કરોળિયો પોતાના પગવડે કંઇકંઇ રંગના હીરા પોતાની તરફ ખેંચી રહ્યો છે: તે 'લોભ'.

લીલા રંગની એક આકૃતિ ભુરા ઘેરા તોફાની આકાશ વચ્ચે આમ તેમ વળ લઇ રહી છે અને તેના આખા શરીરે મોટામોટા લોહીવાળા જખમો છે: તે 'યુદ્ધ'. એ ચિત્ર નીચે આ મતલબની કવિતા છે:

'છાપખાનાંનાં જુઠાણાંથી છકેલ માણસની અક્કલ અને સમજ સળગાવી મુકનારૂં અને ચોમેર ખુનરેજી મચાવી વિશ્વને ભ્રષ્ટ કરનારૂં યુદ્ધ.'

'ગર્વ'નું ચિત્ર વિનોદભર્યું લાગે છે. કોઇ દમામદાર શેઠાણી જતી હોય એવી વળાકાની લીટીઓમાં આબેહૂબ ગર્વ જ દેખાય છે.

જુદાજુદા રંગનાં મોટા ચોસલાં એકબીજા ઉપર ચઢતાં જઇને જીવનના વિવિધ અનુભવો વીતાવતા કોઇ મહેચ્છુનો ખ્યાલ આપે છે: એ 'મહત્ત્વાકાંક્ષા'. તેની નીચેની કવિતા ચિત્રના ભાવની જોડે સમતાલ લે છે:

ઉડે ઊંચે ઊંચે
મહત્ત્વાકાંક્ષા એ, સકલ જગની ટોચ ઉપરે;
પડે કિંતુ પાછી
કદા ના જો સાધી સમતુલ વિવેકે નિયમને.

આવા અનેક વિવિધ ભાવોનાં દર્શન કરાવનાર આ ચિત્રકાર ભાવચિત્રકોમાં સૌથી અગ્રપદે આવે છે. તેનાં જીવનનાં વીતકો તેણે પોતે જ લખ્યાં છે. એ જાણવા જેવાં છે.


'મારો જન્મ હંગરીમાં થયો હતો અને હું બહુ શોખ અને દાહ વચ્ચે ઉછર્યો હતો. મારા બાપ જ્હોન કુબીની એક લશ્કરી અમલદાર હતા અને બાદશાહના ખાસ જમણા હાથ જેવા હતા. મારાં માતા મથીલ્દે પણ દરબારમાં માનપાન પામતાં, અને મારી નજરે તે મનુષ્ય કરતાં કોઇ દૈવી જીવ જેવાં લાગતાં. હું બહુ કૃત્રિમ અને દમામદાર વાતાવરણમાં મોટો થયો. એ વખતે તો મને એ બધું બહુ સુંદર લાગતું અને એની બધી અસર મેં ઝીલી; પણ પાછળથી સમજ્યો કે એ બધી જીંદગીની ખાલી માયા હતી.

હું મનસ્વી છોકરો હતો. વારેવારે મિજાજ કરી જતો, દુઃખ લગાડતો અને તરંગે ચડી જતો. મેદાનની કે ઘરની રમતો મને ગમતી નહિ, પરંતુ પુસ્તકો, ફૂલો, મૂર્તિઓ અને ચિત્રો માટે અનહદ શોખ ધરાવતો, અને તેમાંના કોઇની સોબતમાં ગમે એટલો વખત વીતાવી શકતો. હું આઠ વર્ષનો થયો તે અરસામાં અમારાથી થોડે દૂર એક રખડતી જાતિની ટોળીનો મુકામ થયો. તરત હું તો ઘરમાંથી સરકી નીકળ્યો અને સીધો ત્યાં પહોંચ્યો. થોડી જ વારમાં તે લોકોની સાથે ઓળખાણ કરી લીધી અને એક ઘરડી માયાળુ ડોશીએ મારો હાથ પકડી મારું ભવિષ્ય કહેવા માંડ્યું.

તેણે કહ્યું કે કોઇ અજાણી બાબત માટે હું ઘણાં વર્ષો શોધમાં ગુજારીશ. દુનિયામાં હું તદ્દન એકલો પડી જઇશ અને મારે મોટાં સંકટો તથા વિયોગ વેઠવાં પડશે. પણ પચાસ વર્ષનો થયા પછી કોઇ અતિ દૂરના મુલકમાં આકસ્મિક રીતે મારું ઠેકાણું પડશે. હું જે કામ માથે લઇને નીકળીશ તે પડ્યું રહેશે અને કોઇ સાવ જુદા જ અને કોઈ ન માને એવા ધંધામાં ઉતરી પડીશ અને તેમાં જ મારી જીંદગીનું સાફલ્ય ગણાશે.

હું સત્તર વર્ષનો થયો ત્યારે મને ધાર્મિક સંસ્થામાં મોકલવામાં આવ્યો અને ત્યાં હું રોમન કૅથૉલિક સંપ્રદાયનો પાદરી બન્યો. આઠઆઠ વર્ષ સુધી મેં જુદાજુદાં લોકોને ધર્મોપદેશ આપવાનું કંટાળાભર્યું કામ કર્યું પણ મને પહેલેથી જ એ જીવનમાં ચેન નહોતું. એટલે, આજથી ૧૯ વર્ષ પહેલાં એ બધું છોડી દઈ અમેરિકા આવ્યો અને તદ્દન કોરે પાને શરૂઆત કરવી ધારી.

ન્યૂ યૉર્કની એક પુસ્તક પ્રસિદ્ધ કરનાર સંસ્થામાં અઠવાડીએ છ ડૉલરના પગારે હું રહ્યો. મારે ટિકિટો ચોડવાનું અને ટપાલનાં કવરો બીડવાનું કામ કરવાનું હતું. દોઢેક માસ પછી મને અઠવાડીએ બાર ડૉલર મળવા માંડ્યા, અને થોડીઘણી અંગ્રેજી ભાષા આવડતી થઈ ગઇ એટલે કેટલાક કાગળોનો તરજુમો કરવાનું કામ મળ્યું. આથી મને ઉત્સાહ મળ્યો અને ચોક્કસ માન્યું કે હવે હું ફતેહને માર્ગે છું. આ લાગણી ખુબ જોરમાં હતી. પણ એક દિવસે ઑફિસે ગયો



પ્રેરણા
નવસૃષ્ટિની વિધાયક આંતરજ્યોતિ

ત્યાં ઓચિંતું જ ભાગીદાર શેઠે મને બોલાવીને સંભળાવી દીધું કે મારી નોકરીની તેમને જરૂર નથી.

આ અચાનક મળેલી રૂખસદથી મારા દિલને બહુ ધક્કો લાગ્યો. મને અન્યાય થયો છે એમ મને લાગ્યું અને હું બહુ નિરાશ થઇ ગયો;—એટલો બધો કે એ નિરાશાની ધુનમાં હું પાછો જઇ મારા પાદરીપણાને વળગ્યો અને બીજાં સાતેક વર્ષ ગબડાવ્યું. પણ ફરી પાછી બેચેની શરૂ થઇ અને ઘણા જણનો વિરોધ છતાં ચર્ચ છોડી ન્યૂ યૉર્ક આવી ધંધો શોધવા લાગ્યો. પરંતુ ત્યાં પણ સૌ અભાગિયાને વિષે બને છે તેમ મને અણધારી પીડાઓ આવીને વળગી.

મારા પૂર્વાશ્રમના સંબંધવાળા એ હજાર હંગેરિયન શિષ્યોના પ્રતિનિધીઓએ મને ખોળી કહાડ્યો અને તેમને માટે એક સ્વતંત્ર ધાર્મિક સંપ્રદાયમંડળ ચાલુ કરવા મને વીનવ્યો. હું તેમના આગ્રહને વશ થયો. ચાર વર્ષે મને ખબર પડી કે બેમાલુમ રીતે હું એક ભયંકર કાવતરામાં ભાગીદાર થયો છું; એટલે મેં



ગર્વ

મારા શ્રોતાઓને ધીરેધીરે મુળ સંપ્રદાય તરફ વળવાનો બોધ આપવા માંડ્યો. એમ કરતાં મને બહુ દુ:ખ અને હિણપત લાગતાં હતાં. પછી મેં તેમને જાહેર કર્યું કે હું તો હવે અમેરિકાના પ્રોટેસ્ટંટ ધર્મમાં જાઉં છું. મેં ધાર્યું કે એમ કરવાથી તેઓ પોતાના મુળ સંપ્રદાયમાં પાછા જઇ મળશે; પણ તેઓ તો મારી પાછળ જ પ્રોટસ્ટંટ સંપ્રદાયમાં આવી ભળ્યા! ફરી પાછાં બીજાં ત્રણ વર્ષ મેં ઉપદેશકના આસન પર કાઢ્યાં, પણ અંતે તે નહિ સહેવાતાં ન્યૂ યૉર્ક આવીને જાતે કંઇક રળી લેવાનો નિશ્ચય કર્યો.

પણ એ કામ કંઇ સહેલું ન હતું. મને અનેક મુસીબતો નડી અને હેરાનહેરાન થઇ ગયો. હું ઊન, ચોપડીઓ અને પુતળીઓ વેચતો તથા ફુરસદના સમયમાં વાર્તાઓ અને લેખો લખી તેમાંથી ગુજરાન ચલાવતો. એમ ધીમેધીમે ચાલુ વર્તમાનપત્રના ધંધામાં ઘુસી જવાની મેં આશા રાખી, પણ કંઇ વળ્યું નહિ. વળી એક સંપ્રદાયના ઉપદેશક તરીકે મેં નોકરી લીધી; પણ ત્યાં મને કોઇ શ્રોતા મળે નહિ. શ્રોતા મેળવવા મારે બહાર નીકળવું પડે અને બીજા સંપ્રદાયમાંથી ખેંચવા પડે. હવે તો લેખણપટ્ટી કરવી યા નવરા બેસી રહી ભુખે મરવું, એ બે જ માર્ગ હતા. ૧૯૨૫ના જાન્યુઆરીમાં હું વૉશિંગ્ટન આવ્યો ત્યારે મારી પાસે દસ જ ડૉલર હતા. અહીં આવીને ટાઇપ કરવાનું, પ્રુફ વાંચવાનું અને બીજાં પરચુરણ કામો કરવાનું મેં શરૂ કર્યું.

પણ ત્રણચાર માસમાં જ એ છોડી દઇને, ખાવા-પીવા તથા મફત રહેવાના વેતનની શરતે એક ખેડુતને ત્યાં સાથી તરીકે રહ્યો. ત્રણચાર માસ એ રીતે આનંદમાં કામ કરી ખેંચી કાઢવા મેં ધાર્યું હતું. અને એ મહેનતમાં અને નોકરના કામમાં મજા પડી; ગમ્યું પણ બહુ જ. પણ જ્યાં ખાવાનું સાવ હલકું અને થોડું ત્યાં બીજાં સુખસગવડની તો શી વાત કરવી? એટલે પરિણામે છ અઠવાડીએ હું ૪૫ રતલ ઘટી ગયો અને મારે ખેડુ જીવનનો ત્યાગ કરવો પડ્યો. થાકેલો, માંદો હું પાછો વૉશિંગ્ટનની મારી ઓરડીએ આવ્યો અને જરા ઠીક થતાં ફરી મારૂં ટાઇપરાઇટર સંભાળ્યું. પાછું એનું એ જ કંટાળાભરેલું ઢગલાબંધ કામ, થોડી આવક, અને એથી યે ઓછો જીવનનો સંતોષ.

આ વખતમાં મને મનોભાવ ચીતરવાનો તુક્કો સુઝ્યો. પહેલાં તો કાતરથી કાગળો કાપીને થોડા નમુના કર્યા. તે સૌને ગમ્યા અને ઉત્તેજન મળવા લાગ્યું, એટલે મેં રંગથી કરવાનું ધાર્યું. ૧૯૨૫ના ઑક્ટોબરની છઠ્ઠી તારીખે મેં ચિત્રો કરવાનું શરૂ કર્યું અને નવેમ્બરની ત્રીજી તારીખે તો મારાં ચિત્રોનું પ્રદર્શન ચિત્રાલયમાં થયું. લોકોને એ જોઇને બહુ આશ્ચર્ય થયું. પણ મને પોતાને જેટલું થયું તેટલું કોઇને થયું નહિ હોય. લોકો કહેવા લાગ્યા કે મારાં ચિત્રોમાં સંદેશ છે. તેઓ મારા ખ્યાલ તરત ઝડપી લેતા તે પરથી મને પણ એની ખાતરી થાય છે. થોકબંધ લોકો એ જોવા આવતા, અને કહેવાય છે કે આ પહેલાંનાં ઓગણીસ વર્ષમાં ત્યાં કદિ આટલાં લોક ચિત્રો જોવા આવ્યાં નથી.


ફરી પાછો 'આકસ્મિક પ્રસંગ' બન્યો. વૉશિંગ્ટન-

ના એ સાહસિક ધંધાદારીઓએ ખુબ ઉદાર શરતે મને આગળ ઉપાડવાનું માથે લીધું અને તેમ કરી પણ બતાવ્યું. તેમણે મને ખુલ્લા દિલે કહ્યું કે મારી કૃતિઓ પર વેપાર કરવાથી ટંકશાળ પડે એવું તેમને લાગે છે, અને એ શબ્દોની ખાતરી કરી આપવા સારૂ તેઓ પાંચ વર્ષ સુધી મારો ચાલુ તથા ધંધાનો ખર્ચ આપવા ઉપરાંત અમુક પગાર બાંધી દેવા પણ તૈયાર થયા. પણ એ પાંચ વર્ષને બદલે માત્ર પાંચ જ અઠવાડિયાં ચાલ્યું અને હું પહેલાં હતો તેનો તે જ રહ્યો!

હવે મારી ખાતરી થઈ ગઇ કે લોકોને જોઇએ છે એવું કંઇક મારી પાસે છે અને મારે તેમને તે આપવું જ જોઇએ. એટલે મેં જાતે મારાં ચિત્રોની નકલ કરી મારી આછીપાતળી રીતે ગુજરાન ખેંચી કાઢવા માંડયું. મારાં ચિત્રોની નકલ કરતાં તથા એનો એ જ ભાવ રાખતાં મને શું વીતે છે એ તમને કહીશ તો તમે મને અવિચારી અને મૂરખ કહેશો.

આ બધાં ચિત્રો હું શી રીતે કરૂં છું? પીંછી અને રંગ તો ખરાં જ. રંગો પડીકાના અને સરેસ ભેળવેલા. પણ ચિત્રો તો પંખીના ગળામાં જેમ ગાન આવે છે અથવા સંગીતનો કોઇ ઉસ્તાદ વાજિંત્ર ઉપર એક પછી એક રાહ છોડે છે તેમ જ એ ચિત્રો મને સુઝે છે. ચિત્રકારના ધંધામાં કુશળતા મેં જરા ય મેળવી નથી. શાળામાં શીખતી વખતે સૌને જેટલું મળે છે તેથી વધુ લેશમાત્ર ચિત્રશિક્ષણ પણ મને મળ્યું નથી. બસ, આથી વધુ ખુલાસો મને જડતો નથી. જરા યે મહેનત વિના હું આ ચિત્રો કરી શકું છું.

હજી પણ હું એકલોએકલો કોઇ વાર પેલી ભવિષ્યવેત્તાને યાદ કરૂં છું ત્યારે લાગી આવે છે કે હું કલાકાર થવા જ જન્મ્યો હતો; પણ એ વાતની ખબર મને ફક્ત દસ મહિના પહેલાં જ પડી! આબાદ ભવિષ્યવાણી! ધારો કે ઘણાં વર્ષ પહેલાં મેં આ કામ શરૂ કર્યું હોત તો? એક ચિત્રકાર તરીકે કેળવણી લીધી હોત તો? તો મેં આ મનોભાવ ચીતરવાનું કદાચ માંડી જ વાળ્યું હોત. કોઇ કલામિમાંસકે કહ્યું છે કે મનોભાવ દર્શાવવા માટે ચિતારાઓ અને મૂર્તિકારો હમેશાં માનવાકૃતિઓનો જ આધાર લેતા આવ્યા છે. પણ હું માનવચહેરાઓ કે આકૃતિઓનો ઉપયોગ કરતો નથી. હું તો માત્ર સાદા આકારો અને રંગો



મહત્વાકાંક્ષા

પર જ ચલાવું છું.

કોઇ વાર સાંજે મારી ઓરડીમાં બેઠોબેઠો હું ન્યુસપેપર વાંચતો હોઉં અને મનમાં કંઇ ઊર્મિ આવે કે ન્યુસપેપર મુકી ઉપર મારા ચિત્રગૃહમાં જાઉં છું. ત્યાં રંગો તો ઘુંટેલા તૈયાર હોય જ. શરૂઆતમાં હું હમેશાં આસપાસની ભોંય રંગથી ભરી દઉં છું. વચમાં ખુબ જગ્યા છોડું છું. પછી જેમજેમ ચિત્ર ચીતરાતું જાય છે તેમતેમ જે મનોદશા હું ચીતરવા મથતો હોઉં છું તે આકાર પકડતી જાય છે; અને ચિત્ર પુરૂં થાય છે તે અરસામાં મને સમજાઇ જાય છે કે શું બની રહ્યું છે. પણ ચિત્રનું નામ તો ચિત્ર બની રહ્યા પછી કેટલેક દિવસે નક્કી થાય છે!

ચિત્રમાં દર્શાવેલા ભાવોની મારા પર અસર તો થાય છે જ; પણ તે ચિત્ર ચાલતું હોય તે વેળા નહિ. ચિત્ર પુરૂં થયા પછી, તેના વિષય પ્રમાણે મને આનંદ કે ગ્લાનિ થાય છે. ચિત્ર ચાલતું હોય ત્યારે તો હું તદ્દન અલિપ્ત જ લાગું છું;—મારી જાતથી

પણ નિરાળો લાગું છું. પણ ચિત્ર કરતી વેળા મને એ ચિત્રની મનોદશાનું કોઇ જાતનું દબાણ લાગતું નથી. તાવથી માથું દુખતું હોય, અજીર્ણ હોય કે દાંત કળતો હોય તેવે વખતે પણ કામ પર ચડું કે દરદ કે દુ:ખ કંઇ જણાય નહિ. આ નવાઇ જેવું લાગે છે પણ એનો કંઇ ખુલાસો મને જડતો નથી. તમે માનો કે ચિત્રો કરવા સારૂ એક જાતનો આવેશ મારામાં પ્રગટે છે. એ આવેશ એટલા પુરતો જ કે હું કોઇ સરસ ચીજ દુનિયાને આપવા ચાહું છું. પછી એ ચીજમાં કેટલી યોગ્યતા હોય છે તે નક્કી કરવાનું દુનિયા પર છોડી દઉં છું.

ચિત્રો કરતાં કેટલો વખત લાગે છે એ પુછતા હો તો 'પ્રજ્ઞા' ચીતરતાં મને વીસ મિનિટ લાગી હતી; અને 'અભિમાન' ચીતરતાં છ કલાક લાગ્યા હતા! પણ એ બાબતમાં અચરજની વાત તો એ છે કે આખો દિવસ કામ કરૂં કે માત્ર અરધો કલાક કામ કરૂં, પણ બંનેનો માનસિક અને શારીરિક થાક તો મને એકસરખો જ લાગે છે.

વળી બીજી એક તાજુબીની વાત કહું. એકાદ નવું ચિત્ર ઉત્પન્ન કરતી વેળા તેના આલેખનની મને મુશ્કેલી જરા ય નડતી નથી. ગમે તેવી અટપટી આકૃતિઓ પણ તરત નીકળે છે; પણ એના એ જ ચિત્રની નકલ જો ફરી વાર કરવી પડે તો તે કરતી વખતે દરેક શાખાઉ વિદ્યાર્થી કલાકારને પડે એટલી જ તકલીફ મને પડે છે. કેટલાંક ચિત્રો નકલમાં બરોબર આવતાં જ નથી, જ્યારે કેટલાંક નકલ વેળા સુધરી પણ જાય છે.

મારાં આ બધાં ચિત્રોમાં દર્શાવેલી માનુષી વૃત્તિઓ મારી કલ્પનામાં અને અનુભવમાં આવેલી તે પ્રમાણે જ દર્શાવી છે; એટલે બીજાઓ જ્યારે તે ઓળખે ત્યારે તેમનો પણ અનુભવ મળતો આવે છે એમ માનું. આ ચિત્રો જુદાંજુદાં પ્રેક્ષકમંડળને બતાવવામાં આવ્યાં હતાં અને એવા સાત પ્રસંગમાંથી છ પ્રસંગોમાં તો પ્રેક્ષકો જ નામ બોલી ઉઠ્યા હતા. બાળકો બહુ જલદીથી નામ કહી દે છે. એથી શિક્ષણની દૃષ્ટિએ તે ચિત્રો શાળાઓ માટે ઉપયોગી ગણાયાં છે.

આવાં ચિત્રોથી મનુષ્ય પોતાને વધુ ઓળખતાં શીખે છે અને આપણા જીવનનાં જે ઘણાં દુ:ખો આપણી મનોવૃત્તિ બરોબર નહિ ઓળખ્યાથી જ ઉત્પન્ન થયાં હોય છે તેમાંના ઘણાંખરાં નિવારી શકાય છે. આપણે આપણી જાતને ખરા રૂપમાં ઓળખતાં ડરવું શા માટે ?

બધું તો ઠીક, પણ મને મારા જીવનમાં હવે શાંતિ મળી છે. મને કોઇ પણ સંપ્રદાય કે મત તરફ દ્વેષ નથી. સૌને હું માન આપું છું. અને આ ચિત્રો કરતાં તો મને પરમ સુખ અને શાંતિનો અનુભવ થાય છે; કારણકે તેમાં હૃદયની ઊર્મિ પુરી ઉતરેલી હોય છે.

તમે પુછશો કે 'આ બધાનું ફળ શું?' એનો જવાબ હું શો આપું? મને તો કરવા યોગ્ય જણાયું તે મેં પૂર્ણ ભાવથી કરી બનાવ્યું. હું જે આ પીછી લઇને બેઠો છું, તેમાં કોઇ ખાલી ધૂન કે તરંગ તો નથી જ; અને દુનિયા તરફથી પણ મને એ વિષે આદર અને ઉત્તેજન મળ્યાં છે; હવે ફળ શું આવે છે તે જોઇએ.

અજબ જેવું લાગશે, પણ આ ચિત્રો કરતાં મારી મનોદશામાં નિર્ભયતા પ્રગટી છે. કેટલાક જણાવે છે કે મારાં ચિત્રોએ કંઇકને એકાદ ઉપયોગી ભાવના, સૂચના કે એવી માનસિક સહાય આપી છે. અત્યાર સુધીમાં મેં ઓગણસાઠ જુદીજુદી મનોવૃત્તિઓ ચીતરી છે અને હજુ વધારે થશે. સંસારની અનેક મુસીબતોથી ઘેરાએલા, માર્ગ ભુલેલા જીવોને મારાં ચિત્રો લેશમાત્ર સહાયભૂત, ઉપયોગી કે સૂચક થઇ શકે તો આવાં સેંકડો ચિત્રો કરી હું વિદાય લઉં તે વેળા સંતોષ પામું કે મારૂં જીવન સાર્થક બન્યું છે.'

ડાક્ટર—(દરદીનું શરીર બરાબર તપાસીને) કસરત નહિ કરવાથી તમારી તબિયત ખરાબ થઇ છે. તમારે દરરોજ બેથી ત્રણ માઈલ ચાલવાની જરૂર છે.

દરદી—પણ સાહેબ, હું દસ વર્ષથી ટપાલીની નોકરી કરૂં છું.

❧

'શેઠજી, આ પાવલી મને અહીંથી જડી છે,' નોકરે પાવલી પાછી આપતાં કહ્યું.

'તારી પ્રમાણિકતા માટે તે હું તને ઈનામમાં આપું છું' શેઠે કહ્યું.

થોડા દિવસ પછી એક સોનાની વીંટી ખોવાઇ ગઇ ત્યારે શેઠે નોકરને પુછ્યું, 'તને વીંટી જડી છે કે?'

'હા, શેઠજી' નોકરે જવાબ આપ્યો, 'પણ મારી પ્રમાણિકતા માટે તે મેં ઇનામ તરીકે રાખી લીધી છે!'



પ્રફુલ્લને શોધખોળનો છંદ લાગ્યો હતો; અને ખરૂં કહીએ તો આ બધી મુશ્કેલીઓનું કારણ પણ એને વળગેલું એ શોધખોળનું ભૂત જ હતું.

એણે વિજ્ઞાનમાં જ આગળ વધવું જોઇતું હતું; પણ એના બાપે કે પછી એના કમનસીબે એને ઉત્તમ ગ્રંથોના અભ્યાસક્ષેત્રમાં ઉતારી મુક્યો હતો. એટલે સંસ્કૃતનાં રૂપો ગોખતાં જ્યારે એને પરસેવો વળી જતો ત્યારે એનું ભેજું જુદાંજુદાં રસાયણોની ગંધ ને ગુણ સમજવા પાછળ ખવાઇ જતું.

દુનિયામાં કોઇ પણ ચીજ એને ગમતી હોય તો તે વિજ્ઞાનશાસ્ત્ર. જ્યારે જુઓ ત્યારે રોગ કરે એવાં મિશ્રણોની થોડીક શીશીઓ, કાચની પાંચસાત નળીઓ ને હજારહજાર વાર દૂરથી માણસનો ફેંસલો કરી નાખે એવાં ગંધાતાં પ્રવાહીઓ લઇને એ એની ઓરડીના ખુણામાં બેઠો જ હોય. એ વખતે તમને એમ જ લાગે કે પ્રફુલ્લ જેટલું સુખી દુનિયા આખીમાં બીજું કોઇ નહિ હોય; ને સાચ્ચે જ એ ભારે સુખી હતો!

અમે બંને નાનપણથી જ ભાઇબંધ હતા અને પ્રફુલ્લના કેટલાક પ્રયોગોમાં મને આનંદ પડતો એટલે હું એના કામકાજમાં મદદ કરાવતો; અને ઘણી વાર ડાઘા પડી ગએલા કે ફોલ્લા ઉપડી ગએલા હાથે ઘેર જતો. એક વાર તો અણધાર્યા ધડાકાથી મારા માથાના થોડા વાળ પણ બળી ગએલા.

આ બધું ધમસાણ કેટલીક વાર એના ઘર આગળ થતું તો કોઈ વાર નિશાળમાં પણ થાય. અને આ વખતે તો અમારા નસીબમાં માંડ્યું હશે તે વર્ગમાં જ બધું બન્યું.

પ્રફુલ્લના મગજમાં કાંઇક ગાંડા વિચારો ભર્યા હતા; કઇ જાતના એ તો ચોક્કસ ન કહેવાય. એણે ચારપાંચ શીશીઓ ભેગી કરી હતી ને એ બધીમાં પ્રાણઘાતક પ્રવાહીઓ હતાં. એ પ્રવાહીઓને ગરમ કરીને તેનું અમુક જ રીતે મિશ્રણ કરવાનું હતું.

એની દુર્ગંધ માથું ફાડી નાખે એવી હતી. પ્રફુલ્લ તો જરા યે કંટાળ્યા વગર એમાં મચ્યો રહેતો પણ મને તો એવી ગુંગળામણ થતી કે 'હમણાં મુઓ, હમણાં મુઓ!' એમ જ થયા કરતું. એટલે પરિણામની ચિંતા કરતાં આપણને તો સાજાસારા બહાર નીકળવાની ચિંતા વધારે હતી.

પ્રવાહીઓ ગરમ તો થઇ ગયાં; હવે પ્રયોગની સફળતાનો બધો આધાર એ ગંધાતાં ને ખદબદતાં પ્રવાહીઓને એકદમ ઠારી નાખવામાં આવીને ઉભો રહ્યો. ઉતાવળમાં ગાંડા જેવો થઈ ગએલો પ્રફુલ્લ મારા હાથમાં પ્રવાહીનું એક પ્યાલું આપી બોલ્યો, 'આને જલદી રકેબીમાં રેડી દે, ઝટ કર.'

મેં આમતેમ નજર ફેરવી પણ એક્કે રકેબી જોવામાં આવે તો ને? પ્રવાહી રાખી શકાય એવું બીજું કશું ઠામ ત્યાં આગળ નહોતું; શાહીનો ચોખ્ખો ખડિયો યે ન મળે! મેં ચારેકોર ખુણેખાંચરે જોવા માંડ્યું.

'એ રેઢિયાળ! જલદી કરને, હમણાં બધું

બગાડી મારીશ,' પ્રફુલ્લની કરડી બુમ સંભળાઇ.

એ જ ક્ષણે મારી નજર રૂપાના પ્યાલા ઉપર પડી. વિનોદના ટેબલ પાસેના કબાટ પર એ પડ્યો હતો. કાંઇ પણ વિચાર કર્યા વગર મેં પ્યાલો ઉપાડ્યો ને પેલું પ્રવાહી અંદર ઠાલવી દીધું.

પ્રફુલ્લ બીજાં બેત્રણ પ્રવાહીઓ ઉકાળવામાં ગુંથાયો હતો. દસ મિનિટ પછી એણે બધાં પ્રવાહીઓનું છેલ્લું મિશ્રણ કરવા માંડ્યું. એમાં કદાચ એને સફળતા મળી પણ હોત; જોકે આગલા બધા પ્રયોગો જોતાં તેમ થવું તદ્દન અસંભવિત જ હતું. કારણ ગમે તે હોય, પણ એનો એક્કે પ્રયોગ હજુ સુધી સફળ નીવડ્યો નહોતો.

તેણે મારી પાસે પ્રવાહી માગ્યું એટલે મેં તેને પ્યાલો આપ્યો. હાથમાંથી પ્યાલો લેતાં જ એના ચહેરા ઉપર અજબ ફેરફાર થઇ ગયો. એક શબ્દ પણ બોલ્યા વગર તેણે મોટો કુદકો માર્યો ને થોડી વાર સુધી તો મારા સામું ટગરટગર જોઇ જ રહ્યો. એની આંખો ક્રોધમાં લાલચોળ બની ગઇ.

'ગધેડા!' છેવટે એના મ્હોંમાંથી શબ્દો નીકળ્યા ખરા; 'મૂર્ખો!'

'પણ છે શું? મારી કાંઇ ભુલ થઇ છે?' મેં જરા યે મિજાજ ખોયા વગર પુછ્યું. આજે કાંઇ નવીન નહોતું બન્યું. પ્રફુલ્લનાં આવાં સ્નેહાળ સંબોધનોથી મારા કાન ટેવાઇ ગયા હતા; કેમકે જ્યારે-જ્યારે એ પ્રયોગમાં નિષ્ફળ થતો ત્યારે બધી ચીડ મારા ઉપર જ કાઢતો.

'શું છે? આ પ્યાલામાં આંખો ફોડ જોઇએ!'

પ્યાલામાં જોતાં જ મારા તો હોશકોશ ઉડી ગયા. પ્યાલાના જેટલા ભાગમાં એ પ્રવાહી અડ્યું હતું તેટલો ભાગ કાળો મેશ જેવો પડી ગયો હતો!

'હવે મર્યા સમજ!' પ્રફુલ્લે નિસાસો નાખ્યો, 'તેં શા માટે આ ક્રિકેટ કપમાં પ્રવાહી ઠાલવ્યું?'

'તારે ધાડ આવી'તી ને મને બીજું કાંઇ ઠામ ન જડ્યું તેટલા માટે!'

'પણ રકેબી આ રહી.'

'ક્યાં?'

'મારા ટેબલમાં.'

'તારા ટેબલમાં રકેબી હોય એની મને કેવી રીતે ખબર પડે?'

'તેં પચીસ વાર મારા ટેબલમાં રકેબી જોઇ છે; તને ખબર પડવી જ જોઇએ. વળી આ પ્રવાહી રૂપાને કાળું પાડી દેશે એટલું પણ અનુમાન કરવાની તારામાં બુદ્ધિ નહોતી?' આવેશમાં ને આવેશમાં તેણે ચલાવ્યું, 'હું નહોતો ધારતો કે દુનિયામાં આટલી હદના મૂર્ખાઓ પાકતા હશે. આ વાતની જાણ થશે કે આપણે તો માર્યા જવાના. કેમકે સૌ જાણે છે કે પ્રફુલ્લને જ સાયન્સનું ઘેલું લાગ્યું છે.'

છેવટે પ્રફુલ્લ જ્યારે મને ગાળો દેતો બંધ થયો ત્યારે મેં હળવેથી પુછ્યું, 'હવે આને માટે કાંઇ ઉપાય નથી? રૂપું કાળું કયા પ્રવાહીથી પડી જાય એ તો તું જાણે છે; એ પાછું સફેદ શાથી બને એની તને ખબર નથી?'

'એ બનતું તો જરૂર હશે, પણ કયા પ્રવાહીથી એ હું નથી જાણતો.'

'જો આવી નજીવી બાબત પણ તારાથી બની શકતી ન હોય તો મને લાગે છે કે તમારા વિજ્ઞાનશાસ્ત્રમાં ઝાઝો માલ નથી,' હું બબડ્યો.

'એ પ્રયોગની જાત જ જુદી છે,' પ્રફુલ્લ કાંઇ એના વિજ્ઞાનશાસ્ત્રને નીચું પડવા દે એમ નહોતો, 'લુહાર સિવાય બીજા કોઇને એ ન આવડે.'

પ્યાલા ઉપરના ડાઘ ભુંસી નાખવા અમે અમારાથી બનતું બધું કરી ચુક્યા. ધાતુઓને ચકચકિત બનાવવાનું એક પ્રવાહી કબાટમાં પડ્યું હતું. અમે તેને રૂપાના પ્યાલા ઉપર અજમાવ્યું પણ એની કશી યે અસર થઈ નહિ. પછી અમે રેતીઓ કાગળ પ્યાલા ઉપર ઘસ્યો, પણ પેલા પ્રવાહીથી એ કાંઈ ઉતરે એવો ન હતો. એનાથી તો ઉલટા પ્યાલા ઉપર થોડાક ઘરડા પડ્યા. છેવટે અમે કંટાળીને પ્યાલો હતો ત્યાં મુકી દીધો. બીજે દિવસે એના ઉપર થોડા નવા પ્રયોગો અજમાવવાનું કામ પ્રફુલ્લને સોંપી હું ઘેર ગયો.

હું તો હવે એ ભયંકર સત્ય ક્યારે ખુલ્લું થાય છે એની રાહ જોવા લાગ્યો. બીજા ત્રણચાર પ્રયોગો પ્રફુલ્લ જાણતો ખરો; પણ એ પ્રયોગો અજમાવતાં વળી કોઇ જોઇ જાય ને વાત ઉઘાડી પડે એ બીકે તેણે એ અજમાવવાનો વિચાર જ માંડી વાળ્યો. અમે બંને આ ગુન્હામાંથી છટકી જવાના ઉપાયો

શીખવા લાગ્યા.

બીજે દિવસે સાંજે મને એક યુક્તિ સુઝી ને ખરેખર એ આબાદ હતી!

નાનપણમાં મારા બાપુ સારામાં સારા દોડનાર ગણાતા. દેશના સારાસારા દોડનારા એમની સાથે શરતમાં ઉતરેલા પણ બધા યે હાર ખાઈને જ પાછા ગયા હતા. શરતમાં વિજય મેળવવા માટે એમને ઓછામાં ઓછા દસબાર રૂપાના પ્યાલા મળ્યા હતા. બહુ જ અભિમાન લેતા હોય તેમ એ બધા પ્યાલા મારા બાપુ તેમના મિત્રોને બતાવતા.

આમાંનો એક પ્યાલો આકાર ને કદ બંનેમાં નિશાળના પ્યાલાને બરાબર મળતો આવતો. જો એ પ્યાલો ગુમ કરી હું નિશાળે ઉપાડી જાઉં ને એને મૂળ પ્યાલાને ઠેકાણે ગોઠવી દઉં; અને નિશાળનો પ્યાલો લઇ સીધો લુહારને સાફ કરવા માટે આપી દઉં તો પછી વાંધો નહોતો.

માત્ર અઠવાડિયા માટે પણ બાપુ મને એ પ્યાલો આપે એ તો તદ્દન અસંભવિત જ હતું; એટલે આપણે માટે તો માત્ર એક જ માર્ગ ખુલ્લો હતો અને તે છુમંતર કરવાનો!

પરચુરણ સામાન ભરવાની ઓરડીમાં એક કબાટમાં એ બધા પ્યાલા પડ્યા રહેતા. એ ઓરડીની કોઇ ચીજ ચાલુ વપરાશની નહોતી એટલે ત્યાં કોઇનો અવરજવર પણ ભાગ્યે જ થતો. માત્ર બાપુ ત્રણચાર દિવસે તેમના વહાલા પ્યાલાઓના દર્શનાર્થે જતા એટલું જ.

પણ આજે જ્યારે મારે એ ઓરડીમાં થોડી મિનિટની એકાન્ત જોઇતી હતી, ત્યારે એક મૂર્ખ નોકર એની આસપાસ જ આંટા માર્યા કરતો હતો! પ્યાલો ચોરવાની જરૂરિયાત એટલી બધી હતી કે તેમ કરતાં નિશાળનું મોડું થાય, એ કાંઇ મારે મન ભારે વાત નહોતી.

થોડી વાર રહી પેલો મૂર્ખ નોકર જતો રહ્યો એટલે મેં કબાટમાંથી જે પ્યાલો નિશાળના પ્યાલાને બરાબર મળતો આવતો તે બહાર કાઢ્યો. એક કાગળમાં વીંટાળી તેને પાકીટમાં સેરવી દીધો ને વર્ગમાં જઈ જગ્યાએ બેસતાં વેંત જ છુપી રીતે બહાર કાઢી મારા ટેબલમાં મુકી દીધો.

બપોરની રજામાં પ્રફુલ્લને મેં મારી યુક્તિની વાત કરી ને એના આનંદનો પણ પાર ન રહ્યો. તે બોલ્યો, 'આ યુક્તિ પાર ઉતરે તો તો બહુ મજાનું કામ થાય; પણ જો કોઇને ખબર પડી ગઇ તો ભોગ લાગ્યા સમજવા.'

'પણ ખબર પડે જ કેમ? બંને બરાબર મળતા આવે છે,' મેં મારી યુક્તિના સમર્થનમાં હાંક્યું.

'હા, મળતા તો બરાબર આવે છે,' હાથમાં પ્યાલાને આમતેમ ફેરવતો તે બબડ્યો, 'એક બાજુએ તો જરૂર!' પછી પ્યાલાની કોર ઉપરનું લખાણ તેણે મને બતાવ્યું. તેમાં મારા બાપુનું અને તેમને ભેટ આપનાર મંડળનું નામ કોતરેલું હતું.

વળી નવી મુશ્કેલી ઉભી થઇ! નામવાળા પ્યાલાને નિશાળના પ્યાલા બદલે ઘુસાડવો એ જોખમ તો જબરૂં હતું. પણ એ જોખમ ખેડ્યા સિવાય છુટકો જ નહોતો, એટલે 'થવાનું હશે એમ થશે' કરી અમે ઝંપલાવ્યું.

સાંજે નિશાળમાંથી રજા થતાં હું સીધો જ લુહારની દુકાને ગયો, અને તેને રૂપાનો કાળો પડી ગએલો પ્યાલો બતાવી મારી બધી મુશ્કેલીનો ખ્યાલ આપ્યો. લુહાર પણ બહુ ભલો માણસ નીકળ્યો ને વળી મારા જેવું ઘરાક મળતાં તો એણે સારામાં સારૂં કામ

અમરાઇ

: અંજની :

વાદળનીલી કુંજન ગલીઓ,
લાલલાલ પલ્લવ મંજરીઓ;
મધુકણની વરસંતી ઝડીઓઃ
:હોરી--અમરાઇ.

ભરમધ્યાહ્નને છાયા ઢળતી,
પકવ થતા રસભારે ફળતી;
શીત સુવાસે જગત રસળતી:
ફોરી અમરાઇ.

દે. પ.

કરી આપવાનું વચન પણ આપ્યું.

'મારે એ પ્યાલાની બહુ ઉતાવળ છે,' એને સમજણ પાડતાં મેં કહ્યું, 'ને તમને ખાતરી છે કે એ પાછો હતો એવો જ થઈ જશે?'

'હા, જેવો હતો એવો. પણ ઓછામાં ઓછું એક અઠવાડિયું તો લાગશે જ,' લુહારે જવાબ આપ્યો.

'અને એનું શું બેસશે?'

'ઓછામાં ઓછા ખર્ચે હું તમારું કામ કરી આપીશ; પછી કાંઈ?'

હવે મને હૈયે ધરપત આવી ને પ્યાલાને હતો એવી સ્થિતિમાં ફરી જોવા માટે હું દિવસો ગણવા લાગ્યો.

પણ મને સૌથી વધુ ઉપાધિ તો એ થતી કે મેં એક જોખમને બદલે બે વહોરી લીધાં હતાં. મેં પ્યાલો ગુમ કર્યો છે એ વાતની જો બાપુને ખબર પડી જાય તો એમના ગુસ્સાનો પાર જ રહે નહિ. એટલે એ ચોરી ઉઘાડી પડી જવાની બીક મને ચોવીસ કલાકમાંથી એક મિનિટ પણ છોડતી નહિ. ભુખ લાગે ત્યારે હું જમવા તો બેસતો, પણ આ બધી ચિંતાઓમાં ખોરાકનો સ્વાદ પારખવાની શક્તિ સુદ્ધાં મારી પાસેથી વગર રજાએ ચાલી ગઈ હતી.

અમારા વર્ગનો ઓરડો તો મને કતલખાના જેવો જ લાગતો. કેમકે આખા દિવસમાં જેટલી વાર હું એ પ્યાલા સામે નજર નાખતો તેટલી વાર મને ટાઢ વછુટતી.

નિશાળેથી ઘેર જતાં સુધીમાં પણ મને પ્યાલાના જ વિચારો આવે: જાણે પ્યાલો ગુમ થયાની ખબર બાપુને પડી ગઈ છે, પોલિસ સ્ટેશને ખબર આપવા એ દોડી જાય છે, નોકરોને ધમકાવે છે— ત્યાં તો મારો પગ રસ્તા વચ્ચેના કોઈ પત્થર સાથે અથડાય ને હું ભાનમાં આવી જાઉં. આમ આ બે પ્યાલાની ઉપાધિમાં મારું શરીર ઘસાતું ચાલ્યું.

અરે, મારી પથારીમાં યે એ પ્યાલા જ આળોટતા! તેના ભયંકર સ્વપ્નામાંથી હું જાગી ઉઠું ત્યારે મારું શરીર ઠંડુંગાર પડી જતું. એક વાર તો એ દુષ્ટ પ્યાલો દસ ફુટ ઊંચો થઈ ગયો, એક ઠેકડો મારી હેડમાસ્તરના ટેબલ ઉપર પડ્યો ને પેલું સંતાડી રાખેલું નામ આંધળો યે વાંચે એવડા મોટા અક્ષરોમાં તેને બતાવી દીધું.

આ ચિંતામાં ને ચિંતામાં મારું વજન ખુબ ઘટી ગયું 'હમણાં ચોરી પકડાશે, હમણાં પકડાશે,' એ બીક ચોવીસે કલાક મગજમાં ભરાઈ રહેતી, એટલે એમાં નિશાળના લેસન માટે તો સ્થાન જ નહોતું રહ્યું. તોફાન પહેલાં બેરોમીટરનો પારો એકદમ નીચે પડી જાય, તેમ સડસડાટ કરતો મારો નંબર બધા છોકરાની નીચે ઉતરી ગયો હતો.


પણ આશામાં ને આશામાં મારું જીવન ટકી રહ્યું હતું; અને ચોરી પકડાયા વગર જેમજેમ દિવસો જવા લાગ્યા તેમતેમ મારો આનંદ વધતો ગયો.

શુક્રવારની બપોર સુધી પેલી ઝઝુમતી તરવાર પડી નહોતી. શનિવાર તો ટુંકો દિવસ હતો. એ ત્રણ કલાક જો હીમેખીમે નીકળી જાય તો પછી સોમવારે તો નિશાળનો પ્યાલો લુહાર પાસેથી આવી જવાનો હતો; અને આપણે આ મહાપાપમાંથી છુટવાના હતા.

ગણિત પુરું થયું અને પીરિયડ બદલાઈને ઇતિહાસનો શરૂ થયો. આખા પ્રાંતમાં અમારા હેડમાસ્તર ઇતિહાસના ખાં ગણાતા. અને પોતાના એ વિષય માટે એમને એટલી ચીવટ અને પ્રેમ હતાં કે અમારી હાઇસ્કુલનાં બધાં ઉપલાં ધોરણોમાં એ જાતે જ ઇતિહાસ શીખવતા. હેડમાસ્તર સાહેબ ઇતિહાસ લેવા આવ્યા. મારે ને ઇતિહાસને મુળથી જ બારમો ચંદ્રમા ચાલતો અને તેમાં આઠ દિવસથી મારો અને પ્યાલાનો ઇતિહાસ ઘડાઈ રહ્યો હતો એટલે એકે સવાલનો ખરો જવાબ હું આપી શક્યો નહિ. એ મારા ઉપર ખુબ ચીડાયા, પણ મેં એમના કડવાં મેણાં પુરેપુરી નમ્રતાથી સાંભળી લીધાં.

બારને હવે પા કલાકની જ વાર હતી. એ વખતે પુસ્તકમાં 'હિંદનું પ્રાચીન કુંભારકામ ને ધાતુકામ' વિષે એક ફકરો આવ્યો. હેડમાસ્તરે એ ફકરો સમજાવવા માંડ્યો. મને વખતની બરાબર ખબર હતી, કેમકે દર પાંચ મિનિટે હું ઘડિયાળ સામું જોતો. વાસણ અને ઘરેણાંના ઘાટમાં આપણે પરદેશીઓનું કેટલું અનુકરણ કર્યું છે, એ સમજાવવાનો હેડમાસ્તરનો ખાસ મુદ્દો હતો.

'માટીના કુંજા અને ઘડાના ઘાટમાં પણ આપણે પરદેશીઓનું જ અનુકરણ કર્યું છે,' એમણે ચલાવ્યું,



આર્ય હનુમાન

ચિત્રકાર : રવિશંકર રાવળ
કુમાર : ચૈત્ર : ૧૯૮૩



'આહીર 'એ...આ' કરતો જણાતો,
લૈ ગાડરાં ઘેર ભણી પળાતો.'

ફોટો : નારણભાઇ વારા, જામનગર

'પ્રાચીન વખતમાં પાણી પીવાના પ્યાલાના જુદાજુદા ઘાટ પણ આપણે ત્યાં કેટલા સુંદર થતા! પાશ્ચાત્ય ઘાટમાં કઇ મોહકતા છે એ તો હજી મને સમજાતું નથી. દાખલા તરીકે આપણો આ ક્રિકેટના ઈનામને રૂપાનો પ્યાલો જ લો,' એટલું કહેતાં તેમણે પોતાનો હાથ લંબાવ્યો ને કબાટ પરથી મારા બાપુનો પ્યાલો ઉઠાવ્યો.

અત્યારે હું શ્વાસ પણ ભારે મુશ્કેલીથી લઇ શકતો. હૃદયના ધબકારા પળેપળે વધતા જતા. આખે શરીરે ધ્રુજારી છુટતી ને માથું ચક્કરચક્કર ફરતું.

'પ્રાચીન વખતમાં આપણે ત્યાં રૂપાના ને સોનાના પ્યાલાઓ બનાવવામાં આવતા,' હેડમાસ્તરે આગળ ચલાવ્યું, 'અને એમાં કીમતી મોતી પણ બેસાડવામાં આવતાં. એના ઉપર સુંદર કોતરકામ થતું અરે તદ્દન સાદાં વાસણો પણ અતિ મોહક—'

બોલતાંબોલતાં એ પ્યાલાને હાથમાં ફેરવતા જતા ને બારીકીથી નીહાળતા. એટલે જ્યારે એ અટકી પડયા ત્યારે મેં જાણ્યું કે એમણે પેલું ભયંકર સત્ય શોધી કાઢયું છે; ને આપણો મામલો ખલાસ!

બોલતાંબોલતાં એ આમ એકદમ અવાચક થઈ ગયા ને પ્યાલા સામે એકીટશે જોઇ રહ્યા તેથી બધા છોકરાને ભારે નવાઇ લાગી. પણ અમે તો જાણતા જ હતા—હું ને પ્રફુલ્લ.

એ શાંતિ ઝાઝી વાર ટકી નહિ. એમણે પ્યાલો નીચે મુકી દીધો ને વખત થતાં સુધી પોતાનું ભાષણ આગળ ચલાવ્યું. રજા થયા પહેલાં માત્ર દસ મિનિટ અગાઉ જ આ બનાવ બન્યો હતો, પણ એના કરતાં લાંબી મિનિટો મારી આખી જીંદગીમાં કદિ ગઇ હોય એવું મને સાંભરતું નથી. મારા બાપુના નામ ઉપરથી એમણે ગુન્હેગારને તરત શોધી કાઢયો હતો.

'ધીરૂ, તારે રોકાવાનું છે. મારે થોડી વાત કરવી છે.' હેડમાસ્તરે કહ્યું.

એ તો મેં ધાર્યું જ હતું. મેં સઘળી હીંમત એકઠી કરી લીધી અને જ્યારે બધા છોકરા રવાના થઇ ગયા ત્યારે હું એમની પાસે ગયો. બન્યું હતું તેમ બધું સાચ્ચેસાચું મેં એમને કહી દીધું; માત્ર પ્રફુલ્લનું નામ એ આખી વાતમાં આવવા દીધું નહિ.

'સોમવારે હું એ પ્યાલો પાછો લેતો આવીશ, સાહેબ,' મેં અંતમાં કહ્યું 'ને ત્યારે એ એની અસલ સ્થિતિમાં જ હશે.'

'પ્યાલાની સ્થિતિ ગમે તે હોય; તેની મને દરકાર નથી;' હેડમાસ્તરે કહ્યું ને એમણે મારી સામે એવી રીતે જોયું કે એમની આગળ મને મારી પોતાની લાયકાત કશી જ લાગી નહિ. 'મૂર્ખાઇ કરવી એ કુમારો માટે કાંઇ નવી વાત નથી, એમના ઉછળતા લોહીને કાંઇક તોફાન કર્યાસિવાય ચેન જ નથી પડતું;' એમણે આગળ ચલાવ્યું, 'પણ નામર્દાઇ ને છળકપટના ગુન્હા હું કદિ માફ કરી શકીશ નહિ.' પછી એમણે મને જે કાંઇ કહ્યું ને જે શિક્ષા કરી એ બધું અંધકારમાં જ રહેશે.

ત્યારથી મેં નિશ્ચય કર્યો કે મારે હાથે જ્યારેજ્યારે કાંઈ નુકશાન થશે ત્યારે હું એ સંતાડવા પ્રયત્ન નહિ કરૂં. હું મારી ભુલ તરત કબુલ કરી લઇશ ને પરિણામ માટે તૈયાર રહીશ. ગુન્હો ઉઘાડો પડે છે ત્યારે સૌને ભાન થાય છે કે ગુન્હાને સંતાડવામાં કશો ફાયદો નથી. લપાવાછુપાવાની જીવડાંની રીત કોઇ રીતે અનુકરણ કરવા જેવી તો નથી જ.

(અંગ્રેજી ઉપરથી)

એ કામ મારૂં નહિ

આ વાકય તમારે મોઢે ઘણી વાર આવી જતું હશે. પણ તેની પાછળ તમારો કેટલો વિકાસ રૂંધાઈ રહ્યો છે તેનો ખ્યાલ તમને ભાગ્યે જ આવતો હશે. મારા એક સ્નેહી કારીગર છે. તેણે પોતાના ભત્રિજાને યંત્રનો ઇજનેર કરવાના ઇરાદાથી યંત્રશાળામાં મુકયો છે. એક વાર ઘરના કામમાં કાકાએ ભત્રિજાને એક ચીજ પર કાનસ મારી સાફ કરવા કહ્યું, તે વખતે તેણે ઉપરનું જ વાકય કહ્યું: 'કાકા, એ કામ મારૂં નહિ. કાનસ મારવી એ તો સાધારણ મજુરનું કામ છે.' એ જ વર્ષે તેને પરીક્ષા આપવા મુંબઇ જવાનું હતું. કાકા પણ સાથે ગયા. જોગાનજોગ બન્યું એવું કે પરીક્ષકે ક્રિયાત્મક પરીક્ષા તરીકે તેને પાંચ ફુટ લંબાઇના એક રૂલ પર હાથથી કાનસ મારી સીધી સપાટીમાં એક જ દોરો ઘસી આપવા કહ્યું. એક જ દોરો: વધુ નહિ, ઓછું નહિ; અને કોઈ પણ યાંત્રિક મદદ સિવાય,—માત્ર હાથ અને નજરથી.

તમે શું ધારો છો? 'એ કામ મારૂં નહિ' કહેનાર તેનું વર્ષ હારી બેઠો. પોતાની પદવી કે હોદ્દાના અભિમાનથી જ્યારે માણસ નાનાં કામની તાલીમની અવગણના કરે છે ત્યારે તેને મોટું નુકસાન થાય છે.

મારી પોતાની વાત

કાળુપુર સાકરબજારને છેડે હાલ ગેટ છે ત્યાં શહેરનો છેડો હતો. સાકર બજાર, મસ્કતી મારકેટ, પ્રેમ દરવાજાનો રસ્તો કે સ્ટેશન બાજુનો રસ્તો એ બધું ઉજ્જડ હતું. હાલ સરસપુર જવાનો પુલ છે ત્યાં એક નાનો પુલ હતો. વચમાં હાલ નાની ગાડીનું સ્ટેશન છે ત્યાં દાદરો હતો અને પગથિયાં ઉપર બેઠાબેઠા જતીઆવતી ગાડીઓ જોવાતી. ઉનાળાની રજાઓમાં આ પગથિયાં પર બેસીને ગાડીઓ જોવા અમે જતા અને કલાકોના કલાકો સુધી ત્યાં જ બેસી રહેતા.

ઉનાળામાં સવારની નિશાળો હોવાથી તમામ છોકરાં આમ જ ભટકતાં. કોઇ પગ વાળીને ઘેર બેસે કે બપોરે ઉંઘે એવી તો આશા જ ન રાખવી. તડકો ન નડે એ માટે માસ્તરો સવારની નિશાળો રાખતા, પણ અમે લોકો તો તડકાનો આમ જ લાભ લેતા અને માસ્તરોની અક્કલ પર ફીદા થતા હતા.

પુલ પર બેઠાબેઠા ગાડીઓ જોવાની બહુ મઝા આવતી. જતાઆવતા મુસાફર લોકો, દિલ્હી, આગ્રા, સિંધ, મારવાડ વગેરે દેશનાં સ્ત્રીપુરુષો અમે જોતા અને નવાઇ પામતા. કોઇ વાર પૈસા બે પૈસાનું ચવાણું પણ લેતા. અને પછી ધીમેધીમે બીડીઓ પીવાની પણ પ્રૅક્ટિસ કરવા માંડી!

'તલ્લક બીડી ચાર પાઇની પચીસ.' કેવી સોંઘવારી? હાલ પૈસાની ૮ પણ ભાગ્યે જ મળે છે, ત્યારે તે વખતે ચાર પાઈની પચીસ મળતી. પછી વળી એ જ વેચનારે હરીફાઈ વધવાથી—

'પૈસાની પચીસ બીડી પીને લે, ભઇ, પીને લે'

એમ ભાવ સોંઘા કરી નાખ્યા. લોકોને બીડીઓ પીતા જોઇને અમને પણ શૅાખ થઈ આવ્યો. ખાવાનામાંથી પાઇ બચાવીને બીડીમાં નાખીએ. ટોપીઓમાં કાણાં કરીને સંતાડવી પડે, કારણ કે ઘેર પકડાવાનો ભો. પણ કોઈ કહે બીડીઓ પીનારના હોઠ કાળા થઇ જાય છે ને પકડાયા વગર રહે નહિ. એથી હું વારંવાર હોઠ અરીસામાં જોયા કરતો, પણ હજી મારા હોઠ કાળા નહોતા થયા!

એક દિવસ કંઇક કડક તમાકુની બીડી પીવામાં આવી ને ચડી. ફેર આવે, મોળ આવે અને પછી માથું દુખવા લાગ્યું. હેરાનગતી એટલી બધી થઇ કે તે જ દિવસથી બીડી નહિ પીવાની પ્રતિજ્ઞા કરી તે આજ સુધી ફરી મેં કદિ પીધી નથી.

બીડીના પ્રત્યક્ષ નુકશાન અનુભવ્યા પછી ભાંગ માઝમનો પણ અનુભવ કરી નાખેલો. ઉનાળામાં અમારાં ઘરોમાં કોઇકોઇ વાર ભાંગ કાઢવામાં આવતી, પણ એ સખત નહિ હોવાથી અમને કદિ ચડતી નહિ. ભાઈ હ. ને મનમાં એમ થયું કે ભાંગ નથી ચડતી એ તે કંઇ ઠીક? ન ચડે તો ઉપરથી માઝમ ખાઇએ, પણ એની લહેર જોવી જોઇએ. માઝમની વાત મનમાં રાખીને કહે 'ચાલો દોસ્તો! ગમ્મત કરાવું?' માઝમ જરાક લીલા રંગની ને મીઠી સાકર જેવી લાગે છે. મેં તો એ કોઇ દિવસ જોઇ પણ નહોતી અને એ શી ચીજ છે તેની પણ મને ખબર નહોતી. હ. એ બધાને ખવડાવ્યા પછી કહ્યું કે હવે ગમ્મત જોજો. કલાકેકમાં માઝમ ચડી ને રાતાંપીળાં દેખાવા લાગ્યાં. નાતમાં જમવાનું હતું ત્યાં જ ગાંડાં કાઢીએ ને ચક્કરચક્કર ફરીએ. જમવાને હજી વાર હતી તે પહેલાં તો ગભરામણ થવા માંડી અને બેભાન થઇ જવાશે એવું લાગવાથી હું ખાધા વગર જ ઘેર ગયો. કેટલી યે વારે દવા વગેરેના ઉપચાર પછી જીવ પરાણે ઠેકાણે આવ્યો. ઘણી મીઠી ચીજો પરિણામે કેવી દુઃખદાયક નીવડે છે તે સમજી તે જ દિવસથી ભાંગ વગેરે માદક પદાર્થોને અડકવું જ નહિ એવી પ્રતિજ્ઞા કરી તે આજ દિન સુધી ટકી છે.

દારૂ તો અમારા સગામાં એક જણ બહુ જ પીતા હતા. એમનાં તન, મન અને ધનની ખુવારી પ્રત્યક્ષ જોએલી હોવાથી દારૂના પંજામાં તો હું કે અમારા ટોળામાંથી પણ કોઇ કદાપિ ફસાયા નથી.

જુગાર રમવાનો ચાલ અમારી જ્ઞાતિમાં હતો. નાતની વાડીમાં દીવાળી, દશેરા, બળેવ વગેરે મોટા તહેવારોના દિવસોમાં જુવાનવર્ગ જુગાર રમતો હતો. એનો સ્વાદ પણ સેવકે ચાખ્યો છે અને બેત્રણ વર્ષમાં એનાથી ધરાઇ ગયો છે. 'જુગારથી નળરાજા ખુવાર થયા અને પાંડવોનાં રાજ્ય ગયાં' એ વાત મારી બાએ પછીથી એટલી ઠસાવી કે એ રસ્તે પણ ફરી વાર કદિ હું ચડ્યો નથી, એટલું જ નહિ પણ શેરસટ્ટા, ઘોડ-દોડની સરતો, સોરટી કે સટોરિયા જેવા ધંધાને છાંયડે પણ હું કદિ ઉભો નથી.

પત્તાં, સોગટાંબાજી વગેરે રમતોમાંથી પણ કલેશકંકાસ અને સમયની બરબાદી થાય છે એ વાત સમજાઇ ગઇ એટલે એનો પણ ૧૬ ૧૭ વર્ષની ઉમરે જ ત્યાગ કર્યો.

આ બધાં વ્યસનોથી થોડામાં થાકી ઇશ્વરકૃપાએ એક વાંચનનું વ્યસન કેમ પડ્યું અને કસરત જેવી આરોગ્યવર્ધક રમતનો છંદ કેમ લાગ્યો એ વાત હવે પછી.

હરિપ્રસાદ પ્ર. દેસાઈ



જન્મોત્રી

: ઇન્દ્રવજ્રા :

૧

આજે મને એક થઇ છ હોંશ,
તે ભાઇ તારો નકી જોઉં જોષ;
જન્મોત્રી તારી અહીં લાવ, વારુ,
એમાં ગણીને કહું ભાવિ તારું.

૨

સૌથી વધારે ગ્રહ જે સતાવે,
તોફાન મસ્તી હસમો મચાવે;
નિત્યે તને એ પજવી હસાવે,
જાણે પનોતી તુજને નચાવે.

૩

એથી મને જો કંઇ દાન થાય,
તો નક્કી આજે ગ્રહશાંતિ થાય;
બાકી બધો છે ગ્રહયોગ સારો,
ને સૂચવે એ ચડતો સિતારો.

૪

ને જો અહીં આ શુભ શુક્ર જાતે,
લગ્ને પડ્યો તે સુખ સર્વ વાતે;
તે સર્વ કાર્યે ફલસિદ્ધિ આપે,
ને દેશદેશાવર કીર્તિ વ્યાપે.

૫

ને સૂર્ય તો સન્મતિ અર્પનાર,
છે ઉચ્ચ તે આયુ વધારનાર;
વિદ્યા તણો યોગ ગુરુ અપાવે,
એકાદ નક્કી કવિતા લખાવે.

૬

બેઠો અહીં આ બુધ રાજ્યદ્વારે,
તે ભાઇની કાંતિ વળી વધારે;
ને કેન્દ્રસ્થાને વળી સાથ બીજો,
સ્વગૃહમાં ચન્દ્ર જ કર્કનો જો.

૭

ને શત્રુસ્થાને શનિદેવ બેઠા,
નાખે બધાયે સહુ શત્રુ હેઠા;
ને રાહુ કેતુ અહીં કુંડ ચક્રે,
એવા પડ્યા કે ન કદિ ય વક્રે.

૮

છેલ્લું હું જોઉં તુજ બંધુસ્થાન,
ત્યાં ઉચ્ચ આ મંગળનું નિદાન:
(ને ભાઇ! તારે નથી બન્ધુ કેની ?)
તે સર્વમાં મંગળ વાંછનારી,
આ હું રહી એક જ બ્હેન તારી!

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા



સંધ્યા રસ

ગૌરીશંકર તળાવનું દર્શન ઓચિંતું થાય છે. આપણે બગીચામાં ગયા, ઝાડોની શોભા જોઈ, ચીની રકાબીના કકડાથી બનાવેલા નિર્જીવ હાથી, ઘોડા, વાઘ, સિંહનો રૉફ અને ઝાડો વચ્ચે લહેર કરતાં સજીવ પક્ષીઓનો કલરવ સાંભળી, તળાવને કાંઠે આવીએ, પગથિયાં ચઢવા માંડીએ, ઠંડા પવનની શાંતિ અનુભવીએ, તો યે કલ્પના ન થાય કે તળાવ કેવું હશે. છેલ્લે પગથિયે જઇ પગ દીધો અને એકદમ જાણે આકાશ ચીરીને અપ્સરા-પ્રગટ થઇ હોય તેમ સરોવરનાં નીર આપણી સામે સસ્મિત વદને જોઇ રહે છે. તમે ભલે એકલા જ સરોવરને દર્શને જાઓ, ત્યાં તમે એકલા રહેવાના નથી. આકાશનાં વાદળાં અને ઉતાવળે દોડી આવેલી સંધ્યાતારકાને તમારી સાથે જ સરોવરની શોભા નિહાળતી તમે જોશો.

સરોવર હમેશાં નીચાણમાં હોય. ડુંગર નીચે ઉતરીએ ત્યારે સરોવરનાં જળમાં પગ પખાળવા પામીએ. પણ આ તો જાણે ગંધર્વકાસાર; જાણે વાદળાં પીગળીને ટેકરીને માથે છલકાતાં હોય!

સામો કાંઠો દેખાય એવું સરોવર કોને ગમે? આટલાં પાણી ક્યાંથી આવે છે એવી અતૃપ્ત જિજ્ઞાસા જેની સાથે ન હોય તેના સૌંદર્યમાં દૈવી ગૂઢ ભાવ ક્યાંથી જડવાનો? રેલવે લાઇન પણ જો સાવ સીધી હોય તો આપણને ગમે નહિ. ઊંચાણ હોય, નીચાણ હોય, જમણી કે ડાબી બાજુ વાંક હોય તો જ એ શોભે. સરોવર એ કંઇ ધોધ નથી કે ઊંચા-નીચાની ક્રીડા બનાવે. ગૌરીશંકર ચારે બાજુથી ટેકરીઓથી ઘેરાએલું છે. પણ એ ટેકરીઓ મરણિયા થએલા વીરોની પેઠે ભીડ કરીને ઉભી નથી રહેલી, તેથી પાણીને આમતેમ બધી બાજુ ફેલાઇ જવાનો અવકાશ મળ્યો છે.

સરોવરના બાંધ ઉપરથી પશ્ચિમ તરફ જોતાં એકાદ અદ્દભુત નવલકથામાં નવે રસ ગુંથેલા હોય તેમ જાતજાતના રંગ પાણીમાં ફેલાએલા દેખાય છે. પગ તળે આત્મહત્યાનો ઘેરો લીલો રંગ જાણે ક્ષણેક્ષણે આપણને અંદર બોલાવતો હોય એવો દેખાય છે. એમાં પણ બધે સરખાપણું નથી. કોક ઠેકાણે મેંદીના પાન જેટલો ઘેરો, તો કોક ઠેકાણે લિંબોઇના પાન જેટલો ઊંડો. ખુબ નિહાળીએ ત્યારે લાગે છે કે એ પાણીનો રંગ નથી પણ પાણીમાં લપાએલું સ્વતંત્ર ઝેર છે. સહેજ આગળ જુઓ એટલે નિરાશામાંથી આશા પ્રગટ થતી હોય તેવો બદામી રંગ દેખાય છે. રંગ તો બદામી, પણ એમાં ધાતુનો ચળકાટ છે. આગળ જઈ એ જ રંગ થોડુંક રૂપાન્તર પામી નારંગી વર્ણે સંધ્યાનું ઉપસ્થાન કરતો દેખાય છે. વાદળાંની જાંબુડી છાયા જો આડે ન આવી હોત, તો કોણ જાણે આ બાજુના નારંગી અને પેલી બાજુના સોનેરી વચ્ચે કેવી શોભા ખીલત!

આપણું ધ્યાન સોનેરી રંગ તરફ જાય એ પહેલાં જ મંદમંદ વહેતો પવન જલપૃષ્ઠ ઉપર સુક્ષ્મ વીચિમાલા ઉત્પન્ન કરી આપણને કહે છે, 'આ સમયોચિત સ્તોત્ર તો સાંભળો!' સામેની ટેકરીએ માથું ઊંચું ન કર્યું હોત તો આ રસવતી પૃથ્વી ક્યાં પુરી થાય છે અને નિ:શબ્દ આકાશ ક્યાં શરૂ થાય છે એ જાણવું કોઇ પંડિતને પણ અઘરૂં થઇ પડત.

ડાબી બાજુએ મેંદીની વાડ છે. સુઘડ વાડો

જોવાનું કોને ન ગમે? પણ શૃંગારસાધિકા મેંદીનો શિરચ્છેદ મને જરૂર અસહ્ય લાગે છે. જમણી બાજુ જાણે સૂર્યનું તેજ ઠંડું પડેલું પણ થીજેલું નહિ એવું સરોવર, અને ડાબી બાજુ નીચે ધાડી પાતળી ઝાડી. આવા પરસ્પર ભિન્ન રસ વચ્ચે જનકની પેઠે યોગયુક્ત ચિત્તે અમે આગળ ચાલ્યા. ત્યાં આવ્યો નિરાધાર સેતુ. સંસ્કૃત કવિઓએ એને જોયો હોત તો એનું નામ શિક્યસેતુ જ પાડ્યું હોત. આવા સેતુની શોધ પહેલવહેલી હિમાલયના વનેચરોએ જ કરેલી હોવી જોઇએ. આ નિરાધાર પુલ આપણને હળવે પગે લઇ જાય છે. પાણી વચ્ચે તપ કરતા ઋષિ જેવા એક બેટના જટાભારમાં પુલની અધવચ પહોંચ્યા એટલે આતિથ્યશીલ જળ ચેતવે છે, 'સાચવીને ચાલો, સાચવીને ચાલો.' અને યોગ્ય સંધિ જોઇને પાણી પાદપ્રક્ષાલન કરતાં પણ ચુકે નહિ.

અને પેલો દ્વીપ? એ તો નીરવ શાન્તિની મૂર્તિ. ચંદ્રમા પાણીમાં આટલો ખડખડાટ હસે છે છતાં એનો પડઘો ક્યાંય સંભળાતો નથી. જાણે કુદરતને બીક લાગે છે કે રખેને ધ્યાનીમુનિની શાન્તિમાં ભંગ થાય. આ બેટમાં નથી રહેતો કોઈ સરપ કે નથી રહેતો કોઇ કાકીડો. પક્ષીઓ હોય તો યે પોતાના માળામાં નિશ્ચિત સુઈ ગએલાં છે. આતિથેય મંડપ તળે અમે જઇ બેઠા. હવે તો પાણી ઉપર અજ્ઞાત અંધકારની છાયા ફેલાવા લાગી હતી. અષ્ટમીનું ચાંદરણું તો સીધું સોંસરૂં ઉતરીને પાણીમાં ઉતરી જતું હતું. ફક્ત જાતિવૈરી સુરઅસુરના ગુરુઓ દીર્ઘવિગ્રહથી કંટાળીને કંઇક વિષ્ટિ કરવા માટે ભેગા થયા હોય તેમ પશ્ચિમે ચળકતા હતા. પ્રકાશ અને અંધકારની સંધિ કરવાનો સંધ્યાએ અનેક વાર પ્રયત્ન કર્યો છે. તેમાં જો તે કોઇ કાળે ફાવે તો જ સુરઅસુરો વચ્ચે કાયમનું સમાધાન થાય. જુઓ, બંનેના ગુરુઓ પોતાની દિશા ફેરવી પોતાની સ્વભાવોચિત ગતિએ ચાલ્યા જાય છે, અને સંધ્યાકાળની રક્ત કાલિમા બંનેને કશા પક્ષપાત વગર ઘેરી લે છે. હમેશ વિગ્રહ જ રાખે તેનો અસ્ત થવો જ જોઇએ.

હવે પાણીએ પોતાનો રંગ બદલ્યો. અત્યાર સુધી જાણે ચાંદીના રસ્તાઓ બનાવ્યા ન હોય તેવા પટાઓ પાણીના પૃષ્ઠ પર વગરકારણે દેખાતા હતા તે હવે બંધ થયા. ખેલ બહુ થયો, હવે ગંભીરપણે વિચાર કરવો જોઇએ, એમ કંઇક લાગવાથી પાણીની મુખમુદ્રા અંતર્મુખ થઇ છે. ટેકરીઓ પ્રેતલોકના વાસનાદેહ વિચરતા હોય તેવી દેખાવા લાગી. વિસ્તીર્ણ શાંતિ પણ કેટલી અસ્વસ્થ કરી શકે છે એનો ખ્યાલ અહીં પુરેપુરો આવે છે. બધી ટેકરીઓ જાણે આપણો એક અવાજ સાંભળવાની જ રાહ જોતી ન હોય! જરાક સાદ પાડીએ તો 'હાહા! એ આવીએ! એ આવીએ!' એમ કહેતી દોડતી આવશે એ વિષે જરા યે શંકા નથી રહેતી. પણ એમને બોલાવવાની હીંમત જ કેમ ચાલે? શું આ ટેકરીઓ કોઇ જોતું ન હોય ત્યારે મધરાતે કપડાં ઉતારીને સરોવરમાં નહાવા પડતી હશે? આજે તો નહિ જ ઉતરે, કેમકે દુર્વિનીત ચંદ્રમા મધરાત સુધી એકીટશે સરોવરમાં જોતો હશે. અને મધરાત પહેલાં જ શિશિરની ટાઢનું સામ્રાજ્ય શરૂ થવાનું. પછી ઉષઃકાલ પહેલાં માઘસ્નાન કરવાની એમની મનીષા હોય તો કોણ જાણે. આવા કાંઇક પુણ્યસંચય વગર ટેકરીઓને પણ આટલી સ્થિરતા શી રીતે મળે?

કોક પુલ પરથી ચાલ્યું દેખાય . પાણીમાં ખળભળાટ સંભળાય છે, અને એમાંથી નીકળતાં મોજાંનાં કુંડાળાં દૂરદૂર દોડે છે. લોકો પોતપોતાનાં ગામડામાં રહેતાં છતાં, જેમ ખબરો એમની મારફતે દૂરદૂરની મુસાફરી કરે છે તેમ પુલ પાસેનો ક્ષોભ આ રીતે કિનારા સુધી પહોંચવાનો. શરીરમાં એક ઠેકાણે વાગે તો આખા શરીરને જેમ એની ખબર પડે છે તેમ જ પાણીનું પણ છે. પાણીની શાંતિનો ભંગ થાય તો એને પરિણામે એના ઉદરમાં આખું બ્રહ્માંડ ડોલવા લાગે છે.

હવે તારાઓનો રાસ શરૂ થયો. પાણીમાં એનું પ્રતિબિંબ તો પડ્યું છે, પણ ભૂલોકનો તાલ જુદો જ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર


પુછો તંત્રીને

(૧) દરિયાની ઉંડાઈ કેમ માપવામાં આવે છે? (૨) કોઈ પણ એંજીન કે સંચાની શક્તિનું માપ બતાવવા માટે 'હૉર્સ પાવર' (ઘોડાબળ) શબ્દ કેમ યોજાયો? (૩) લશ્કરમાં ખાખી રંગનાં કપડાંનો ઉપયોગ ક્યારથી શરૂ થયો? (૪) દુનિયામાં ઉંચામાં ઉંચો પુલ કયો છે? (૫) વિજળીથી મૃત્યુ કેમ નીપજતું હશે?

રબર

રબરની જરૂરિયાત વિષે બધાને ખબર હોવા છતાં, જ્યારે કોઇ પણ વ્યક્તિને આપણે તે સંબંધે પ્રશ્ન પુછીએ છીએ ત્યારે ઉત્તર મેળવવામાં નિરાશા જ અનુભવવી પડે છે. રબર કેવી રીતે બનાવવામાં આવે છે એ જો કોઇને પુછીશું તો 'ઝાડના દુધમાંથી' એટલો ટુંકો ને ટચ જવાબ મળશે. આ અજ્ઞાનનાં મુખ્યત્વે બે કારણો છે: એક તો એ વિષે જાણવાની બેદરકારી ને બીજું કદાચ કોઇને એ વિષે જાણવાની ઇંતેજારી થાય, તો પણ ગુજરાતી ભાષામાં એ વિષયના સાહિત્ય વગર અટકી રહેવું પડે એ.

એક પ્રખ્યાત ઇતિહાસકારના કહેવા પ્રમાણે ઇ. સ. ૧૪૯૩માં કોલમ્બસે પહેલવહેલું રબર જોયું. તેની બીજી સફર વખતે વેસ્ટ ઇન્ડીઝમાં હૈટીના ટાપુમાં ત્યાંના વતનીઓને રબરના દડાથી રમતા તેણે જોએલા. આ પછી ૧૭મી સદીમાં સ્પેનીઅર્ડ લોકો કપડાંને પાણીથી ન ભીંજાય એવાં કરવા માટે રબર વાપરવા લાગ્યા. ૧૮મી સદીની શરૂઆતમાં લિસ્બન શહેરમાં રબરનો માલ આયાત થતો. આ માલ તે વખતે ટોપી, બુટ અને કોથળાઓનો જ હતો. ૧૭૫૯માં પેરાની સરકારે પોર્ટુગાલના રાજાને એક રબરના પોશાકની ભેટ મોકલેલી. પેન્સિલના ડાઘ કાઢવા માટે રબરનો ઉપયોગ તો ઇ.સ.૧૭૭૦માં પ્રીસ્ટલીએ જ શોધી કાઢ્યો. રબર નામ પણ આ ગુણ ઉપરથી જ પડ્યું છે. અંગ્રેજીમાં રબ એટલે ઘસવું અર્થ થાય છે. રબરને ઇન્ડિયા રબર પણ કહેવામાં આવે છે. શરૂઆતમાં રબરને 'કાઉચુક' કહેતા.




રબરનાં બી તથા ફુટતો રોપ. નીચે ફુટપટ્ટી બતાવી છે તે ઉપરથી રબરનાં બી તથા છોડ અને પાંદડાનાં કદ, લંબાઈ, પહોળાઈ વગેરે જાણી શકાશે.

જેમજેમ વખત જતો ગયો તેમતેમ બીજા દેશોનું પણ આ વસ્તુ તરફ આકર્ષણ થયું અને ૧૮૨૦માં એક વહાણ રબરનો માલ ભરી બોસ્ટન ગયું. અમેરિકાના સુધરતા જતા વતનીઓને રબરના બુટ ખુબ જ ગમ્યા અને એમણે થોડા જ વખત પછી પોતાના દેશમાં રબરનું કારખાનું ખોલ્યું. પરંતુ ત્યાં પડતી સખત ગરમીને લીધે એમાં તેઓ નિષ્ફળ થયા; એટલે એમણે કાંઇક યુક્તિ શોધવા માંડી.

એમણે ગંધકની મદદથી રબરને ગંધકિત (વલ્કેનાઇઝ) કર્યું. આ શોધ નેલ્સન ગુડ્યઅરે ૧૮૩૯માં કરી. ત્યાર પછી મૅકિન્ટોશે રબરને નેપ્થામાં ઓગાળી પાણીથી ન ભીંજાય એવું બનાવ્યું. આવી રીતે ધીમેધીમે રબરની બનાવટમાં સુધારો થતો આવ્યો ને પરિણામે આજે આપણી આસપાસ હજારો ચીજો રબરની બનેલી નજરે પડે છે.

રબર ઉગાડનાર મુખ્ય દેશો આટલા છે: દક્ષિણ અમેરિકા, પેરા અને એમેઝોનના પ્રદેશો, પુર્વ અને પશ્ચિમ આફ્રિકા, હિંદુસ્તાન, ચીન અને મલાયા દ્વિપકલ્પ. હિંદમાં રબર ઉગાડનાર મુખ્ય સ્થળો સીલોન, મલબાર કિનારો, બ્રહ્મદેશ, સિયામ, કોચીન, સિકિમ, ભુતાન, આસામ અને દાર્જિલિંગ છે.

દુનિયાને ૯૦ ટકા રબર તો મલાયા પ્રાંતો જ પુરૂં પાડે છે; અને તેમાંયે સુમાત્રાનો હિસ્સો તો સૌથી વધારે છે, કેમકે આ એક જ ટાપુમાં પચાસ લાખથી પણ વધારે રબરનાં ઝાડ છે. ત્યાં રબરનાં ઝાડ ૭૨ ચોરસ માઇલના વિસ્તારમાં રોપાએલાં છે. રબર ઉગાડવામાં આખી દુનિયામાં સૌથી પહેલે નંબરે 'રૉયલ કોર્ડ કંપની' નામે સંસ્થા છે. સુમાત્રાનો ટાપુ એક



રબરના થડમાં રસ કાઢવા માટે જુદીજુદી રીતે મુકવામાં આવતા કાપ



મલાયાના ખેતરમાં રબરના ઝાડમાં રસ માટે કાપ મુકતો ખેડુત. રસ ઝીલવા માટે થડના નીચેના ભાગ પર વાળાથી બાંધેલો પ્યાલો દેખાય છે.

હજાર માઇલ લાંબો છે. ત્યાં લેટેક્સ નામનો દુધ જેવો એક પદાર્થ પુષ્કળ પ્રમાણમા મળી આવે છે ને તેમાંથી મોટરકારોનાં ટાયરો ને રબરની બીજી અનેક ચીજો બનાવવામાં આવે છે.

રબરનાં ઝાડ કેટલેક ઠેકાણે કુદરતી રીતે ઉગે છે અને કેટલેક ઠેકાણે એનું વાવેતર કરવામાં આવે છે. આપણા દેશમાં ઘણુંકરીને વાવેતર કરેલાં ઝાડ-માંથી રબર મેળવાય છે. આ વાવેતરની શરૂઆત કેવી રીતે થઇ એ જાણવા જેવું છે. એચ. એ. વીકહામ જ્યારે પેરામાં રહેતો હતો ત્યારે તેને વિચાર આવ્યો કે જો આ રબરનાં ઝાડ હિંદુસ્તાનમાં ઉછેરાય તો ત્યાંની અનુકુળ આબોહવાને લીધે આગળ જતાં સારો લાભ થાય એમ છે. આ વિચાર આવતાં જ તેણે ઇંડિયા ઑફિસ મારફતે પોતાની યોજનાને અમલમાં મુકવા માટે પ્રયત્ન આદર્યો; અને ૧૮૭૬માં રબરના ઝાડનાં બી લઇને તે અહીં આવી પહોંચ્યો. જો પેરાની સરકારને તે વખતે આ ખબર હોત તો વીકહામને અહીં આવવા જ દીધો ન હોત.

રબરનાં માત્ર ઝાડ જ હોય એવું કાંઇ નથી; છોડવા ને વેલાઓ પણ રબર આપે છે. વળી રબરના ઝાડોમાં પણ જુદીજુદી જાતો હોય છે. એમાં સૌથી સરસ જાત પેરામાં ઉગતી હેવીઆ (Hevia) નામની છે. હિંદુસ્તાનમાં વાવેલાં ઝાડ પણ આજ જાતનાં છે. આ ઝાડમાંથી ઉંચામાં ઉંચી જાતનું રબર તૈયાર થાય છે. એક સારૂં ઝાડ દર વર્ષે લગભગ અરધો મણ રબર આપે છે.

બીજી જાત કેસ્ટિલોઆ ઇલેસ્ટિકા (**Castiloa elastica**) નામની થાય છે. તે સીલોન, બ્રહ્મદેશ વગેરે સ્થળે ઉગાડવામાં આવે છે. ફાઇકસ ઇલેસ્ટિકા (**Ficus elastica**) નામની જાત ખાસીઆની ટેકરીઓ, બ્રહ્મદેશ, નેપાળ વગેરે સ્થળે ઉગે છે. આ ઝાડ વડને મળતું હોઇ તેનાં મુળ નીચે ઉતરી વડવાઇની પેઠે જમીનમાં જાય છે. આવી રીતે રબર ઘણી જાતનાં ઝાડમાંથી મળી આવે છે. એ બધી જાત ગણવા બેસીએ તો કંટાળો જ આવે. આપણે મુખ્યમુખ્ય ટુંકામાં જ જોઈ જઇએ. ગુવાયુલે નામનો છોડ દક્ષિણ અમેરિકામાં, કોનેમોફાં મેક્રોશીલીઆ નામનો વેલો બંગાળમાં અને ક્રીપ્ટોસ્ટેજીઆ ગ્રાન્ડી-ફ્લોરા દક્ષિણમાં ઉગે છે.

હવે ઝાડનો રસ કાઢવાની રીત જોઇએ: આ બધાં ઝાડોમાં હેવીઆ વધારે જરૂરનું હોવાથી એને જરા વિસ્તારથી તપાસીએ. જ્યારે એ ઝાડ પાંચેક વર્ષનું થાય છે ત્યારે રબર માટે લાયક ગણાય છે. લગભગ મે મહિનાની શરૂઆતમાં, મળસ્કે, મજુરો ઓજાર અને થોડા પ્યાલા લઇને ઝાડ આગળ જાય છે. ઝાડ ઉપર કાપા કરવાનું કામ કાળજીથી ન થાય તો ઝાડને બહુ નુકશાન થાય છે. કાપા કરવાની કેટલીક રીતો ઉપરના ચિત્ર પરથી સમજાશે.

રબરના ઝાડનો રસ દુધ જેવો હોય છે. એને લેટેકસ કહે છે. ઝાડના થડમાં ઉપલી આકૃતિઓ

મુજબ ફાવતી રીતે કાપા કરવામાં આવે છે અને એ રસ એકઠો કરવા માટે ઝાડ સાથે તારથી એક પ્યાલો બાંધી દેવામાં આવે છે. આવા જુદાજુદા પ્યાલાઓમાં ઝરેલો રસ મોટાં વાસણોમાં એકઠો કરી મજુરો બપોર થતાં કારખાને આવી જાય છે.

પહેલાં આ રસને ગાળી નાખવામાં આવે છે. પછી તેને જુદીજુદી રીતે ઘટ્ટ બનાવાય છે. આ નીચે થોડી રીતો આપી છે.

(૧) થોડાંક સુકાં ડાળખાં વગેરે ચેતાવી તેની ધુમાડીમાં રબરના દુધમાં બોળેલું લાકડાનું પેડલ ગોળ-ગોળ ફેરવે છે. બોળેલું દુધ ઘટ્ટ થતાં જ તેના ઉપર નવું દુધ લગાડે છે અને આમ પેડલ ઉપર રબરનો મોટો લોંદો થાય ત્યાં સુધી ધુમાડીમાં ફેરવ્યા કરે છે. બ્રાઝિલ અને પેરામાં મુખ્યત્વે કરીને આ રીતે જ રબર તૈયાર થાય છે. આ રીતે રબર બહુ જલદી તૈયાર થાય છે; કેમકે અમુક વખત પછી તો દુધ આપોઆપ જ ઘટ્ટ બની જાય છે.

કેટલેક ઠેકાણે મીઠાનું દ્રાવણ, ફટકડી અને સરકાથી દુધ ઘટ્ટ કરવામાં આવે છે. પરંતુ મીઠું પાણી શોષી જતું હોવાથી કેટલીક વખત આ રબર બહુ હલકી જાતનું બને છે. આસામની હવા ભેજવાળી હોવાથી ત્યાં ફટકડી વધારે માફક આવે છે.

કોઈકોઈ સ્થળે તો દુધને જમીનમાં તૈયાર કરેલા ખાડામાં ભરીને ઘટ્ટ બનાવવામાં આવે છે; અથવા ઉકાળીને પણ ઘટ્ટ બનાવાય છે. સાબુ, ચુનો, પોટાશ વગેરે ચીજો પણ ઘટ્ટ કરવામાં કામ લાગે છે. નિકારાગુઆમાં છોડનો રસ કાઢી, વલોવી, માખણની માફક રબર કાઢી લે છે.

આવી રીતે કાચું રબર તો તૈયાર થયું; પણ તેને ઉપયોગમાં લેવા માટે પાછું ગંધકિત કરવું પડે છે. આ કાર્યમાં વપરાતી રીતો નીચે આપી છે. આપણે વાપરીએ છીએ તે બધું રબર ગંધકિત કરેલું જ હોય છે.

કાચા રબરને દાબીને બનાવેલાં પાતળાં પડને, ગંધક અને ક્લોરિનથી બનેલા પદાર્થના દ્રાવણમાં બોળી કાઢવાથી પાકું રબર તૈયાર થાય છે. આ ક્રિયાને શીતપાશ કહે છે.

બીજી ઉષ્ણપાશ નામની રીત એવી છે કે રબર અને ગંધકના મિશ્રણને ૧૩૫–૧૫૦ ડીગ્રી ગરમી આપવામાં આવે છે. આ રીતે રબરને ગંધકનો પાશ આપવાથી તેની સ્થિતિસ્થાપકતા ઘટે છે, પણ ચીકાશ વધવાથી રબર ઓછું બરડ બને છે.

કેટલીક વખત રબરનું વજન વધારવા સારૂ તેમાં જુદીજુદી વસ્તુઓનો ભેગ કરવામાં આવે છે. આ રીતે પાકું રબર તૈયાર કર્યા પછી તેની જુદીજુદી ચીજો તૈયાર કરવામાં આવે છે.

આ સિવાય બનાવટી રબર પણ થાય છે. રસાયનશાસ્ત્રીઓ પોતાની હમેશની ખાસિયત મુજબ આ ક્ષેત્રમાં પણ ઘુસ્યા છે અને મહા મહેનતે પ્રયોગશાળામાં બનાવટી રબર તૈયાર કર્યું છે. તે કાજળ અને હાઇડ્રોજનનું બનાવવામાં આવે છે. અંગ્રેજી રીત દારૂમાંથી, જર્મન રીત કાર્બોલિક ઍસિડમાંથી અને રશિયન રીત દારૂ તથા મેંદામાંથી રબર તૈયાર કરવાની છે. પરંતુ એ બનાવટી રબર હજી સુધી કુદરતી રબરની હરીફાઇ કરી શકે એટલું સોંઘું પડતું નથી. એને માટે ઘણા પ્રયત્નો ચાલુ છે; અને રસાયનશાસ્ત્રીઓ એ કર્યે જ રહેવાના;—એટલું સોંઘું કે આપણા વપરાશની દરેકેદરેક બની શકતી વસ્તુ રબરની જ બનશે: અરે, આપણી સડકો પણ રબરની બનવાની!

સારાભાઈ મ. પટેલ

ન્યાયાધિશ—તમારૂં જ નામ રાઘવ કે?

રાઘવ—જી, હા.

ન્યાયાધિશ—તમે બચાવ કરનાર છો, કેમ?

રાઘવ—(વકીલ સામે આંગળી ચીંધી) બચાવ કરનાર તો આ રહ્યા, સાહેબ! હું તો ઘડિયાળ ચોરનાર છું.

શિક્ષક—મનુ, જે બાળકો નાનપણમાં બહુ ચાલાક હોય છે તે મોટપણે મૂર્ખ થાય છે!

મનુ—ત્યારે તો તમે નાનપણમાં ખુબ ચાલાક હશો!

શિક્ષક—૨૫૦માંથી ૧૬ કેટલી વાર બાદ કરી શકાય? સૌ પોતપોતાની પાટીમાં લખી લાવો જોઇએ.

મનુએ સૌ પહેલાં લખીને શિક્ષકને પાટી બતાવી. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:

૨૫૦	૨૫૦	૨૫૦
૧૬	૧૬	૧૬
૨૩૪	૨૩૪	૨૩૪

આ રીતે ધારીએ તેટલી વાર બાદ કરી શકાય.

સર્જનહારની સૃષ્ટિ

રીંછ



મદારીલોકો રીંછના નાકમાં નાથ નાખી તેને ઘેરઘેર ફેરવી પોતાનું પેટ ભરે છે, એ તો તમારામાંના ઘણાખરાએ જોયું હશે. રીંછ ક્યાં જડે છે, તેની તથા બીજા પ્રાણીઓની શરીરરચનામાં શો ફેર છે, તેની રહેણી કેવા પ્રકારની હોય છે, તે શું ખાય છે, તેને કઇકઇ ટેવો હોય છે, તે શિકાર કેવી રીતે કરે છે, વગેરે વાતો આપણે મદારીને પુછીએ તો તે પણ પુરો જવાબ આપી શકતો નથી. કારણ, એને એટલી બધી વિગતમાં ઉતરવાની જરૂર જ જણાતી નથી. તોપણ પ્રાણીશાસ્ત્રીઓએ અને શિકારીઓએ રીંછ વિષે ઘણી મનોરંજક અને ઉપયોગી વાતો એકઠી કરી છે. તેમાંની થોડીક નીચે પ્રમાણે છે.

રીંછ ઑસ્ટ્રેલિયા અને આફ્રિકા સિવાય દુનિયાના બધા ભાગોમાં જોવામાં આવે છે. રશિયામાં તો એની સંખ્યા બહુ મોટી હોય છે. આપણા હિંદુસ્તાન દેશમાં બે જાતના રીંછ થાય છેઃ એક હિમાલય તરફના અને બીજા મધ્ય પ્રાંતના. કેટલાંક રીંછ ભુરાં અને કેટલાંક તદ્દન કાળા મેશ જેવાં હોય છે. રીંછની ગણતરી માંસાહારી પ્રાણીઓમાં કરવામાં આવે છે. પણ કુતરાંબિલાડાંની જેમ તે મુખ્યત્વે તો વનસ્પત્યાહારી હોય છે. રીંછને કુતરાબિલાડાંની જેમ ૪૨ દાંત હોય છે. પણ બંનેની ખાવાની રીતમાં ફેર છે. કુતરાંબિલાડાં પોતાનું ખાદ્ય ટુકડા કરીને ગળી જાય છે; જ્યારે રીંછ દરેક વસ્તુ બરાબર ચાવીને જ ખાય છે. તેથી એની દાઢ માણસની દાઢ જેવી ચપટી હોય છે.

રીંછનું આખું અંગ લાંબા અને ઘાટા વાળથી ઢંકાએલું હોય છે. તેના પગલાં પણ પહોળાં હોય છે. કુતરાંબિલાડાંની જેમ આ પ્રાણી પોતાના ફક્ત આંગળા ઉપર ન ચાલતાં માણસની જેમ આખો પગ મુકીને ચાલે છે. મદારી રીંછને તેના પાછલા પગ ઉપર ચલાવે છે એ તો સૌએ જોયું હશે. સર્કસમાં કુતરાઓ પાસે પણ આમ ચલાવી બતાવવામાં આવે છે, પરંતુ એમાં તેમને બહુ કષ્ટ પડે છે. રીંછને આ રીતે ચાલવામાં જરાયે કષ્ટ પડતું નથી. તેની આંખો અને કાન બહુ તીવ્ર નથી હોતા; પણ નાક બહુ જ તીવ્ર હોય છે.

આપણા દેશના રીંછો ઘણુંખરૂં વનસ્પત્યાહારી હોય છે. કંદ, ફળ અને અનાજ એ જ તેમનો આહાર. પણ તેમને ભાવતો પદાર્થ તો મધ છે. એકાદ ઝાડ ઉપર મધપુડો દીઠો એટલે તરત રીંછની દાઢ ડળકવાની જ; અને તે તરત જ ઝાડ ઉપર હલ્લો કરી બધું સફાચટ કરી જવાનું. એને શરીરે વાળ ખુબ હોવાથી માખીઓ મોઢા સિવાય બીજે ક્યાંય ડંખ મારી શકતી નથી.

કંદ, ફળ કે મૂળ કાંઇ જ ન મળે ત્યારે રીંછ નિરૂપાયે કીડા અને બીજાં ઝીણાં જંતુઓ ઉપર નિર્વાહ ચલાવે છે.

રીંછ સ્વભાવે બહુ ગરીબ અને ગમતી હોય છે, પણ જો ચીડાયું હોય તો એના જેવું ખરાબ એકે ય નહિ. એ ઝાડ ઉપર પણ ચડી શકે છે, એટલે એનાથી નાસીને માણસ ક્યાંય પણ રક્ષણ મેળવી શકતો નથી. આ રીતે એ વાઘસિંહ કરતાં પણ વધારે ભયંકર છે. વાઘ અને સિંહની સાંભળવાની શક્તિ બહુ તીવ્ર હોય છે, એટલે આ પ્રાણીઓ ક્વચિત જ માણસની આડે આવે છે. રીંછના કાન બહુ સરવા ન હોવાથી એ માણસની હીલચાલ કાનથી સાંભળી શકતું નથી, અને ઘણી વાર અચાનક સામું આવીને ઉભું રહે છે.

રીંછને મહુડાનાં પાકાં ફળ બહુ ભાવે છે. મધ્યપ્રાંતમાં આ ઝાડ ખુબ થાય છે અને તેનાં ફળો

ચૈતરવૈશાખમાં પાકે છે. એ અરસામાં રીંછ ઘણી વાર ફળ ખાવા માટે ઝાડ ઉપર ચડેલું નજરે પડે છે. આ તકનો લાભ લઇ શિકારીઓ એને મારી નાખે છે. એમ કહેવાય છે કે રીંછ ઝાડ ઉપર ઉધું-ઉધું ચડે છે, પણ એ વાત નરી ગપ છે એમ શિકારીઓ કહે છે.

રીંછનો શિકાર એક રીતે બહુ કઠણ અને બીજી રીતે બહુ સહેલો છે. કઠણ કહેવાનું કારણ આ છે. તેને શરીરે લાંબા વાળ હોવાથી ઘણુંખરૂં શિકારીની ગોળી તેના વાળને અડીને પસાર થઇ જાય છે અને તે બચી જાય છે. પછી તો તેને ગોળીની ખબર પડતાં જ નાસી જઇ તે એકાદ જાળામાં ભરાઇ બેસે છે. તે વાઘની જેમ મેદાનમાં યુદ્ધ કરવા તૈયાર થતું નથી. એ દૃષ્ટિએ રીંછનો શિકાર સહેલો ગણાય. કારણ, એમાં શિકારીના જાનનું જોખમ નથી હોતું. કોઇ એકલો માણસ હોય ને રીંછ ઘુંઘવાએલું હોય તો જ સામું થાય છે. રીંછ પાછળ પડે તો એક વાત ખાસ ધ્યાનમાં રાખવી. તે એ કે, ઢાળ ચઢવાનો રસ્તો નાસી જવા માટે કદિ ન પકડવો, પરંતુ ઉતરવાનો રસ્તો લેવો. કેમકે, રીંછ ઉંચે તો ઝપાટાબંધ ચડી શકે છે, પણ ઉતરતાં તેના લાંબા વાળ આંખ ઉપર આવવાને લીધે તેને ધીમું ચાલવું પડે છે.

જંગલમાં કોઈ એકલવાયો મુસાફર મળે તો તેને ગલગલિયાં કરી રીંછ મારી નાખે છે, એ સાવ ખોટું તો નથી જ. રીંછ જ્યારે માણસની સાથે બાથંબાથી કરે છે, ત્યારે તેના શરીરના લાંબા અને બરડ વાળ માણસના શરીરની સાથે ઘસાય છે અને તેથી ગલગલિયાં થતાં હોય એમ લાગે છે. પણ રીંછ કાંઇ ગલગલિયાં કરીને મારતું નથી.

કોઇકોઇ વાર વાઘ અને રીંછની લડાઇ થાય છે. આ લડાઇ ઉઘાડા મેદાન ઉપર થઇ હોય તો વાઘ જીતે છે ને રીંછ મરી જાય છે. પણ જો એ જ લડાઈ ઘાડા જંગલમાં થઇ હોય તો રીંછ કદિ હારતું નથી. ચતુરાઈથી તે એકાદ ઝાડની લાંબી ડાળી તોડી, આગલા બે પગથી પકડે છે અને વાઘને સારી રીતે પ્રસાદી આપી ત્યાં ને ત્યાં જ મારી નાખે છે; અથવા તો વાઘ પલાયન કરી જાય છે.

[મરાઠી ઉપરથી] **શંકર દ. કાવેલકર**

જીવન પરાગ

શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠ યુવાન વયમાં ઘણા ક્રોધી હતા. પાછળથી ધાર્મિક ભાવનાના સેવનથી તે પોતાના ક્રોધી સ્વભાવને સંપૂર્ણ રીતે જીતી શક્યા હતા. તેનું એક દૃષ્ટાંત આ રહ્યું:

વડોદરામાં એક પ્રસંગે મહીપતરામ કવિ ભીમરાવ ભોળાનાથને ઘેર મહેમાન હતા. સાંજે ઘરના ઓટલા ઉપર ભીમરાવ, મહીપતરામ અને બીજા એકબે મિત્રો બેઠા હતા. તેમાં એક જુનાગઢી નાગર ગૃહસ્થ પણ હતા. તેમને ભીમરાવે મહીપતરામનું ઓળખાણ કરાવ્યું. તરત જ એ ગૃહસ્થ બોલી ઉઠ્યા, 'આ જ મહીપતરામ કે? જેણે આપણી નાતમાં ઘોળ ઘાલ્યો હતો એ જ આ મહીપતરામ? ઓ શંકરભાઇ! આમ આવો, મહીપતરામ જોવા હોય તો. આપણી નાતમાં ઘોળ ઘાલ્યો' તો, એ મહીપતરામ જોવા હોય તો.'

મહીપતરામ એક શબ્દ પણ બોલ્યા નહિ અને આ ગૃહસ્થની આવી ધૃષ્ટ વર્તણુકથી અક્ષુબ્ધ રહ્યા.


ૐ

ડેક્કન કૉલેજના એક વાર્ષિક ઉત્સવ પ્રસંગે ડૉ. ભાંડારકરનું ભાષણ હતું. અંગ્રેજી રાજ્યથી આગગાડી, તાર વગેરે ફાયદા આપણા દેશને થયા; અંગ્રેજી રાજ્ય ન હોત તો હું રત્નાગિરિ જિલ્લાના ગામડામાં સ્નાન-સંધ્યા કરતો આચમની પવાલું અફાળતો બેઠો હોત, એવું તેમની વિદ્વતાને ન છાજતું તે બોલ્યા. તેમનો આભાર માનતાં પ્રિન્સિપાલ બેઇને ડૉક્ટર સાહેબના અરસિકપણાની મશ્કરી કરતાં કહ્યું, 'આ પ્રસંગે શિવાજી હોત તો તે ઉત્તમ ક્રિકેટ ખેલાડી બન્યા હોત, અને નાનાફડનવિસે પણ ટેનિસની રમતમાં લવસેટ આપ્યો હોત!'

ૐ

૧૯૦૮ની પિકેટિંગ ચળવળ વખતે પુનામાં કિંગ નામનો પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ હતો. 'પીઠા પાસેથી ચાલ્યા જાઓ' એમ તેની સ્ત્રી સ્વયંસેવકોને કહેતી એવી ખબર એક સ્વયંસેવકે લોકમાન્ય તિલકને આપી. પાસે બેઠેલા કોઇએ પુછ્યું, 'એ કિંગની સ્ત્રી અમને

કહેનાર કોણ ?' લોકમાન્ય કહે, 'કોણ એટલે? કિંગની ઓરત ક્વીન વળી !'



આપણા સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ પંડિત ગટુલાલજી શતાવધાની અને શીઘ્રકવિ હતા. તેઓ ૧૮૭૬માં ડેક્કન કૉલેજમાં ગયા ત્યારે વિદ્યાર્થીઓએ તેમને સમસ્યા પુછી: 'ઓતુના ભક્ષિત : શિવઃ' (બિલાડી શંકરને ખાઇ ગઇ.) પંડિતજીએ તાબડતોબ શ્લોક રચ્યો: 'નવનીતમયં લિંગં પૂજાર્થં કેનચિત્ કૃતમ્ હન્ત તસ્ય પ્રમાદેન ઓતુના ભક્ષિતઃ શિવઃ' (કોઇએ પૂજા માટે માખણનું શિવલિંગ બનાવ્યું, પણ અરેરે! તેના પ્રમાદને લીધે બિલાડી શંકરને ખાઇ ગઇ.)

પ્રિન્સિપાલ આપ્ટે, આગરકર અને તિલક કૉલેજમાં અભ્યાસ કરતા ત્યારે મિ. પીટરસન સંસ્કૃતના પ્રોફેસર હતા. આ વિદ્વાન શિષ્યો પાસે બીચારા ખપ પુરતા જ્ઞાનવાળા પ્રોફેસરનું શું વજન પડે ? આ શિષ્યોની ઉશ્કેરણીથી આખા વર્ગે સંપ કર્યો કે પીટરસનનાં ભાષણોમાં જવું જ નહિ. આખો વર્ગ ખાલી જોઇ પ્રોફેસર સાહેબ ખીજવાયા. પ્રિન્સિપાલ ઑક્સનહામ વિદ્યાર્થીઓના વસતિગૃહની ઓરડીઓમાં ગયા તો દરેક ઠેકાણેથી જવાબ મળ્યો કે, 'પીટરસન કરતાં અમને સંસ્કૃત વધારે આવડે છે, પછી તેમના વર્ગમાં જઇને શું કરીએ ?'

ડૉ. ભાંડારકર સંસ્કૃતના પ્રોફેસર નીમાયા તે પહેલાં આપણા ઇલાકામાં સંસ્કૃત શીખવવા જર્મની અને ઇંગ્લંડથી ગોરા સાહેબો આવતા. આવા એક સાહેબ કિલહૉર્ન ડેક્કન કૉલેજની પોતાની કારકીર્દિ પુરી કરી, સ્વદેશ જતા હતા ત્યારે સ્ટીમર ઉપડતાં ઉત્સાહમાં આવી રૂમાલ હલાવતા હલાવતા બોલી ઉઠ્યા, 'શિવાસ્તે પન્થાનઃ શિવાસ્તે પન્થાનઃ' તેમને મુકવા આવેલ શાસ્ત્રીઓ તો સાહેબનું આ વચન સાંભળી હસી જ પડ્યા. 'સફર મુબારક' તો મુકવા આવનારા બોલે; કાંઇ પથિકજન પોકારે ?

૧૯૦૮ના પુનાના પિકેટિંગ વખતે સ્વયંસેવક સદાશિવ બાપટ ઉપર પોલિસે રસ્તો અટકાવ્યાનું આળ મુકી કેસ માંડ્યો. લોકમાન્યને મળવા ગયા ત્યારે તેમણે કહ્યું, 'આવતી કાલે મારા પર કેસ છે.' લોકમાન્ય આરામ ખુરશી પર બેઠા હતા ત્યાંથી ઉછળીને તેમણે કહ્યું, 'શાનો કેસ? કોર્ટમાં જઇ મેજીસ્ટ્રેટનો કાન પકડી તમાચો કેમ મારતા નથી ? અન્યાય કરીને ઉલટી સજા આપે છે? તમો જુવાનોનું લોહી અન્યાયથી ઉછળતું કેમ નથી ?' એ સાંભળી રા. બાપટ મુખ મ્લાન કરી, માથું નીચું નમાવી દાદરનાં પગથિયાં ઉતરવા લાગ્યા. ચારપાંચ પગથિયાં નીચે આવ્યા એવામાં 'એ ભાઇ, ઉપર આવો' એવી તિલકે અગાશીમાંથી બુમ પાડી. તે અંદર ગયા એટલે તિલકે કહ્યું 'એવું કાંઇ કરશો નહિ, હો. નહિ તો પાછા કહેશો કે તિલકે કહ્યું તેથી અમે કર્યું. એ માટે જાતિસ્વભાવ જ જોઇએ!'

લો. તિલકનું શરીર મુળથી જ નાજુક. તે કૉલેજમાં અભ્યાસ કરતા ત્યારે તેમના કરતાં તેમનાં પત્નીનું શરીર વધારે મજબુત હતું, એ વિષે મિત્રોમાં મશ્કરી થવા લાગી. પુસ્તકપ્રેમી તિલકે પ્રતિજ્ઞા કરી કે એક વરસ સુધી અક્ષરે વાંચવો નહિ, પણ શરીર સુધારવું. અને કસરત કરી એક વર્ષમાં તો શરીર એવું મજબુત બનાવ્યું, કે બ્રિટિશ સરકારની જેલોનું સંકટ પણ તેમને ડારી શક્યું નહિ. 'આ એક વરસના વ્યાયામે મને વીશ વરસનું આયુષ્ય વધારી આપ્યું છે,' એમ તે વારંવાર કહેતા.

ૐ

લોકમાન્યના વિદ્યાર્થીજીવનની વાત છે. બાર વરસની વયે તે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા, ત્યારે શિક્ષકે ડિક્ટેશન લખાવ્યું. તેમાં 'સંત' શબ્દ પાંચ લીટીમાં ત્રણ વખત આવતો હતો. આ વિચક્ષણ બાળકે સંત, સન્ત અને સન્ત, એમ ત્રણે વખત જુદીજુદી જોડણી લખી. શિક્ષકે પહેલું ખરૂં ગણી બાકીનાં બે ખોટાં આપ્યાં. બળવંતરાય તો ગયા હેડ માસ્તર કને, અને ત્રણે સાચાં ને ઉપરથી સાબાશી લઈ આવ્યા.

ૐ

'મારે આખી જીંદગી બ્રહ્મચારી રહી દેશસેવા કરવી છે, તો તે વિષે આપની સલાહ લેવા આવ્યો છું.' એક યુવાને લોકમાન્ય તિલક પાસે જઇ કહ્યું. તેમણે તત્કાળ જવાબ આપ્યો, 'ઘેર જઈ વેળાસર લગ્ન કરી નાખો. નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાની તાકાતવાળા પારકી સલાહની અપેક્ષા રાખે જ નહિ.'

ૐ

સમશેર બહાદુર પરશુરામ ભાઉ પટવર્ધનને એક વાર હજામત કરાવતાં અસ્તરો વધારે વાગ્યો, એટલે તેમણે હજામને સંભાળ રાખવાની સૂચના આપી. અટકચાળા હજામભાઇ બોલ્યા, 'રાવ સાહેબ, અસ્તરો સહન થતો નથી ત્યારે લડાઇઓ કેવી રીતે કરો છો?' હજામત પુરી થતાં ભાઉએ ભાલો મંગાવી, હજામનો પગ પોતાના પગ વતી દાબી ભાલો એવી સફાઈથી ફેંક્યો કે તેનું ફળું બંનેના પગ વીંધી ભોંયમાં પેસી ગયું. હજામે તો ચીસે ચીસ પાડવા માંડી 'કાં, રાવ?' ભાઉએ કહ્યું 'ભાલો તો બંનેના પગમાં પેઠો છે ને બુમો શાનો પાડે છે? લડાઈમાં જખમો કેમ સહન કરીએ છીએ એ હવે સમજ્યો ને?'

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**

આફ્રિકાના પત્રો

હવે માત્ર કંપાલા જવું બાકી હતું. વિચાર તો એવો હતો કે બુધવારે કંપાલા જવું ને બીજે મંગળવારે જીન્જા આવીને બુધવારના મેલમાં યુગાન્ડા છોડી દેવું. પણ તેમ બની શક્યું નહિ.

રવિવારે સવારના નવ વાગ્યે અમે મૉટરમાં બેઠા. જીન્જાથી કંપાલા જતાં રસ્તામાં નાઇલ નદી બોટ (Ferry)માં ઉતરવી પડે છે. અમે સાડા નવે બોટમાં બેઠા અને મોટર સુદ્ધાંત સામે કાંઠે ઉતર્યાં. પણ સામે કાંઠે જઇને મોટરને કોણ જાણે શું થયું કે ચાલે જ નહિ! અઢી કલાક તો ખુબ મહેનત કરી; પ્લગ બગડી ગયા છે એવો નિર્ણય થતાં માણસને સામે કાંઠે મોકલી ચાર નવા પ્લગ મંગાવ્યા. બે વાગ્યે માણસ નવા પ્લગ લઇને આવ્યો અને ચારે પ્લગ બદલ્યા. પણ મોટર તો હઠે જ ભરાઇ હતી! એક મિસ્ત્રીએ દુરસ્ત કરવા માંડી એટલે તો જે થોડીથોડી ચાલતી હતી તે પણ બંધ થઈ! ભાઇ કંચનલાલને તે દિવસે મેલ લખવાનો હતો એટલે પહોંચ્યે જ છુટકો હતો. એવામાં એક મોટર નીકળી તેમાં માંડમાંડ જગ્યા કરી તે ભાઇ રવાના થયા અને હું હઠીલી મોટરને નદીને આ કાંઠે લાવી જીન્જામાં પાછો આવ્યો. હું હવે કયે દિવસે જઇ શકીશ તે નક્કી ન હતું, કારણ કે મોટર તો ખુબ બગડી હતી; પણ દરમ્યાન મને એક ગુલામ સરવર નામના મુસલમાન ગૃહસ્થની મોટર મળી ગઇ એટલે હુ જીન્જાથી તરત જ રવાના થયો અને લુગાજી રાત રહ્યો.

આ લુગાજીમાં શેઠ નાનજી કાલિદાસનો મોટો ૩૦૦૦ એકરનો શાંબો છે. આ શાંબામાં શેરડીનું વાવેતર ઉભું છે. આ તરફ શેરડી કેટલા મોટા પ્રમાણમાં થાય છે તેનો ખ્યાલ જ હું નહિ આપી શકું. શેરડી જમીનને એટલી બધી ભાવે છે કે એક આંખ ચોપે તેમાંથી પચ્ચીશપચ્ચીશ સાંઠાઓ ઉગે છે. ઉપરાંત, આપણી માફક અહીં વાઢ દર વર્ષે નવા

ચોપતા નથી, પરંતુ એક વર્ષે થાય ને શેરડી ઉપરથી કાપી લે એટલે તે ને તે ફરી પાછી ઉગે. આ પ્રમાણે પાંચ વર્ષ સુધી પાક લઈ શકાય છે! શેઠ નાનજીભાઇએ આ શેરડીમાંથી સાકર બનાવવા માટે લુગાજીમાં એક મોટું કારખાનું ઉભું કર્યું છે. આજ સુધી યુગાન્ડામાં જે સાકર વપરાય છે તે વિક્ટોરીઆ સરોવર પર એક અંગ્રેજ કંપની બનાવે છે. શેઠ નાનજીભાઇએ આ કારખાનાનું સાહસ ઉઠાવ્યું છે તે આ તરફની મુશ્કેલીઓ જોતાં તો અદ્‌ભુત જ ગણાય.

રાત લુગાજીમાં પસાર કરી. લુગાજીમાં નાનજીભાઇનો રહેવાનો બંગલો એક ટેકરી ઉપર હમણાં જ બનાવ્યો છે. આ બંગલા પરથી સવારે વહેલા ઉઠીને નજર નાખીએ તો ચારે બાજુ કેવળ દરિયો પથરાઇ ન રહ્યો હોય એટલું બધું ધુમ્મસ છવાઇ રહે છે અને બધો પ્રદેશ ટેકરાટેકરીવાળો છે એટલે સવારસાંજ કૈંકૈં દશ્યો ઉભાં થાય છે.

સવારે અમે કંપાલા જવા ઉપડયા. શ્રી મથુરદાસભાઇ પણ નાનજીભાઇને લેવા માટે એન્ટેલી જવાના હતા, એટલે અમે સાથે હતા. સાડા નવ–દસ વાગે કંપાલા પહોંચ્યા.

કંપાલા આખા યુગાન્ડાનું સુશોભિત શહેર છે. યુગાન્ડાનો દેશી રાજા આ કંપાલામાં રહે છે. જેમ રોમ નગર સાત જુદીજુદી ટેકરીઓ પર બાંધેલું હતું તેમ આખું કંપાલા જુદીજુદી ઉંચીનીચી ટેકરીઓ પર આવેલું છે; એટલે તેની શોભા તો અનહદ છે. આખા શહેરની રચના સુંદર છે, રસ્તાઓ પણ સારા છે અને શહેરની ફરતી ટેકરીઓ આ શોભામાં મેળવીએ એટલે તો પુછવું જ શું? મને તો આખા યુગાન્ડામાં કંપાલા સૌથી વધારે સુંદર લાગ્યું છે.

કંપાલામાં મારો ઉતારો શ્રી૦ કંચનલાલ મગનલાલ ખાંડવાળાને ત્યાં હતો. આ કંચનલાલ પર મને આપણા ભાવનગરના પ્રોફેસર રમણલાલ યાજ્ઞિકે તેમજ તીકુભાઇએ ભલામણ આપેલી. પરંતુ હવે તો મારે તેમની સાથે જ સુંદર સંબંધ બંધાયો છે. ભાઇ કંચનલાલ પોતે ગ્રૅજ્યુએટ છે; અગાઉ ગાંધીજીએ જ્યારે ખેડામાં સત્યાગ્રહ ઉપાડચો ત્યારે એ ભાઇ તેમાં સ્વયંસેવક હતા. પૂ. ગાંધીજીના ઘણા શુદ્ધ અનુયાયીઓ તેમના મિત્રો છે અને તેમને પોતાને મહાત્મા ગાંધીજીના પેગામમાં શ્રદ્ધા છે. એ પોતે આફ્રિકા આવ્યા ત્યારે શરૂઆતમાં કંપાલાની જાહેર હીલચાલોમાં ખુબ રસ લેતા અને તેમના ઉત્સાહથી કંપાલામાં પણ વર્ષ બે વર્ષ તો ખુબ જોસ આવી ગયું. કંપાલા એક દિવસ તો શુદ્ધ ખાદીથી દીપી રહ્યું હતું અને ભાઈ કંચનલાલના ઉત્સાહને પરિણામે કંપાલાની શાળા પણ સારા પાયા પર આવી ગઈ હતી. પરંતુ આપણા આખા દેશમાં જે ઐક્યની ખામી છે તે અહીં પણ હતી. લોકોમાં ઇર્ષ્યા વધી, કંચનલાલની સામે પક્ષ ઉભો થયો અને અંદરઅંદરની ફાટફુટને લીધે એવી તો પરિસ્થિતિ ઉભી થઇ કે આજે કંચનલાલ કંપાલાના સમાજને માટે કાંઈ પણ કરવા તૈયાર નથી. તેમના ઉત્સાહનાં પુર પાછાં વળ્યાં છે અને તેમની સમાજસેવાની વૃત્તિ મરતીમરતી જીવે છે.

ભાઇ કંચનલાલનાં સ્ત્રી સૌ. ઉષાબહેન હજી હમણાં જ પરણ્યાં છે. તે સુરત હતાં ત્યારે રેંટિયાની તેમને રઢણ હતી. તેમનું કાંતેલું સુતર એટલું બારીક છે કે કોઇક જ શાળવી વણી શકે. તેમનું પાવિત્ર્ય અદ્‌ભુત જણાયું છે.

આ કુટુંબના મહેમાન તરીકે મેં મારા જીવનના સારામાં સારા છસાત દિવસો પસાર કર્યા છે એમ હું કહી શકું છું. તેમના કુટુંબજીવનની પવિત્રતા, ચોકખાઇ, અને સહૃદયતા હું ક્યારે પણ ભુલીશ નહિ. તમે જાણો છો કે મને પોતાને સ્વચ્છતાનો ખાસ શોખ છે અને આખા યુગાન્ડામાં જો કોઇ પણ સ્થળે હું સ્વચ્છતા ભોગવી શકયો હોઉં તો તે ભાઇ કંચનલાલને ત્યાં જ.

કંપાલામાં હું સાત દિવસ રહ્યો. ફંડનો પ્રયાસ કંપાલામાં બહુ ફળીભુત ન થયો. એ રીતે મને કંપાલા કરતાં જીન્જા વધારે ઠીક લાગ્યું. કંપાલામાં પ્રમાણમાં વધારે ગ્રૅજ્યુએટો છે, એક બે તો પીલસુફીના ગ્રૅજ્યુએટો પણ છે; છતાં ય શિક્ષણના સાદા સિદ્ધાંતો તરફ તેમની જે રૂચિ કલ્પીએ તે મેં ન જોઇ. કંપાલામાં સેવાસમિતિ તરફથી મેં એક વ્યાખ્યાન આપેલું; તેમાં આ બધા કેળવાએલા તો આવેલા પણ નહિ.

કંપાલામાં ફંડ તો થોડું જ થયું એ હું તમને જણાવી ગયો. સેવાસમિતિ તરફથી મને એકાવન

શિલિંગ આપવામાં આવ્યા તે, અને એક જગ્યાએ એક પારસીભાઇએ મને ૩૦ શિલિંગ આપ્યા તે એ રકમો પાછળ રહેલો ભાવ હું ભુલી નથી શકયો.

સોમવારે કંપાલા છોડયુ. કંપાલા છોડતાંછોડતાં પણ એક વાત તરફ મારી દૃષ્ટિ જાય છે. અહીં કંપાલામાં આપણા ભાઇઓની અંદર પૈસાદાર અને બીનપૈસાદારનો જે ભેદ છે તે મને અસહ્ય જણાયો છે. કંપાલાના જીવનમાં કંપાલાની મોટી પેઢીઓના નાયકો ભળી નથી શકતા; કંપાલાના હિંદીઓનાં સુખદુઃખ આ ગૃહસ્થોને સ્પર્શ નથી કરી શકતાં; એ મેં નજરોનજર જોયું છે અને તેથી મને બહુ દુઃખ થયું છે. જીન્જામાં આ સ્થિતિ નથી.

કંપાલા છોડયું. નાકાસેરો કંપનીવાળા ભાઈ મોતીભાઇ તથા કંચનલાલના સદ્‌ભાવનું સ્મરણ કરતોકરતો હું તેમની જ મોટરમાં બેસી જીન્જા પહોંચ્યો.

આજે યુગાન્ડા અધ્યાય પુરો થાય છે. પરંતુ તેને અંતે મારે કેટલીએક સામાન્ય બાબતોનો ઉલ્લેખ કરવો જોઇએ તે કરી લઉં.

આખો યુગાન્ડા આ તરફ બહુ જ સમૃદ્ધ પ્રદેશ ગણાય છે. યુગાન્ડાની જમીનમાં ઇજીપ્તના જેવો સુંદર કપાસ થાય છે અને એ કપાસનું વાવેતર દિનપ્રતિદિન વધતું જાય છે. જમીન એકંદરે બહુ જ ફળદ્રુપ છે. કપાસ ઉપરાંત મેં એક વાર જણાવ્યું તેમ શેરડી પણ પુષ્કળ થાય છે. વરસાદ તો વર્ષમાં નવ માસ હોય જ; એટલે જમીન તો બારે માસ લીલીછમ દેખો. અહીંના દેશી લોકોનો ખોરાક મોટે ભાગે મોગો, મટકી અને શકરિયાં છે. મોગો એ એક જાતનું કંદ થાય છે; આ લોકો તેને બાફીને ખાય છે. મેં તે ખાધું છે અને મને તો સરસ લાગ્યું છે. મોગોનો ખોરાક તાકાત આપનારો ગણાય છે. મોગો ઉપરાંત આ લોકો કેળાં બાફીને ખાય છે; શકરિયાં પણ બાફીને જ વાપરે છે. આ ત્રણે પદાર્થો અહીં ઉભી વાડે થાય છે, એટલે દેશીઓ જ્યાં જાય ત્યાં તેમનો ખોરાક તો તૈયાર જ હોય. ઉપર લૅન્ગો તરફ, આપણે ત્યાં ગુજરાતમાં બાવટીના જેવું એક અનાજ થાય છે તે ખાવામાં વપરાય છે.

પણ તમને જાણીને અચરજ થશે કે આવા રસાળ પ્રદેશમાં પણ પીવાનું પાણી ઘણી વાર મળતું નથી. જમીન એવી છે કે જેટલું પાણી પડે તેટલું ચુસી જાય; અને કુવાઓ તો છે નહિ, એટલે જ્યાંત્યાં એકાદ નાળું વહેતું હોય તેમાંથી પાણી પીવું પડે છે. પીવાને માટે ચોક્ખું પાણી વાપરવાનો તો આ લોકોને કાંઇ ખ્યાલ જ નથી એમ કહી શકાય.

ખોરાકમાં અહીંના દેશીઓ મચ્છીનો તેમ જ માંસનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. આ લોકોને બળદનું માંસ બહુ ભાવે છે; અને બળદનો ઉપયોગ ખેતીમાં તો કરતા નથી એટલે તેમને મારતાં તેમને આંચકો પણ આવતો નથી. અગાઉ આ લોકો ગાયનું દુધ મોટા પ્રમાણમાં વાપરતા. ગાયો એ તો એમનું ધન ગણાતું અને લગ્નપ્રસંગે પડલામાં પણ ગાયો આપવાનો રિવાજ હતો. પણ અંગ્રેજ લોકો આવ્યા પછી લોકોની ગાયો ઓછી થઈ છે, અને મેં તો ઘણાં બહુ નાનાં ગામડાંઓમાં પણ ચામાં ડબાનું દુધ વપરાતું જોયું છે !

ઉપર લૅન્ગો તરફ તો એવા પણ લોકો મળી આવે છે કે જેઓ માણસનું માંસ ખાય છે ! અમે લૅન્ગો તરફ ગયા તેના પહેલાં થોડા દિવસ પર ન્યાંઝામાં એક હિન્દીભાઇને આ લોકોએ માંસની ખાતર ઠાર કર્યો હતો અને ખાઇ ગયા હતા ! લૅન્ગો તરફ આ લોકો માણસનું માંસ ખાય છે એટલું જ નહિ પરંતુ તરશ લાગે ત્યારે આપણે જેમ પાણી પીવાને બદલે સોડા પીએ તેમ તેઓ બળદનું લોહી પીએ છે ! બળદને જંગલમાં ચરાવવા લઈ જાય ત્યારે તેઓ પોતાની પાસે ભાલાં રાખે છે. આ ભાલાં વડે બળદની નસ ફોડી એક નળીથી જોઇએ તેટલું લોહી પી લે છે, અને પાછી તે નસને બંધ કરી દે છે. આ લોકોમાં જયારે કોઈ ઘરડું માણસ મરવા પડે ત્યારે તે સહજ મરી જાય તે પહેલાં તેને મારી નાખીને તેનું માંસ પણ ખાઇ જવામાં આવે છે ! પણ આ તો લૅન્ગોના અતિશય જંગલી લોકોની વાત થઈ. કંપાલા–જીન્જા તરફના સુધરેલા લોકોમાં આવું ભાગ્યે જ જોવામાં આવે.

આ લોકોનો મુળ પોશાક તો કાંઇ હશે જ નહિ. હજી અત્યારે પણ મોટો ભાગ તો દિગંબર અવસ્થામાં જ રહે છે. કંપાલા અને બુસોગાના લોકોને બાદ કરીએ તો બાકીના અત્યારે પણ ભાગ્યે જ



નાચ

કપડાં પહેરે છે; અને પહેરે છે તે પણ પોતાની રાજીખુશીથી તો નહિ જ; પણ યુરપિયનો તેમજ હિંદીઓને એમની એ અવસ્થા ખૂંચે તે માટે. આ નગ્નાવસ્થામાં પણ તેઓ સુન્દર નથી લાગતા એમ નહિ. આપણે રૂપાળા હાવકા જણાઇએ છીએ તે આપણાં કપડાંનો પ્રતાપ છે; આપણી સ્ત્રીઓ કપડાંથી અને ઘરેણાંથી શોભે છે. પણ આપણે બધાં નાગાં ઉભાં રહીએ તો કેવાં રૂપાળાં લાગીએ એ જોવા જેવું છે. કેમકે આ લોકો તો મજબુત, કદાવર, દૃઢ બાંધાવાળાં અને પ્રમાણસર અવયવોવાળાં હોવાથી સુંદર લાગે છે. તેમની સ્ત્રીઓ પણ બહાદુર જણાય છે. ખેતરમાં ખેડ કરવી, કેળનાં વૃક્ષોની સંભાળ રાખવી, છોકરાંને ખવડાવવું, દળવું અને રાંધવું એ કામ સ્ત્રીઓ જ કરે છે. ઘર બાંધવું, લાકડાં કાપી આવવાં, જનાવરને મારી આવવું વગેરે કામો પુરૂષને માથે હોય છે.

આ લોકોમાં લગ્નના કેવા રિવાજો છે તે હું જોઈ શક્યો નથી. પણ તેમની એક જાન તો મેં જોઇ છે. જાનમાં આ લોકો દેશી ઢોલ વગાડે છે અને ગોમો (નાચ) કરે છે. વર, કન્યાના બાપને પાંચદસ ગાયો આપે એટલે લગ્નનું નક્કી થાય છે. લગ્ન થયા પહેલાં કન્યાએ ગમે તેવું જીવન ગાળ્યું હોય તેની દરકાર વરને નથી હોતી; પણ લગ્ન થયા પછી તો વર તેના પર બરાબર નજર રાખે છે; અને સ્ત્રીની ચાલ સારી ન હોવાના કારણે ઘણાં ખૂનો પણ થાય છે.

આ લોકોને રહેવાના ઝુંપાઓ કેવા હોય છે તે તો મેં એક સ્થળે જણાવી દીધું છે. તમે યુગાન્ડામાં ગમે ત્યાં ફરો; ઉંચી ઝાડી અને કેળનાં મોટાં વન વચ્ચે જ્યાંત્યાં તેમના ઝુંપાઓ તો ખરા જ. આ દેશીઓમાં અતિથિસત્કાર મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. આજ સુધી તો તેમને માટે આખો દેશ પડ્યો હતો એટલે માણસ આજ અહીં રહે અને કાલે બીજે જવું હોય તો બીજે જાય; પરંતુ હવે તે સ્થિતિ રહી નથી. હવે તો આ દેશીઓ પોતાની જ જન્મભૂમિમાં ધોળી ચામડીના ગુલામો થતા જાય છે.

અહીં મોટો વેપાર કપાસનો છે; ઉપરાંત શાંબાઓમાં કેતકી, રબ્બર, કૉફી વગેરે પણ થાય છે. પણ અહીં મજુરો ક્યાંથી લાવવા? દેશી લોકોને તો મોગો ને મટકી જ્યાં જાય ત્યાં પુષ્કળ મળી રહે એટલે એ લોકો પોતાનું કુદરતી સ્થાન છોડી ઓછા જ મજુરી કરવા આવે? અને જો મજુરો ન મળે તો પરદેશીઓને દેશમાંથી દ્રવ્ય ઘસડી જવું તે કેમ બને? વિલાયતથી સાહેબ આવે છે તે કાંઈ ઓછો મજુરી કરવા આવે છે? એ તો દેશીઓનું ભલું કરવા આવે છે! એટલે જ્યાં સુધી દેશીઓની જરૂરિયાતો ન વધે અને કમાવાનું તેના પર દબાણ ન થાય ત્યાં સુધી પત્તો ન લાગે. એટલા માટે, દરેક દેશી ઉપર ઝુંબાદીઠ અહીં એક પાઉન્ડનો કર છે. ઉપરાંત, સરકારના રસ્તાઓ સાફ રાખવા માટે દેશીઓ પાસેથી વેઠ પણ લેવામાં આવે છે.

આ દેશીઓની બધી જુદીજુદી જાતો હોય છે અને દરેક જાતનો એક કે વધારે મુખી હોય છે. આ મુખીઓને (મામીઓને) સરકારે પોતાના હાથમાં રાખ્યા છે, એટલે ફાવે તેમ કરી શકાય છે.

આ લોકો પોતાથી પર એવી ઈશ્વરી સત્તાને

માને છે અને તેને અંગે અનેક વહેમો પણ રાખે છે. માણસ મરી જાય ત્યારે તેને આંગણામાં જ દાટે છે અને તેની કબર પર મોટાં ભાલાં ખોડી રાખે છે. મૃત્યુ પાછળ કુટુંબનાં માણસો રોકકળ કરે છે અને એકાદ માસ સુધી શોક પણ પાળે છે. મરનારની કબરમાં તેનાં શસ્ત્રો, ચામડાં, કપડાં વગેરે પણ દાટવામાં આવે છે.

અત્યારે અહીં રાજસત્તા ખરી રીતે તો અંગ્રેજોની જ છે. અંગ્રેજોનાં મિશનો આ પ્રદેશમાં ઘણું કામ કરી રહ્યાં છે. તેઓ દેશીઓને ધર્મ આપે છે, સુધારો આપે છે, તેમની જરૂરિયાતો વધારે છે અને એ રીતે ઇશુનો પેગામ ફેલાવે છે. આ મિશનો જે માર્ગ સાફ કરે છે તેની પાછળ રાજસત્તા ચાલી આવે છે. યુગાન્ડાનો રાજા અત્યારે તો નાનો છે, પણ તેને માથે પ્રોટેક્ટરેટ છે અને જો દેશી લોકો ચેતશે નહિ તો જતે દહાડે એ રાજા પેન્શનર થવાનો જ. અત્યારથી જ તેને પશ્ચિમની પદ્ધતિ પર તાલીમ તો અપાય છે જ.

આટલી તો આ દેશીઓની કથા. અંગ્રેજોની કથા તો બીજા દેશોમાં છે તેવી જ અહીં પણ છે. તેમણે જે નાટક અમેરિકામાં ભજવ્યું, ઑસ્ટ્રેલિયામાં ભજવ્યું અને પૃથ્વીના બીજા નિરપરાધી લોકો પર હજી ભજવે છે તે જ અહીં પણ ભજવાય છે એમાં મને સંદેહ નથી. એ તો **white man's trust** નો ઢોંગ આપણે ક્યાં નથી જાણતા?

હવે રહી આપણા હિંદીઓની કથા. આપણા હિંદીઓ જેવા હિંદુસ્તાનમાં છે તેવા જ અહીં પણ છે. નથી આપણામાં ઐક્ય, નથી વ્યવસ્થાશક્તિ, નથી ખરી સાધુતા, તેમ નથી સંસ્થાનો જમાવવાની તાકાત. આપણો મોટો વર્ગ તો અહીં પૈસા પાછળ જ પડ્યો છે અને શાળાના માસ્તરો તથા રસોઇઆઓ પણ વેપારમાં હાથ ઘાલવો નથી જ ચુકતા. આપણા લોકોમાં જાહેર પ્રવૃત્તિ જેવું તો કાંઈ અહીં છે જ નહિ. જુદીજુદી જગ્યાએ ઇન્ડિયન એસોસીએશનો છે; પણ તે તો સરકારને દબડાવવા માટે ઉભાં કરેલાં; આંતરશક્તિના વિકાસ માટે નહિ.

આપણા લોકોની ગંદકી તો અહીં મને બહુ જ સાલે છે. લોકો દરરોજ નહાતા જ નથી–મોટો ભાગ. રોજ નહાઇએ તો માંદા પડીએ એ માન્યતા અહીં બહુ જ રૂઢ થઇ છે. સૌ માત્ર યુરોપિયન પદ્ધતિનો **wash** લે એટલે બસ. અલબત્ત ઘણી જગ્યાએ પાણીનું દુઃખ છે તે હું સમજું છું. પણ તે પૈસાથી મળી શકે છે; અને પૈસો તો અહીંના લોકો ઓછો નથી ખર્ચતા. ચારચાર આઠઆઠ દિવસે નહાવું એ તો સામાન્ય નિયમ થઇ પડ્યો છે. કપડાં કેટલાં મેલાં રહેતાં હશે તેની તો કલ્પના જ કરવી. અને છતાં, લોકો કપડાંમાં યુરોપિયન ફૅશનથી રહે છે અને રહેવું પડે છે એમ માને છે–મનાવે છે. ખરી રીતે તો જ્યાં કપડાં સ્વચ્છ રાખી ન શકીએ ત્યાં ઓછાં કપડાંથી ચલાવતાં શીખવું જોઇએ.


આપણા લોકો અહીં મોટે ભાગે ટેબલ પર જમે છે; પણ ટેબલ પર જમવાનાં જે લક્ષણો, તે તો ભાઇ કંચનલાલ જેવા કોઇકના જ ઘરમાં જોઇ શકીએ. બાકી તો દાળના સબડકા ટેબલ ક્લૉથ પર પડે અને–ચાલ્યું જાય!

આપણા તહેવાર અહીં સુકાઇ ગયા છે. આખા વર્ષમાં ફક્ત દીવાળી એક દિવસ ઉજવાય છે. કોઇકોઇ સ્થળે તહેવાર હોય ત્યારે સ્ત્રીઓ મિષ્ટાન્ન બનાવે એટલે ઘરધણીને તહેવાર યાદ આવે! આપણું એક પણ મંદિર યુગાન્ડામાં નથી; એક બે જગ્યાએ ખાનગી સ્થળોમાં કોઇકોઈ વાર ભજનો થાય છે એટલું જ.

એક યુગાન્ડામાં, એક જીન્જામાં, એક કંપાલામાં ને એક મલાબેમાં, એમ ગુજરાતી શાળાઓ છે. કેટલાક ઉત્સાહી યુવાનોને ઘણો ઉમંગ છે; પણ ધાર્યા શિક્ષકો મળતા નથી. શિક્ષકોને દેશના લગભગ રૂ. ૨૫૦ જેટલું વેતન અહીં મળે છે છતાં!

આપણા લોકોનો માત્ર પોશાક જ અહીં યુરોપિયન ઢબનો થઈ ગયો છે એમ નહિ; સીગાર તો લગભગ બધા ફૂંકે છે–બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, શીખ, બધા. મિ. મહેતા અને કંચનલાલ જેવા સમજુ જો કે હજી તેને અડ્યા નથી. ઉપરાંત, દારૂ પણ ઘણા પીએ છે. કોઇકોઇએ તો દેશી સ્ત્રીઓ સાથે પણ વ્યવહાર બાંધ્યો છે; પણ તેવા થોડા.

નાનાભાઈ



બાળ વિભાગ

સાત વારની ઉત્પત્તિ

'પહેલો સોમ, બીજો મંગળ, ત્રીજો બુધ, ચોથો ગુરુ, પાંચમો શુક્ર, છઠ્ઠો શની, ને રવિ સૌથી છેલ્લો!' મધુ પથારીમાંથી ઉઠતાંવેંત જ બડબડવા લાગ્યો. 'સોમ કેવો ઉતાવળો, સૌથી પહેલો; રવિ રમતિયાળ તો છેલ્લો!' ખુબ આનંદમાં આવી જઇ મધુ કુદવા લાગ્યો ને પછી ખડખડાટ હસી પડ્યો.

'અરે મધુ, આ તું શું બોલે છે? કાંઇ ગાંડો થઇ ગયો?' પાછળથી કોઇનો અવાજ આવ્યો. મધુએ ફરીને જોયું તો પોતાની મોટી બહેન અરુણા ઉભી હતી. મધુએ જાણે કાંઈ જ સાંભળ્યું ન હોય એમ અરુણાનો હાથ ઝાલી બોલવા માંડ્યો, 'મોટી બહેન, આજે તો મને એટલું સરસ સ્વપ્નું આવ્યું! એવું તો તને કદિ આવ્યું નહિ હોય.' ને વળી પાછો એ બડબડવા લાગ્યો, 'સોમ પહેલો, મંગળ બીજો, બુધ ત્રીજો, ગુરુ—'


મધુના મોં ઉપર અરુણાએ પોતાની હથેળી મુકી દીધી એટલે તે ચુપ થઇ ગયો. 'પહેલાં મને તારા સ્વપ્નાની વાત કર, પછી સોમ મંગળ જેટલી વાર બોલવું હોય તેટલી વાર બોલજે.' અરુણા કંટાળીને બોલી.

'સાંભળ ત્યારે; ગઇ રાતે હું સુઇ ગયો ત્યારે એક સુંદર પરી આવી. મને જગાડીને એ કહે, 'મધુ, તું બહુ ડાહ્યો છે એટલે હું તને વાદળમાં લઇ જવા આવી છું. ત્યાં તને ભાતભાતનું ખાવાનું ને જાતજાતનું જોવાનું પુષ્કળ મળશે. કેમ, આવવું છે ને?'

મેં કહ્યું, 'બાને પુછી જોવા દો.' પણ પરી તો કહે, 'એમાં શું પુછવું છે? સવાર પડતાં તો હું તને અહીં પાછો મુકી જઇશ; એટલે કોઇને ખબર જ નહિ પડે.'

મેં કહ્યું, 'ચાલો ત્યારે.' પરીએ તો મને એની પાંખ ઉપર બેસાડ્યો ને આપણે આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં તો અમે વાદળમાં પહોંચી પણ ગયા.

ત્યાંના રસ્તાઓ તો એવા ચોખ્ખા! ધુળ કે રજ જરા યે ન મળે. અરે, સામું જુઓ તો તમારૂં મોં દેખાય! ફરતાં-ફરતાં અમે એક વાડીમાં ગયા. જે ઝાડ અને ફળફુલ ત્યાં થાય છે તે આ પૃથ્વી ઉપર તો કદિ થતાં જ નથી. પરી કહે, 'અહીંના ઝાડને બારે મહિના ફળ આવે છે; અને ફુલ તો કદિ કરમાતાં જ નથી.' આપણે



ચાલોને છોકરાં

ચાલો ચાલોને છોકરાં રમવાને,
વન વાડી બગીચો ભમવાને.

લાલ પીળાં પતંગીઆં ઉડે છે,
આજ આપણાં ય હઇયાં કુદે છે.

ફુલ આછો આછો સુગંધ ઢોળે,
મન ઘેલાં બને આનંદછોળે.

ચાલો ચાલોને છોકરાં રમવાને,
વન વાડી બગીચો ભમવાને.

ત્યાં યે એવું હોય તો કેવું સારું!

પછી પરી મને એના મહેલે તેડી ગઇ. ધુપની સુગંધ આખા મહેલમાં પ્રસરી રહેલી, ધીમોધીમો પવન વાય, ફુલની જાજમો બીછાવેલી, એક ખુણામાંથી સંગીતના મધુર સ્વર આવે: મને તો લાગ્યું કે હું હમણાં જ ઉંઘી જઇશ!

પણ એટલામાં તો ત્યાં ખુબ ઘોંઘાટ થઇ રહ્યો. મહેલમાં એક રતનજડચો સોનાનો હીંડોળો હતો. પરીનાં સાત છોકરાંઓમાં તકરાર થઇ. એક કહે, 'હીંડોળે બેસવાનો પહેલો મારો વારો.' બીજું છોકરું કહે, 'ના, પહેલો મારો વારો.' ત્રીજું કહે, 'હું પહેલું.' દરેક કહે, 'મારો વારો પહેલો.'

પરી કહે, 'છોકરાંઓ, ચાલો હું તમારી તકરાર પતાવી દઉં. જુઓ, સામે સાત દીવા બળે છે. હું 'ચાંદરણું, ચાંદો ને સુરજ' કહું એટલે બધાએ એકીસાથે દોડવું. દીવો લઇને જે પહેલું આવે તેનો વારો પહેલો, બીજું આવે તેનો વારો બીજો ને એ પ્રમાણે સૌના વારા. દરેકનો વારો એક આખો દિવસ ચાલે.'

'કબુલ છે!' બધાં છોકરાં એકીસાથે બોલી ઉઠ્યાં.

'ચાંદરણું—' ને સૌ દોડવા માટે તૈયાર થઇ રહ્યાં.

'ચાંદો—' ત્યાં તો એક બે છોકરાંએ દોડવા પણ માંડ્યું. પરીએ તેમને પાછાં બોલાવ્યાં.

'સૂરજ---' કે ખરરાટ કરતાં છોકરાં ઉપડ્યાં. એ જાય...એ જાય...

એક છોકરું દોડતાંદોડતાં ઉભું રહી ગયું; અને રૂપેરી રંગની જરાક ભુકી ઉંચે ઉડાડી ત્યાં તો સોનાની ગેડી ને રૂપાના દડા તૈયાર! દોડવાનું ભુલી એ તો રમવા મંડી ગયું.

બધાં છોકરાં દીવા લઇને પાછાં વળ્યાં. દોડાદોડ આવે છે. સૌથી આગળ આવી એક છોકરાંએ પરીના હાથમાં દીવો મુકી દીધો અને થાકથી હાંફતું-હાંફતું નીચે બેસી ગયું.

'સોમ, સૌથી પહેલો તારો વારો,' પરી બોલી.

પછી બીજું છોકરું આવ્યું. 'મંગળ, બીજો વારો તારો.'

પછી ત્રીજું છોકરું આવ્યું. એનું નામ હતું બુધ.

પછી ગુરુ નામનું ચોથું બાળક આવ્યું.

પાંચમું શુક્ર આવ્યું ને છઠ્ઠું શની.

પણ પેલું રમતિયાળ છોકરું તો હજી રમતું જ હતું. પરીએ એને બોલાવીને કહ્યું, 'રવિ, તારો વારો સૌથી છેલ્લો. તું તારે રમ્યા જ કરજે!'

આ વખતે અમે ઉભાં હતાં ત્યાં આગળથી એક સોનેરી રથ પસાર થયો. એને સાત તો ઘોડા જોડેલા, પણ સારથી લુલો, હો! 'આ કોનો રથ?' મેં પરીને પુછ્યું.

'એ રથ તો સુરજદેવનો છે. હમણાં એ પૂર્વ દિશામાં પહોંચી જશે ને પૃથ્વી ઉપર સવાર પડશે.'

'ત્યારે મને ઘેર મુકવા આવો,' મેં પરીને કહ્યું. તરત જ એણે મને પાંખ ઉપર બેસાડી દીધો ને ઘડીકમાં તો અમે અહીં પહોંચી ગયાં. મને પથારીમાં સુવાડી દઇ પરી પાછી આકાશમાં ઉડી ગઇ.

હવે મને લાગે છે કે સોમ હીંડોળે બેસે ત્યારે આપણી પૃથ્વીમાં સોમવાર થાય છે, મંગળ હીંડોળે બેસે ત્યારે મંગળવાર થાય છે ને છેલ્લે પેલા રમતિયાળ રવિનો વારો આવે છે ત્યારે તો એ બધાંને રમત જ કરાવે છે! કાં બહેન, સ્વપ્નું સરસ ખરું કે નહિ?'

મધુએ સ્વપ્નાંની વાત પુરી કરી ને વળી પાછો 'સોમવાર પહેલો, મંગળવાર બીજો, રમતિયાળ રવિ છેલ્લો!' એમ કહીકહી કુદવા ને હસવા લાગ્યો. **ત્ર.**

ઈનામી હરીફાઇ

પોષના અંકમાં જાહેર કરેલી 'તમારી બુદ્ધિની કસોટી' નામની હરીફાઇનાં પહેલાં બે ઇનામો ભાઈ મણિલાલ જેઠાભાઇ પટેલ અને ભાઇ નેમચંદ્ર ડુંગરશી શાહને મળે છે. બાકીનાં તેવીસ ઈનામો માટે હરીફાઇ હજી ખુલ્લી રાખવામાં આવી છે. 'કુમાર'ના ગ્રાહકો નહિ હોય તે પણ આમાં ભાગ લઇ શકશે. અગાઉ કોઇ ઠેકાણે પ્રસિદ્ધ થઈ ગએલી આકૃતિઓ ઇનામને લાયક ગણાશે નહિ.

(અનુસંધાન પાન ૧૭૧થી)

છે અને તેમાં સ્ફૂર્તિ લાવે છે. અલબત્ત, ઉનું એટલે ખળખળતું તો નહિ જ. આનો પ્રત્યક્ષ દાખલો ચા છે. લગભગ બધા બંધકોશવાળાઓને ચા પીવાથી દિશાની ખણસ થાય છે. પણ આ ભુલ છે. આ ખણસ ચાથી નહિ પણ ઉના પાણીથી જ થાય છે.

(શરીર વિકાસમાંથી તારવીને)

પાણી

કેવું પીવું: કેટલું પીવું: કેમ પીવું: કયારે પીવું

ઘણાં માણસોને ગમે તેવું મેલું, અ-ણગળ અને અસ્વચ્છ પાણી વાપરવાની ટેવ હોય છે. આ બહુ જ ખરાબ ટેવ છે. પાણી જેટલું નિર્મળ, કોઇ પણ જાતની ભેળસેળ વિનાનું અને ખાસ કરીને વર-સાદનું એકઠું થએલું હોય તેટલું વધારે સારૂં ગણાય.

કેટલાંક માણસોને અત્યંત ઠંડું પાણી પીવાની ટેવ હોય છે. એ પણ સારી ટેવ ન કહેવાય. તાજું પાણી પીવું એ જ ઇષ્ટ ગણી શકાય.

જો બની શકે તો દર બે કલાકે પાણી પીવું જોઇએ. નહિતર તરશ લાગે ત્યારે તો તરત જ પીવું. તરશને બીલકુલ લંબાવવી જોઇએ નહિ.

કેટલાંક માણસોને પાણી એકદમ પી જવાની–ઘટકાવી જવાની ટેવ હોય છે. આ ટેવ બહુ જ બુરી અને નુકસાનકર્તા છે. પાણીને તો ઘુંટડે ઘુંટડે પીવું જોઇએ. એક યૂરોપીય શરીરશાસ્ત્રી તો કહે છે કે 'પાણીને ખાવો અને અનાજને પીઓ.' આનો એ જ અર્થ છે કે પાણીને એકદમ ઘટક ઘટક પી જવું જોઇએ નહિ.

જમતી વખતે પાણી પીવા સંબંધે જુદાજુદા મત છે; પરંતુ વધારે સારૂં તો એ છે કે આખા ભોજન દરમિયાન પાણી પીવું જ નહિ. ભોજનને અંતે મુખશુદ્ધિ પુરતું, અને ભોજન પછી ઓછામાં ઓછા અરધા કલાકે ભાવે તેટલું પાણી પીવું. અલબત્ત, ભોજનની મધ્યમાં તરશ લાગે તો તો પાણી પીવું જ જોઇએ.

રાત્રે સુઈ ગયા પછી બીલકુલ પાણી પીવું જોઇએ નહિ. એ પ્રમાણે રાતમાં પીધેલું પાણી ઝેર સમાન ગણાય છે.

સવારના પહોરમાં ઉઠતાવેંત જ અરધા શેરથી શેર ટાઢું પાણી પીવું એ અત્યંત ફાયદાકારક મનાય છે. એથી મળાશય સાફ થઇ જાય છે અને બદ-હજમી કે પેટનો દુખાવો રહેતો નથી.

જેવા ઉપાયોથી કુદરત પાણીને શુદ્ધ કરે છે તેવા ઉપાયોથી આપણે પણ તેને નિર્મળ કરી શકીએ. વહેતાં પાણીમાં બધાં રજકણો નળીએ જ બેસી રહે છે; સૂર્ય અને પવન તેમાંથી ગંદકી ખેંચી લે છે; જ્યારે અંદર રહેલાં જીવજંતુઓ બધો મળ ખાઇ જાય છે. કુદરતને નિર્મળ બ-નાવવાનો પુરતો વખત આપ્યો હોય તો પછી તે પાણી ગમે તેટલાએ પીધું હોય તેનો વાંધો નથી.

પાણીને ગાળીને પીવું એ તો એક નિયમ જ હોવો જોઇએ. વાસી, તથા કબર અથવા સ્મશાન પાસેના અને ખાટકીવાડાના કુવાઓનું પાણી ન જ પીવું.

ઉકાળીને ઠારેલું પાણી ચોખ્ખું ગણાતું તે હવે ડાકટરોના મત પ્રમાણે ઝેરી ગણાય છે. તેમ કરવાથી પાણીમાં રહેલા જરૂરી ક્ષારો બધા ખેંચાઇ જાય છે. એ પાણીમાં પ્રાણતત્ત્વ હોતું નથી. અને તેટલા જ માટે તે પાણી અસ્વાભાવિક છે.

છુટથી પરસેવો લાવવા સારૂ અને મોઢાની દુર્ગંધ મટાડવા માટે તો પાણી વારંવાર પીવું જરૂરનું છે.

પાણીને જઠરાગ્નિ પ્રદિપ્ત કરનાર (ઍપિટાઇઝર) કહે છે. ચુલેથી ઉભરાઇ જતી વસ્તુ પાણી નાખ-વાથી શાંત થાય છે તેવી જ રીતે પાણી પેટના ઉભરાને પણ શાંત કરે છે.

નળના પાણી કરતાં કુવાનું જ પાણી પીવું વધારે સારૂં છે, કેમકે નળના પાણીમાં તળાવમાંથી અને બીજી જગ્યાએથી જંતુઓ ખેંચાઇ આવે છે, એટલું જ નહિ પણ આખી રાત નળમાં પડી રહેલા પાણીની વિશુદ્ધતા શંકાસ્પદ છે.

બરફનું પાણી ઉનાળામાં પણ નુકસાનકારક ગણાય છે. તે પેટની ગરમી ઓછી કરી નાખે છે અને પાચનશક્તિને મંદ પાડે છે. પાણી ઠંડું પીવું, પણ બરફવાળું તો નહિ જ. કૃત્રિમ ઉપાયોથી ઠંડું કરેલું પાણી શરીરમાં બદહજમી ઉત્પન્ન કરે છે. આ જ કારણને લીધે જમ્યા પહેલાં મુદ્દલ અથવા તો પાછળથી પણ હદબહાર આઇસક્રીમ ન જ ખાવો જોઇએ.

આથી ઉલટું, ઉનું પાણી જઠરને સતેજ કરે

(અનુસંધાન પાન ૧૭૦ના બીજા કોલમને છેડે)



માધુકરી

કુંકુમકેસરના થાળ, ઉરઉરમાં ઉમંગઝાળ;
ઓ ભારતની માતાઓ!
અમને આરોપો રણમાળ.
જ્યંહિ ભરે કેસરી ફાળ,
રમશું તે કાળની પાળ;
ઓ ભારતની માતાઓ! અમને આરોપો રણમાળ.

—કવિ નાનાલાલ

ધોંડો કેશવ કર્વેનું બાળપણ

રંક માતપિતાને ઘેર જન્મ થવાથી વિદ્યાભ્યાસમાં જે અસંખ્ય અડચણો આવી પડે તે ગધીને ઠોકરે મારી, અનુકુળ સંજોગો પોતાની મેળે જ ઉભા કરી લઇ જેમણેજેમણે વિદ્યા પ્રાપ્ત કરી છે એમાં ધોંડો કેશવ કર્વેનું નામ અગ્રસ્થાન લે છે. એમની બાલ્યાવસ્થા બહુ જાણવા જેવી છે.

એમનું શિક્ષણ ધુળી નિશાળમાં શરૂ થએલું. ત્યાં અપાતું શિક્ષણ તીવ્ર બુદ્ધિના આ વિદ્યાર્થીને પુરૂં કરતાં વાર લાગી નહિ. શાળાના શિક્ષણ ઉપરાંત ધર્મપુસ્તકોનું વાંચન પણ એણે ત્યાં ખુબ કર્યું હતું. ગુરુ બહુ માયાળુ હતા ને કર્વેના શિક્ષણ માટે ખાસ કાળજી રાખતા. એમના શિક્ષણની અસર કર્વે ઉપર બહુ ઉંડી થઇ છે. એમના ભાવિ જીવનનાં બીજ અહીંથી જ રોપાયાં.

નાનપણથી જ એમનામાં એક બહુ વખાણવા જેવી ટેવ હતી. વખતની કીમત એ બરાબર સમજતા. અભ્યાસનાં પુસ્તકો વાંચીને કંટાળે એટલે એ નવરા ન બેસી રહે. તરત જ એક ગૃહસ્થને ઘેર છાપાં વાંચવા દોડી જતા, અને વાંચેલા વિષયો પર ગુરુજી સાથે ચર્ચા કરતા. ગુરુજીને લાગ્યું કે સાંજે મંદિરમાં ઘણા લોકો એકઠા થાય છે. ત્યાં બેસીને જો કોઈ છાપાં વાંચે તો તેનો ઘણા માણસો લાભ લઇ શકે. એટલે એમણે એ કામ કર્વેને સોંપ્યું ને બે મહીના સુધી કર્વેએ મંદિરમાં નિયમિત છાપાં વાંચ્યાં.

પંદર વરસની ઉમરે એમણે ત્યાં અપાતું છઠ્ઠા ધોરણ સુધીનું શિક્ષણ પુરૂં કર્યું. એ વખતના ધારા મુજબ મરાઠી છઠ્ઠા ધોરણની પરીક્ષામાં સત્તર વર્ષથી નાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં નહોતા આવતા. એટલે બે વરસ સુધી એમને ઘેર બેસી રહેવું પડ્યું. ગણિત એમનો પ્રિય વિષય હતો. આ બે વર્ષમાં એમણે ગણિતનું સારૂં જ્ઞાન મેળવી લીધું પોતાની આર્થિક સ્થિતિને નભાવી રાખવા એ ઘેર બેઠાં જનોઇ, છત્રી વગેરે તૈયાર કરતા. આ સાથે એમનો સંસ્કૃતનો અભ્યાસ તો હજુ ચાલુ જ હતો.

આ પરીક્ષા પસાર કરી ટ્રેનિંગ કૉલેજમાં જઈ સૌથી ઉંચા દરજ્જાનું સર્ટિફિકેટ મેળવવું એટલું જ આ બાળક કર્વેનું એ વખતનું ધ્યેય હતું. સત્તરમું વર્ષ પુરૂં થયું એટલે એ પરીક્ષા આપવા માટે નીકળ્યા. પરીક્ષા આપનારાઓને મોટા શહેરોમાં જવું પડતું. રેલવેનું સ્ટેશન ત્યાં આગળ નહોતું એટલે પગે ચાલીને જવાનું હતું.

પણ પરીક્ષા આપવા ક્યાં જવું એ સવાલ હતો. કોલ્હાપુર, મુંબાઇ કે સતારા? પહેલાં તો મુંબાઈ જવા ચારપાંચ વિદ્યાર્થીઓ તૈયાર થયા. તેમના વતનથી છ ગાઉ ઉપરના ગામમાં તેઓ ગયા પણ તે દિવસે વરસાદ સખત પડતો હોવાથી વહાણ નીકળ્યું નહિ ને એમને પાછા ફરવું પડ્યું. પછી તેઓએ સતારા જવાનો નિશ્ચય કર્યો. સતારા લગભગ ૧૦૮ માઇલ દૂર હતું; અને વખત તો માત્ર ચાર દિવસનો જ રહ્યો હતો. આથી તેમને ખુબ ચાલવું પડ્યું.

બીજા આગળ તો પૈસા પુરતા હતા, પરંતુ કર્વેને તો માત્ર સાત રૂપિયામાં બધું પતાવવાનું હતું. એમાંથી એક રૂપિયો તો પરીક્ષાની ફીનો ત્યાં જતાંવેંત જ આપી દેવાનો હતો. બાકીના છ રૂપિયા ઉપર જ બધી ધામધુમ હતી.

તેમને સહ્યાદ્રિનો ઘાટ ઉતરીને જવાનું હતું. વરસતા મેમાં માત્ર ચાર જ દિવસમાં એ ઘાટો ઉતરીને ૧૦૮ માઇલ કેમ ચલાયું હશે અને છ રૂપિયામાં પુરૂં કેમ થયું હશે એની કલ્પના વાંચનારાએ જ કરી લેવી.

જે દિવસે ટોળી સતારે પહોંચી તે દિવસ પરીક્ષાનો હતો. પણ એમના સદ્ભાગ્યે પરીક્ષા શરૂ થઇ નહોતી; કારણ કે પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મોટી

હોવાથી તે આખો દિવસ નામ નોંધવામાં જ નીકળી ગયો. બીજે દિવસે સવારે નામ નોંધાવવા માટે આ ટોળી ગઇ. બીજા બધાંના નામ નોંધાયાં; પણ કર્વેનું નામ નોંધવામાં આવ્યું નહિ. કારણ કે, એની ઉમર પુરાં ૧૭ વર્ષની હોવા છતાં શરીર એટલું દુબળું હતું કે પરીક્ષકને એની ઉમર સત્તર વર્ષની લાગી નહિ. નિશાળના શિક્ષકનું ઉમરનું સર્ટિફિકેટ સાથે હોવા છતાં પરીક્ષામાં બેસવા મળ્યું નહિ. બીજે વર્ષે કર્વેએ કોલ્હાપુર જઇને પરીક્ષા પસાર કરી.



ધોંડો કેશવ કર્વે

ત્યાર પછી કર્વેને અંગ્રેજી ભણવાની ઇચ્છા થઈ. પોતાના વતન ગુરૂડમાં અંગ્રેજી નિશાળ નહોતી એટલે વગર પૈસે ક્યાં જઇને ભણવું એની ચિંતા થઈ. એટલામાં એમના સદ્ભાગ્યે એક શ્રીમંત ગૃહસ્થે પોતાના પુત્રની સાથે ગામના છોકરાને અંગ્રેજી શીખવાની સગવડ કરી આપી. આ વખતે કર્વેની ઉમર અઢાર વરસની હતી. બે વરસ પછી અંગ્રેજી ત્રીજા ધોરણની પરીક્ષા રત્નાગિરિ જઇને પસાર કરી; અને ત્યાં જ ચોથા ધોરણનો અભ્યાસ કરવા લાગ્યા. એટલામાં એમની તબિયત લથડી ને ત્યાંથી પાછા આવવું પડ્યું. થોડા દિવસ વતનમાં જ શિક્ષકની નોકરી કરી, વળી પાછા મુંબઇમાં આગળ અભ્યાસ કરવા ઉપડ્યા. ત્યાં તેમના વતનના જ ઘણા વિદ્યાર્થીઓ હતા. તેઓની સાથે રહી, વીશીમાં જમવાનું રાખી કર્વેએ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. તેમને જે છાત્રવૃત્તિ અને ટ્યુશનમાંથી પૈસા મળતા તેમાંથી જ તે ગુજરાન ચલાવતા અને થોડુંઘણું ઘેર પણ મોકલતા.

એ અંગ્રેજી પાંચમા ધોરણમાં ભણતા ત્યારે એમના અક્ષર બહુ જ ખરાબ હતા; અને એમને હમેશાં ઓછા માર્ક મળતા. થોડા જ વખતમાં તેમણે ખુબ મહેનત લઈ પોતાના અક્ષર સુધાર્યા. તે ઉપલા નંબરે ન આવે એવું ઇચ્છતા અદેખા છોકરાઓએ હેડમાસ્તરના મગજમાં એમ ભરાવી દીધું કે એ બીજા કોઈ પાસે કૉપી લખાવી લાવે છે. હેડમાસ્તર પુરતી તપાસ કર્યા વિના નેતરની સોટી લઇ તેને મારવા ઉભા થયા. એ વખતે કર્વેની ઉમર ૨૧ વરસની હતી. એટલી મોટી ઉમરે માર ખાવાનો વખત આવ્યો એ માટે એમને બહુ જ ખોટું લાગ્યું.

'હું મારી જાતે જ કૉપી લખી લાવું છું,' એમણે શિક્ષકને કહ્યું. પણ શિક્ષકે માન્યું નહિ એટલે સોટીપ્રહાર માટે એમણે હાથ લંબાવ્યો. પણ વળી હેડમાસ્તરને લાગ્યું કે એ કદાચ નિર્દોષ હશે. 'તું મને અત્યારે કૉપી લખીને બતાવીશ?' એમણે કર્વેને પુછ્યું. કર્વેએ હા પાડી ને બીકમાં ધ્રુજતા હાથે કૉપી લખીને બતાવી: 'ગભરાટમાં પણ આટલા સરસ અક્ષર કાઢી શકે તે શાંતિથી આથી પણ સારા અક્ષર કેમ ન કાઢી શકે?' શિક્ષકને પોતાની ભુલ માટે પસ્તાવો થયો.

કર્વે અંગ્રેજી પાંચમા ધોરણમાં હતા ત્યારથી જ ખાનગી ભણાવતા. સૌથી પહેલા ટ્યુશન માટે કર્વેને એક રૂપિયો મળતો. એક માણસ તેમની પાસે દર રવિવારે 'નવનીત' નામનો કાવ્યસંગ્રહ સમજવા આવતો. આને માટે કર્વેને અઠવાડિયે બે આના મળતા. આવી રીતે મેળવેલાં ટ્યુશન અને છાત્રવૃત્તિના પૈસામાંથી તે રૂપિયે એક પૈસો ધર્માદા માટે રાખતા. આમ કરતાં જ્યારે ત્રણ રૂપિયા ભેગા થયા ત્યારે તેનો ઉપયોગ કરવાનો કર્વેને એક સરસ પ્રસંગ મળ્યો. એક વિદ્યાર્થીને થોડા દિવસ અગાઉ જ એમણે પાંચ રૂપિયા ઉછીના આપ્યા હતા. તેની પાસે બીલકુલ પૈસા નહોતા. તે વિદ્યાર્થી માંદો પડ્યો છે એવી ખબર મળતાં કર્વે એને મળવા ગયા. પેલા વિદ્યાર્થીને લાગ્યું આ પૈસા માગવા માટે જ આવ્યા હશે. તે બોલ્યો, 'હું તમારા પૈસા—' કર્વે વચ્ચે જ બોલી ઉઠ્યા, 'મારે હમણાં પૈસાની કાંઈ જરૂર નથી. તમે એ વાત જ ભુલી જજો. પણ તમને વધારે પૈસાની જરૂર હશે એટલે આ ત્રણ રૂપિયા લઇ લો.'

પેલા વિદ્યાર્થીને પૈસાની ઘણી જ જરૂર હોવાથી એણે રૂપિયા લઇ કહ્યું, 'આ આભારનો બદલો હું કેમ વાળી શકીશ? તમારા જેવા પરોપકારી મેં બીજા કોઈ જોયા નથી.' પણ કર્વે તો ક્યારના પસાર થઇ ગયા હતા. એમને તો દુઃખીને મદદ કરવી હતી, પોતાની પ્રશંસા નહોતી સાંભળવી.

મૅટ્રિકનો ખર્ચ કાઢવા માટે મુંબાઇમાં જે રીતે પૈસા મળી શકે તેમ હોય એ બધી રીતનો તે લાભ લઇ લેતા. સેન્સસને વખતે રૂપિયા રોજે તેમણે બાર દિવસ વસ્તીગણતરી કરવાનું કામ કર્યું હતું.

ઉનાળામાં જ્યારે ઘેર જતા ત્યારે સગાંવહાલાંને એકઠાં કરી નાટય પ્રયોગો કરવાનો તેમને બહુ જ શોખ હતો. તે માટે પડદા જોઇતા હતા તે મુંબાઇમાં તૈયાર કરીને લઇ જતા. પડદાનું ખર્ચ કાઢવા તે એકએક આનો ટિકટ રાખતા. નાટકો સંસ્કૃતમાં કે માતૃભાષામાં ભજવતાં.

મૅટ્રિકનો અભ્યાસ પુરો કરી એ વિલ્સન. કૉલેજમાં દાખલ થયા. તેમને મળતી શિષ્યવૃત્તિમાંથી અને ટ્યુશનમાંથી તે ખર્ચ કાઢતા. એક વર્ષ પછી તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ઇ. સ ૧૮૮૪માં તેમણે બી. એ. ની પરીક્ષા કરી. ત્યાર પછી તો એમના જીવનમાં ઘણા યે ફેરફારો થઇ ગયા છે અને અત્યારે પૂનામાં 'હિંદી મહીલા વિદ્યાપીઠ' ચલાવે છે.

ઇંદિરાબહેન ગદ્રે

શુકનમાં લાપસી શા માટે?

હિંદુસંસારમાં સાધારણ રીતે સારા પ્રસંગે હમેશાં

શુકનમાં ઘઉંની લાપસી કે ઓરમું કરવામાં આવે છે. શુકનમાં બીજા કોઈ પકવાનને બદલે લાપસીને જ શા માટે પસંદગી આપવામાં આવી હશે તે વાત સમજવા જેવી છે. અત્યારના જમાનામાં તો લાપસી કે ઓરમું એ ગામડાનું પકવાન ગણાય છે અને સારા જમણવારમાં તે સ્થાન ભોગવતું નથી; છતાં પણ આપણે વિચારશું ત્યારે જણાશે કે આપણા વડીલો મૂર્ખ ન હતા.

ઘઉંની અંદર જે પોષકતત્ત્વ છે તે તેની અંદરના બીજમાં છે. આ બીજ ખાવાથી માણસની જીવનશક્તિ વધે છે. જે અનાજને જીવનતત્ત્વ (Vitamines) કહેવામાં આવે છે તે આ બીજમાં છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ તથા ખોરાકને લગતી શોધખોળ કરનારાઓએ એકમતે જાહેર કર્યું છે કે, જેમજેમ ઘઉંનો લોટ બારીક કરવામાં આવે છે તેમતેમ તેના બીજનો નાશ થાય છે. બીજનો નાશ એટલે તેની અંદર રહેલાં જીવનતત્ત્વનો પણ નાશ. આવો લોટ તે આપણો પરસુદી-મેંદો છે. આ લોટ શરીરને લાભ કરવાને બદલે નુકશાન કરે છે. એવા પ્રયોગો પણ કરવામાં આવ્યા છે કે એક માણસને ભુખ્યો રાખવામાં આવ્યો જ્યારે બીજા માણસને માત્ર પરસુદીની રોટલી આપવામાં આવી. પરિણામે પરસુદીની રોટલી ખાનારનું વજન ઉપવાસી કરતાં ઘણું ઘટી ગયું. આ સુચવે છે કે પરસુદી શરીરને પોષવાને બદલે શરીરનો નાશ કરે છે.

લાપસી કે ઓરમાની અંદર ઘઉં જાડા ભરડવામાં આવે છે. આવા જાડા લોટની અંદર તેનું બીજ જળવાઈ રહે છે અને એ બીજ શરીરને પોષણ આપે છે. આડે દિવસે તો તમે આવો પૌષ્ટિક ખોરાક ન ખાઓ પણ સારે પ્રસંગે શુકન તરીકે તો જરૂર ખાઓ, તેટલા માટે બુઢા બાપાએ શુકનમાં લાપસી રાખી છે. તલધારી લાપસી ગોળ, ઘી અને ઘઉંના લોટની બને છે. આ ખોરાકને બીજું કોઇ પણ પકવાન પહોંચે તેમ નથી; પછી ભલે તે દુધપાક, શ્રીખંડ, બાસુદી, ઘેવર, મેસુબ, વગેરે ગમે તે હોય. લાપસી અને ઓરમું બીનજોખમી અને પૌષ્ટિક છે.

બચ્ચાંનું નામ પાડતી વખતે બારમે દિવસે તો આખા ઘઉંને બાફી તેની ઘુઘરી કરવાનો રિવાજ છે. આ ઘુઘરી પણ ગોળઘી નાખીને ખાવામાં આવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ તો લાપસીઓરમા કરતાં પણ આ ઘુઘરી ચડે તેમ છે. પરંતુ હવે ઘુઘરી તો જંગલીનો ખોરાક ગણાય છે. આજના સુધરેલા માણસોને પાછા જંગલી થયા સિવાય છુટકો નથી એમ અત્યારના ખોરાકશાસ્ત્રીઓ અને ડૉકટરો યુરોપમાં બુમ પાડી રહ્યા છે. ખોરાકની અંદર આપણે ત્યાં ધાલમેલ હજુ પ્રભુકૃપાએ ઓછી છે; યુરોપાદિ દેશોમાં તે ટોચે પહોંચવા આવેલ છે. એટલે જ ત્યાંના ડૉકટરો તે તરફ વધુ લક્ષ આપવા મંડયા છે.

અંગ્રેજી મહિનાનાં નામ શા ઉપરથી પડયાં ?

અંગ્રેજી વર્ષના પહેલા મહિના જાન્યુઆરીનું નામ જેનસ નામના દેવતા ઉપરથી પડયું છે. એ દેવતાને આગળ ને પાછળ એમ બે મ્હોં હતાં અને એના ડાબા હાથમાં કમંડળ રહેતું. જુના વખતથી અત્યાર સુધી એ દેવ તરીકે પુજાતા આવ્યા છે. જેમ વર્ષમાં બાર મહિના એમ તેના મંદિરમાં બાર દેવ છે. યુદ્ધના વખતમાં એ મંદિર ખુલ્લું રહેતું ને રોમન લોકો ત્યાં જઇ પૂજા કરતા. વર્ષના પહેલા મહિનામાં એની પાસે લોકો મનગમતું માગતા ને ભુલો માટે ક્ષમા યાચતા.

બીજો મહિનો ફેબ્રુઆરી એક વાર વર્ષનો છેલ્લો મહિનો હતો. એ વખતે વર્ષની શરૂઆત માર્ચથી થતી. ઇ. સ. પૂર્વે ૪૫૦ વર્ષ ઉપર એનું સ્થાન બદલાયું ને એ બીજો મહિનો થયો. લુપરકસ દેવતાના માનમાં રોમન લોકો ફેબ્રુઅમ નામનો એક ઉત્સવ કરતા. એ ઉપરથી ફેબ્રુઆરી મહિનાનું નામ પડયું.

ત્રીજા મહિના માર્ચનું નામ રોમન લોકોના સૌથી મોટા દેવતા માર્સ ઉપરથી પડયું છે. એ એક ભયંકર યોદ્ધો હતો. એના એક હાથમાં લાંબી બરછી ને બીજામાં ઢાલ રહેતી; માથા ફરતું તેજનું વર્તુલ રહેતું. કોઇ પણ કાર્યસિદ્ધિ માટે બધા રોમન લોકો એ બળવાન યોદ્ધાની જ પૂજા કરે છે.

ઠંડીને લીધે કુદરત બધી અચેતન બની જાય છે. માર્ચ મહિનાના વરસાદના સરવડાં વીત્યા પછી ને બાકી રહેલી ઠંડીમાં વસંતની રાણી એપ્રિલ આવી ચારેકોર ચેતન રેલાવી દે છે. ઝાડને નવાં પાંદડાં ને નવાં ફળફુલ આવે છે. આવું સુંદર દ્રશ્ય જોઇ રોમન લોકોએ કહ્યું, ' આ બધાને બંધનમુક્ત કરે છે.' આ ઉપરથી એનું નામ પડયું 'કન્મોચનકારી' અથવા ' એપ્રિલ.'

પાંચમા મહિના મેનું નામ માઇયા નામની દેવી ઉપરથી પડયું છે. રોમન મત પ્રમાણે આખી પૃથ્વી એટલસ નામના દેવતાના ખભા ઉપર આવેલી છે. માઇયા એટલસની સાત કન્યાઓમાંની એક છે. એના પુત્ર મર્ક્યુરીના સ્મરણથી સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. એ સાતે બહેનોને જુપિટરે તારાના રૂપમાં આકાશમાં રાખી છે એવી રોમન માન્યતા છે.

છઠ્ઠા મહિના જુન વિષે કાંઇ નક્કી જાણવામાં આવ્યું નથી. એક મત એવો છે કે એનું નામ જુન દેવી ઉપરથી પડયું છે; બીજો મત 'જુનિયસ' વંશ ઉપરથી એનું નામ પડયાનું કહે છે. જુનો જુપિટરની અત્યંત અભિમાની ને ઇર્ષાળુ સ્ત્રી હતી. જુનિયસ પ્રાચીન રોમનો એક પ્રખ્યાત માણસ હતો.

સાતમા મહિનાનું નામ જુલાઈ. જ્યારે માર્ચ માસથી વર્ષ શરૂ થતું ત્યારે એનું નામ કિવનટિલિસ એટલે

પાંચમો મહિનો હતું. રોમના રાજા જુલિયસ સીઝરે દેશના પંચાંગમાંથી ઝીણીઝીણી ભુલો બધી કાઢી નાખી ને વર્ષની શરૂઆત જાન્યુઆરી માસથી કરી. આથી જુલાઇ પાંચમાને બદલે સાતમો મહિનો થયો. પછી જુલિયસના નામ ઉપરથી એ મહિનાનું નામ જુલાઇ પડયું.

જેવી રીતે જુલિયસ સીઝરના નામ ઉપરથી જુલાઇ મહિનાનું નામ પડયું એવી જ રીતે તેના પ્રપૌત્ર આગસ્ટસના નામ ઉપરથી આઠમા મહિના ઑગસ્ટનું નામ પડયું. ઑગસ્ટ મહિનાનું મુળ નામ ઑકટેવિયસ હતું. આ મહિનામાં આગસ્ટસના જીવનમાં ઘણા નોંધવા જેવા બનાવો બન્યા હતા; એટલે લોકોએ આગસ્ટસને પ્રસન્ન કરવા માટે તે મહિનાનું નામ આગસ્ટસ એટલે મહાન રાખ્યું. એ વખતે આઠમા મહિનાના ત્રીસ દિવસ ને જુલાઇના એકત્રીસ દિવસ હતા. જુલિયસના મહિનાથી પોતાનો મહિનો એક દિવસ નાનો થયો એટલે આગસ્ટસ ગુસ્સે થયો. આથી રોમન લોકોએ તેને રાજી રાખવા ફેબ્રુઆરીમાંથી એક દિવસ લઇ તેને આપી દીધો ને ઑગસ્ટ મહિનાના પણ ૩૧ દિવસ થયા.

માર્ચને બદલે જાન્યુઆરી મહિનાથી વર્ષની શરૂઆત થવાથી સાતમો મહિનો તે નવમો, આઠમો તે દસમો, નવમો તે અગિયારમો ને દસમો તે બારમો થઈ ગયો; તો પણ નામમાં કશો જ ફેરફાર થયો નહિ. સપ્ટેમ્બર એટલે સાતમો, ઑકટોબર એટલે આઠમો, નવેમ્બર એટલે નવમો ને ડિસેમ્બર એટલે દસમો. મહિનાઓનો ક્રમ બદલાતાં ખરી રીતે તો નામો પણ બદલવાં જોઈતાં હતાં, પણ રોમન લોકોને એમ કરવું ગમ્યું નહિ તે આજ સુધી એ નામો એમ ને એમ જ રહ્યાં છે.

ટમેટાં

ટમેટાંમાં પૌષ્ટિક તત્ત્વો મોટા પ્રમાણમાં નથી, છતાં તે દવા તરીકે બહુ જ ઉપયોગી છે. તેમાં લોહીને સાફ કરવાનો મોટો ગુણ રહેલો છે. તે આંતરડાંના કોહાણનો નાશ કરનાર છે તેમજ અન્નનળીમાં રહેલા કચરાને દૂર કરે છે. માંદા માણસને ટમેટાં ઘણો જ સારો ફાયદો કરે છે. તેનો માવો અને રસ સહેલાઇથી પચી જાય છે, કેમકે તેમાં જઠરના રસ (Gastric Secretions) ને વધારનાર અને દસ્તને સાફ લાવનાર અમ્લ (Acid) ખુબ છે.

સુપ્રસિદ્ધ ડૉ. રસલ કહે છે કે વિદ્રધી, મદ્ય, અને મત્સ્યના દોષને તેમજ હદ ઉપરાંત ચાનો ઉપયોગ કરવાથી થએલ લોહીના બગાડને ટમેટાં સુધારે છે. તે જઠરના કચરાને દૂર કરે છે તેથી પાચનક્રિયા સુધરવાથી લોહી પણ સુધરે છે. વિદ્રધી (Cancer) મટાડવાનો તો એ સૌથી સારો ઉપાય છે. ડૉ. બુલ કહે છે કે ટમેટાં દસ્ત સાફ લાવી લોહી સુધારે છે અને કાચાં ખાવાથી બહુ સારો ફાયદો કરે છે.

લંડનના ડૉ. પો. ચાર્લ્સ વિકનહામ કહે છે કે ટમેટાં નિર્બળ, વૃદ્ધ, તથા જઠરનાં દર્દોથી પીડાતા દર્દીઓને માટે સૌથી ઉત્તમ શાક છે. બાફ્યા વગરનાં પાશેર ટમેટાંનો શીરો, અઢી રૂપિયાભાર તેલ, એક લીંબુનો રસ, અઢી રૂપિયાભાર ડુંગળીની કચુંબર તથા જોઇતા પ્રમાણમાં મીઠું; ભેળવીને ખાવાથી શરીરને બહુ સારો ફાયદો કરે છે. (વૈદ્યકલ્પતરૂ)

ધારેલો આંકડો શોધી કાઢો

મનુએ કનુને કહ્યું કે, 'મારી પાસે ગણિતની એક એવી યુક્તિ છે કે જે વડે હું તારો ધારેલો આંકડો કહી આપું. માત્ર તારે મને આંકડો એકમ, દશક કે શતકમાં છે તે જણાવવું. હવે એક આંકડો ધારી લે.' કનુએ ૧૫નો આંકડો ધારી કહ્યું કે 'ધાર્યો.'

'હવે તેને બેએ ગુણ.' મનુએ કહ્યું.

'ગુણ્યા.' (૧૫×૨=૩૦)

'તેમાં પાંચ ઉમેર.'

'ઉમેર્યા.' (૩૦+૫=૩૫)

'હવે એને પાંચે ગુણ.'

'ગુણ્યા.' (૩૫×૫=૧૭૫)

'એમાં અગિયાર ભેળવ.'

'ભેળવ્યા.' (૧૭૫+૧૧=૧૮૬)

'હવે એને દસે ગુણ.'

'ગુણ્યા.' (૧૮૬×૧૦=૧૮૬૦)

'એમાં ત્રણ ઉમેર.'

'ઉમેર્યા.' (૧૮૬૦+૩=૧૮૬૩)

'એને હવે દસે ગુણ.'

'ગુણ્યા.' (૧૮૬૩×૧૦=૧૮૬૩૦)

'હવે એમાં ૩૬ ભેળવ.'

'ભેળવ્યા.' (૧૮૬૩૦+૩૬=૧૮૬૬૬)

'એમાંથી ૩૫૩૫ બાદ કર.'

'કર્યા.' (૧૮૬૬૬-૩૫૩૫=૧૫૧૩૧)

'શું આવ્યું?'

'૧૫૧૩૧.'

'ઠીક, ધારેલ આંકડો શેમાં હતો?'

'દશકમાં.'

'ત્યારે તો તારો ધારેલ આંકડો ૧૫.'

કનુ તો આ યુક્તિ જોઇ છક થઈ ગયો!

તમે પણ આ ગણતરી મુજબ કોઇનો ધારેલ આંકડો કહી શકો. છેલ્લે જે રકમ આવે તેમાંથી ધારેલ રકમના જેટલા આંકડા હોય તેટલા રાખી બાકીના છેકી નાખવા.

(અંગ્રેજી ઉપરથી) **કેશવલાલ ઓઝા**

અમદાવાદના મીલ ઉદ્યોગના સ્થાપક શેઠ રણછોડલાલ છોટાલાલમાં સ્વભાવલક્ષણ રૂપે જ વિલક્ષણ શાન્તિ હતી. એક વાર ભરૂચમાં કોઇ ખલાસીએ તેમને પુષ્કળ અસહ્ય અપમાનવચનો કહ્યાં. સઘળું શાન્તિથી સાંભળી લઈ તેમણે માત્ર બે જ શબ્દો ધીરેથી કહ્યા, 'મૂર્ખ છે.'


ઍલ્યુમિનિયમનાં વાસણ સાફ કરવાની સૌથી સહેલી રીત એ છે કે પ્રથમ સાફ કરવાના વાસણમાં પાણી ભરી તેને ચુલે મુકવું. પાણી ખુબ ગરમ થાય એટલે કાઢી નાખી અંદર ઝટ ઠંડું પાણી રેડી દેવું. આમ કરવાથી વાસણને ચોંટેલાં કચરાનાં રજકણો ઢીલાં પડી જશે. પછી બ્રશથી કે કપડાના કકડાથી વાસણ ઘસીને સાફ કરી નાખવું.

મશ્કરો—(હજામને) તેં કોઇ વાર વાંદરાની હજામત કરી છે?

હજામ—ના સાહેબ, પ...ણ તમે બેસો તો હું પ્રયત્ન કરી જોઉં!

જોડણીની સામાન્ય ભુલો

શિવાય	નહિ,	પણ	સિવાય.
દિક્ષા	નહિ,	પણ	દીક્ષા.
બિલકુલ	નહિ,	પણ	બીલકુલ.
અદ્રશ્ય	નહિ,	પણ	અદૃશ્ય.
નીડર	નહિ,	પણ	નિડર.



ધુમાડો લાગવાથી ફાનસનો પોટો તરત કાળો ન પડી જાય, એટલા માટે વાટની વચ્ચોવચ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક ખાંચો પાડવો. આથી ધુમાડો ઉંચે ચડી શકશે નહિ ને પોટો કાળો પડી જતો અટકશે.



હિંદમાં જાહેર પ્રજા માટે પહેલવહેલી પોસ્ટ ઑફિસ સને ૧૮૩૭માં ઉઘડી હતી. તે વખતે ટિકિટો વપરાતી નહોતી, પરંતુ ટપાલખર્ચ આગળથી જ રોકડું ચુકવી દેવામાં આવતું. ટપાલખર્ચ અંતરને હિસાબે ઓછુંવત્તું લેવાતું. મુંબાઇથી કલકત્તે કાગળ મોકલવાનો દર તોલાદીઠ એક રૂપિયો હતો. ટપાલની ટિકિટોની રૂઢિ ૧૮૫૪થી શરૂ થઈ.

ગમે તેવી રીતે સીડી મુકવાથી ઘણી વાર અકસ્માત થાય છે. સીડી મુકવા માટે સૌથી વધુ સલામતીભર્યો ખુણો ૭૫ ડીગ્રીનો છે. દીવાલથી તેની લંબાઇના ચોથા ભાગ જેટલે છેટે સીડી મુકવાથી આ ખુણો એની મેળે જ આવી જશે. આથી સીડી ખસી જતી નથી, તેના ઉપર વધારે ભાર આવતો નથી ને વળી ચડવાનું બહુ સહેલું પડે છે.

ઉંઘમાંથી જાગ્યા પછી પથારીમાંથી એકદમ કુદકો મારીને બેઠા થવાથી હૃદય ઉપર ખરાબ અસર થાય છે.

ખુબ વપરાશને લીધે પોલાદને પણ થાક ચડે છે, અને જેમ માણસ હૃદય બંધ થવાથી મરણ પામે છે તેમ એ પોલાદની વસ્તુ પણ ભાંગી પડે છે.

અમેરિકાનો પહેલો શોધક કોલંબસ નહિ પણ ૪૦૦ વર્ષ પહેલાં બે ચીના સાધુઓ હતા એવી શોધ ચીનમાં થઇ છે.